# સરદાર વલ્લભભાઈ પટેલ

## હસ્તલિખિત અંક

૧૫૦
મી
જન્મજયંતિ



કૉલેજ ઑફ એજ્યુકેશન, ખરોડ

શૈક્ષણિક વર્ષ- 2025-26

Scanned with CamScanner

"માનવીની ઓળખ તેના કપડાંથી નહિ,
પણ તેના કામથી થવી જોઈએ."
– સરદાર વલ્લભભાઈ પટેલ

## હસ્ત લિખિત અંક

# સરદાર વલ્લભભાઈ પટેલ




શૈક્ષણિક વર્ષ : 2025-26

## કોલેજ ઓફ એજ્યુકેશન
## ખરોડ

Scanned with CamScanner

# પ્રસ્તાવના

"રાષ્ટ્રની એકતા, અખંડિતતા અને સ્વાભિમાન માટે પોતાનું સમગ્ર જીવન સમર્પિત કરનાર લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતી" નિમિત્તે આ હસ્તલિખિત અંક તૈયાર કરતાં અમને ગૌરવ અને આનંદની લાગણી થાય છે.

ગુજરાત સરકારના પરિપત્રના અનુસંધાનમાં સરદાર વલ્લભભાઈ પટેલના જીવન, રાષ્ટ્રસેવા, સ્વાતંત્ર્ય સંગ્રામમાં તેમના અમૂલ્ય યોગદાન તથા રાષ્ટ્રની એકતા અને અખંડિતતા માટે તેમણે કરેલા ઐતિહાસિક કાર્યોને વિદ્યાર્થીઓ સુધી પહોંચાડવાના હેતુથી આ હસ્તલિખિત અંકનું આયોજન કરવામાં આવ્યું છે.

શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન એસ.વાય.બી.એડના વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરવામાં આવેલ આ અંકનો મુખ્ય ઉદ્દેશ માત્ર સરદાર પટેલના જીવનચરિત્રનું વાંચન કરવાનો નથી, પરંતુ તેમના વિચારો અને કાર્યોને વાંચવા, વિચારવા અને સમજવાનો છે. સ્વાતંત્ર્ય સંગ્રામમાં તેમની અડગ રાષ્ટ્રભક્તિ, નિર્ભય નેતૃત્વ, સત્ય અને કર્તવ્ય-નિષ્ઠા તથા દેશના એકીકરણ માટેની મહાત્મા ગાંધીજીના માર્ગદર્શન હેઠળ અનેક આંદોલનોમાં સક્રિય ભાગ લીધો હતો. ખેડા સત્યાગ્રહ, બારડોલી સત્યાગ્રહ જેવા સંઘર્ષોમાં તેમના નેતૃત્વે જનશક્તિને સંગઠિત કરી હતી. સ્વાતંત્ર્ય પછી દેશી રજવાડાંઓના એકીકરણનું મહાન કાર્ય કરીને તેમણે ભારતને એક રાષ્ટ્ર તરીકે મજબૂત બનાવવામાં

Stationery

Scanned with CamScanner

ઐતિહાસિક ભૂમિકા ભજવી હતી.

આ હસ્તલિખિત અંકમાં વિદ્યાર્થીઓએ સરદાર પટેલના જીવન અને રાષ્ટ્રપ્રેમને વિવિધ લેખો, પ્રસંગો, વિચારો દ્વારા રજૂ કરવાનો પ્રયત્ન કર્યો છે. આ પ્રવૃત્તિ દ્વારા વિદ્યાર્થીઓમાં વાંચન, લેખન, ચિંતન તથા રાષ્ટ્રીય એકતાની ભાવના વિકસે તેવો અમારો આશય છે.

સરદાર પટેલનું જીવન આપણને શીખવે છે કે દૃઢ સંકલ્પ, શિસ્ત, એકતા અને રાષ્ટ્રહિત પ્રત્યેની નિષ્ઠા દ્વારા અશક્ય લાગતાં કાર્યો પણ શક્ય બને છે. તેમના આદર્શો ભાવિ શિક્ષકો માટે વિશેષ પ્રેરણાદાયી છે, કારણ કે શિક્ષક માત્ર જ્ઞાન આપનાર નથી, પરંતુ જવાબદાર, સંવેદનશીલ અને રાષ્ટ્રપ્રેમી નાગરિકોના ઘડતરનો શિલ્પી છે. તેમના રાષ્ટ્રનિર્માણના વિચારોને જીવનમાં ઉતારવાની પ્રેરણા આપે- એ જ આ પ્રયત્નની સાચી સફળતા ગણાશે.

“એકતા, અખંડિતતા અને રાષ્ટ્રસેવાની ભાવનાને જીવનમાં ઉતારીએ - એ જ સરદારને સાચી શ્રદ્ધાંજલિ”

આ અંકના નિર્માણમાં ઉત્સાહપૂર્વક સહભાગી બનેલા એસ.વાય.બી.એડ.ના તમામ વિદ્યાર્થીઓને માર્ગદર્શન અને પ્રોત્સાહન આપનાર આચાર્યશ્રી તથા અધ્યાપકમિત્રોનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરીએ છીએ.

તા. ૦૫/૦૧/૨૬
[illegible]

[illegible] રાઠવા
(આચાર્ય)

Stationery

Scanned with CamScanner

# ફાઉંડિંગ ફાધર . . . .

આપણે બધા જાણીએ છીએ કે આ ભારતની ધરતી પર અનેક મહાન પુરુષોએ જન્મ લીધો છે જેઓ આપણને જીવન અને જ્ઞાન પ્રદાન કર્યા છે. જરૂરતના વખતમાં... ની વાત આપણી મહાન ભારતની ભૂમિ માટે અહોભાગ્ય, આપણે માટે છે. ભારતની પાવન ભૂમિ પર અનેક મહાનુભાવોએ અવતરીને, અમૂલ્ય પ્રદાન કરીને પોતાના જીવન અને કાર્યોની અમીટ છાપ અંકિત કરી છે. અહીંઓ સુધી એમના જીવન, કાર્યો અને પ્રદાનની અમૂલ્ય નોંધ લેવાતી રહેશે એ નિ:શંક છે અને આવા જ એક મહાન વિભૂતિ એટલે સરદાર વલ્લભભાઈ પટેલ.

સરદાર વલ્લભભાઈ પટેલનું નામ જોતા કે એનું નામ સાંભળતા જ આપણી આંખ સામે અને આપણા મનમસ્તિષ્કમાં એક સંપૂર્ણ વ્યક્તિત્વનું ચિત્ર રચાઈ જાય છે. એમનું વ્યક્તિત્વ અને એમનું જીવન દરેક ભારતીય નાગરિક માટે એક અમૂલ્ય પ્રેરણાસ્ત્રોત બન્યું છે... અને હંમેશા રહેશે.

ભારતના સ્વતંત્રતા સંગ્રામમાં સરદાર સાહેબે જે અગત્ય અને મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી એ સમગ્રપણે અવિસ્મરણીય હતી. બારડોલી સત્યાગ્રહ પછી લોક દ્વારા જ એમને સરદારનું બિરુદ પ્રાપ્ત થયું હતું. મહાત્મા ગાંધીજી, જવાહરલાલ નેહરુ, મૌલાના અબુલકલામ આઝાદ, વિનોબા ભાવે.... જેવા અનેક મહાન નેતાઓ સાથે રહીને રાષ્ટ્રીય ચિંતન કરીને સરદાર વલ્લભભાઈ પટેલે કરેલું પ્રદાન ઈતિહાસના પાનાંઓ પર હંમેશા સુવર્ણ અક્ષરે પ્રતિબિંબિત થતું રહેશે.

નવી પેઢી સરદારસાહેબના જીવન અને એમના કાર્યોથી સુપેરે પરિચિત થાય અને એમાંથી પ્રેરણા મેળવે એ અતિ આવશ્યક છે. એમાંય આ આજે શિક્ષિત, પાટીદારો તો વિશેષ અપેક્ષાઓ રહે છે. આ પરિપ્રેક્ષ્યમાં શ્રી સાંકળચંદ જોગેશ્વર એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત કોલેજ ઓફ એજ્યુકેશન

Stattionery

ખરોડના શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ ના વર્ષમાં શિક્ષક પર્વના અભ્યાસ કરતાં તાલીમાર્થીઓને સાંકળીને એક હસ્તલિખિત અંક તૈયાર કરવાનો નિર્ણય લેવામાં આવ્યો.... અને એનું સ્વરૂપ એટલે આપણા કરકમળો સુધી પહોંચેલ પુસ્તક હસ્તલિખિત અંક. આ અંકમાં સરદાર વલ્લભભાઈ પટેલ અંગે સંસ્થાના વિવિધ પાસાંઓને આવરી લેવાના સ્તુત્ય પ્રયાસ કોલેજના તાલીમાર્થીઓ દ્વારા કરવામાં આવ્યો છે કે જેના આ પ્રશંસનીય પ્રયાસને હૃદયપૂર્વક આવકારું છું અને એમને હાર્દિક અભિનંદન પાઠવું છું. આ અંક તૈયાર કરવામાં - સંકલન કરવામાં જેમણે મુખ્ય ભૂમિકા ભજવી છે એવા કોલેજના પ્રાધ્યાપકને પણ અભિનંદન પાઠવું છું.

સરદાર વલ્લભભાઈ પટેલ વિશેનો પ્રસ્તુત હસ્તલિખિત અંક વિવિધ પહેલુઓને વિવિધ રીતે ઉપયોગી પુરવાર થશે એવી મને પૂર્ણ શ્રદ્ધા છે.

ઈન્ચાર્જ આચાર્ય

તા. ૫/૯/૨૦૨૬
ખરોડ

COLLEGE OF EDUCATION KHAROD Code 32 (DP)

I/C Principal
College of Education
Kharod, Ta. Ankleshwar

Stationery

સરદાર પટેલ સાહેબનું જીવન એટલે અડગ મનોબળ, લોખંડી ઈચ્છાશક્તિ અને રાષ્ટ્રસેવાસ્વરૂપ અદ્ભુત સમન્વય. પ્રસ્તુત હસ્તલિખિત અંક દ્વારા પ્રશિક્ષણાર્થીઓએ સરદાર પટેલનાં પ્રેરણાદાયી પ્રસંગો અને અખંડ ભારતનાં નિર્માણમાં આપેલા અમૂલ્ય યોગદાનને સુંદર રીતે ઉજાગર કર્યું છે. બારડોલી સત્યાગ્રહની દૃઢતા અને રજવાડાઓના વિલીનીકરણનું ભગીરથ કાર્ય આપણને વિકટ પરિસ્થિતિમાં પણ સાચી નીતિ અને મજબૂત ઇરાદા સાથે આગળ વધવાની પ્રેરણા આપે છે. આ હસ્તલિખિત અંક માત્ર સાહિત્યિક કૃતિ નથી, પરંતુ સરદાર પટેલ સાહેબના આદર્શો અને રાષ્ટ્ર પ્રેમની ભાવનાનો જીવતો-જાગતો દસ્તાવેજ છે. યુવાનોમાં અનુશાસન અને રાષ્ટ્રભક્તિ જગાડતો આ સુંદર પ્રયાસ ખરેખર પ્રશંસનીય છે. વળી, આ હસ્તલિખિત અંક માત્ર કોલેજ પરિવાર માટે જ નહિ પરંતુ વાંચનાર પ્રત્યેક વ્યક્તિ માટે પ્રેરણાનો અખૂટ સ્ત્રોત બની રહેશે તેવી મને પૂરી શ્રદ્ધા છે. આવી રચનાત્મક પ્રવૃત્તિ દ્વારા દેશનાં મહાપુરુષોનાં વિચારોને ઘરે-ઘરે પહોંચાડતા રહો એવી હાર્દિક શુભકામનાઓ.

— ડૉ. પારુલ બી. દંડેજ
આસિસ્ટન્ટ પ્રોફેસર (COEK)

સરદાર વલ્લભભાઈ પટેલના મતે શિક્ષણ એ માત્ર પુસ્તકીયું જ્ઞાન મેળવવાનું સાધન નથી, પરંતુ તે દેશના યુવાનોમાં ચારિત્ર્ય નિર્માણ, શિસ્ત અને દેશભક્તિનું સિંચન કરતી જીવંત પ્રક્રિયા છે. તેઓ એવા વ્યવહારુ શિક્ષણના પુરસ્કર્તા હતા જે વિદ્યાર્થીઓને માત્ર નોકરી વાંચ્છુક બનાવવાને બદલે સ્વાવલંબી અને આત્મનિર્ભર બનાવે. સરદાર સાહેબનું સ્પષ્ટ માનવું હતું કે જે શિક્ષણ માનવીને માતૃભૂમિની સેવા કરવા માટે પ્રેરિત ન કરે તે અધૂરું છે. આપણી નૈતિક ફરજ છે કે આપણે સરદાર સાહેબના આ રાષ્ટ્રનિર્માણ અને વ્યવહારુ વિચારોને યુવા પેઢીના જીવનમાં સાચા અર્થે ચરિતાર્થ કરીએ. હસ્તલિખિત અંકના માધ્યમથી

— ડૉ. ઉર્મી પટેલ. આસિસ્ટન્ટ પ્રોફેસર, કોલેજ ઓફ એજ્યુકેશન, ખરોડ.

Stationery

Scanned with CamScanner

# અનુક્રમણિકા


| ક્રમ | વિગત | વિદ્યાર્થીના નામ (રોલ નં.) | પાના નં. |
|---|---|---|---|
| 1> | ભારતના એકીકરણના શિલ્પી | શેખ રુક્શાબીબી (15) | 01 |
| 2> | ભારતના એકીકરણના શિલ્પી | શેખ નિશાદ (14) | 04 |
| 3> | સરદાર પટેલ અને ગ્રામવિકાસ | પઢિયાર વિરલભાઈ (27) | 07 |
| 4> | સરદાર પટેલનો શિક્ષણ પ્રત્યેનો દૃષ્ટિકોણ | ડુમરાળિયા મેહુલબેન (01) | 11 |
| 5> | એક ભારત, શ્રેષ્ઠ ભારત અને સરદાર પટેલ | વસાવા સેમબેન (37) | 15 |
| 6> | સરદાર પટેલ અને દેશપ્રેમ | વસાવા સુરેખાબેન (39) | 17 |
| 7> | સરદાર પટેલનુ સાદુ જીવન અને ઉચ્ચ વિચાર | ભાલિયા પ્રભાબેન (43) | 19 |
| 8> | સરદાર પટેલ અને ભારતીય લોકશાહી | વસાવા જિગીશાબેન (34) | 22 |
| 9> | રાષ્ટ્રીય એકતા અને સરદાર પટેલ | ભગત રંજીબેન (24) | 24 |
| 10> | ખેડા સત્યાગ્રહમાં સરદાર પટેલનું યોગદાન | રાઠવા દિવ્યાકુમારી (13) | 28 |
| 11> | ખેડા સત્યાગ્રહમાં સરદાર પટેલની ભૂમિકા | પટેલ રિદ્ધિબેન (47) | 31 |
| 12> | સરદાર પટેલનું સાદુ જીવન અને ઉચ્ચ વિચાર | આરફ સાદિયાબીબી (42) | 35 |
| 13> | સરદાર પટેલ અને ગ્રામ વિકાસ | પટેલ ફાલ્ગુની એચ. (28) | 39 |
| 14> | સરદાર પટેલ અને ભારતીય લોકશાહી | મકવાણા કરણ બી. (03) | 45 |
| 15> | સરદાર પટેલ અને ભારતીય લોકશાહી | વસાવા જિગીશાબેન (34) | 46 |
| 16> | લોહપુરુષ તરીકે સરદાર પટેલ | રાઠોડ દિવ્યાની એસ. (08) | 48 |


Stationery

Scanned with CamScanner

| ક્રમ | વિગત | વિદ્યાર્થીના નામ (રોલ નં.) | પાના નંબર |
|---|---|---|---|
| 17) | સરદાર પટેલના વિચારો અને સુવિચારો | પટેલ હિવિશાબેન બી. (04) | 51 |
| 18) | સરદાર પટેલ અને મહાત્મા ગાંધી | વસાવા વૈશાલી એસ. (19) | 55 |
| 19) | સરદાર પટેલનુ શિક્ષણ પ્રત્યેના દૃષ્ટિકોણ | ઘાંચી શબાના (44) | 57 |
| 20) | રાષ્ટ્રીય એકતા દિનનુ મહત્ત્વ | કાઝી ઇબ્રાહીમ (12) | 59 |
| 21) | બારડોલી સત્યાગ્રહ અને સરદાર પટેલ | પટેલ ઉર્વશીબેન એ. (10) | 62 |
| 22) | બારડોલી સત્યાગ્રહ અને સરદાર પટેલ | વસાવા ખુશ્બુબેન (11) | 65 |
| 23) | આજના યુવાનો માટે સરદાર પટેલની પ્રેરણા | કાયદા આશિયાબેન (25) | 68 |
| 24) | સરદાર વલ્લભભાઈ અને ગાંધી | ટંડેલ પ્રજ્ઞાબેન (20) | 72 |
| 25) | સરદાર પટેલ અને દેશપ્રેમ | પ્રજાપતિ ધૃતિકાબેન બી (30) | 78 |
| 26) | સ્વાતંત્ર્ય સંગ્રામમાં સરદાર પટેલનું યોગદાન | શેખ સાહિલ નઇમ (16) | 82 |
| 27) | Statue of Unity : ગૌરવનુ પ્રતિક | વસાવા કૃષ્ણાબેન આર. (35) | 84 |
| 28) | સરદાર પ્રત્યેનુ શિક્ષણ પ્રત્યેનુ દૃષ્ટિકોણ | શેખ ફાતીમાબીબી (50) | 86 |
| 29) | સરદાર પટેલ અને ગ્રામ વિકાસ | વસાવા વૈશાલી (40) | 89 |
| 30) | સરદારનો શિક્ષણ પ્રત્યેનો દૃષ્ટિકોણ | વસાવા એકતા (51) | 91 |
| 31) | સરદાર પટેલ ભારતીય લોકશાહી | વસાવા હર્ષદીબેન (33) | 97 |
| 32) | સરદાર પટેલ ભારતીય લોકશાહી | પ્રજાપતિ દામિની (53) | 99 |
| 33) | Statue of Unity : ગૌરવનુ પ્રતિક | વસાવા મીનાબેન (36) | 102 |
| 34) | ભારતના એકીકરણ શિલ્પી | વસાવા રોશનીબેન (09) | 105 |
| 35) | આજના યુવાનો માટે સરદારની પ્રેરણા | પટેલ સાહિલ વી. | 107 |


Stationery

Scanned with CamScanner

# ભારતના એકીકરણના શિલ્પી
## "સરદાર વલ્લભભાઈ પટેલ"

રોમ રમજાભાભી
રોલ નંબર:૧૫

"દિલમાં ખુમારી અને આંખોમાં ખુદારી રાખે છે,
જે માતૃભૂમિની રક્ષા કાજે જીવન આપ્યું આપે છે.
રજવાડાઓને એક તાંતણે બાંધી આપ્યા જેણે,
ઇતિહાસ એવા 'સરદાર'ને વંદન વારંવાર કરે છે!

→ અખંડ ભારતના શિલ્પી: સરદાર વલ્લભભાઈ પટેલ

સરદાર વલ્લભભાઈ પટેલ એટલે માત્ર એક નામ નથી, પણ એક જીવંત ક્રાંતિ, દેશદાઝ અને અદમ્ય ઇચ્છાશક્તિનું પ્રતીક. 15 ઓગસ્ટ 1947 ના રોજ જ્યારે આપણો દેશ અંગ્રેજોની ગુલામીમાંથી આઝાદ થયો, ત્યારે દેશ સામે સૌથી વિકટ અને જટિલ પડકાર 562 જેટલા નાના મોટા રજવાડાઓમાં વહેંચાયેલા ભારતને એક કરવાનો હતો. આ ગોરાઓ એવી બોમ્બ ફેંકીને ગયા હતા જેથી દેશના સો ટુકડા થઇ ગયા. પરં આ અશક્ય લાગતા કાર્યને શક્ય બનાવવાનું બીડું ઝડપ્યું ગુજરાતના આ વીર સપૂતે.

પોતાના મક્કમ મનોબળ, મુત્સદ્દીગીરી અને રાષ્ટ્રપ્રેમના બળે તેમણે તમામ રજવાડાઓને એક તાંતણે પરોવીને અખંડ ભારતનું નિર્માણ કર્યું. સાબરમતીના સંત મહાત્મા ગાંધીજી જો દેશનો આત્મા હતા, તો સરદાર પટેલ તે આત્માનું કવચ અને મજબૂત અસ્તિત્વ હતા.



Scanned with CamScanner

"ઝૂકયા નથી ક્યારેય, ન ઝૂકતા શીખ્યા છે,
દેશની એકતા કાજે એ તો લોખંડ બનીને જવ્યા છે."

## -> બારડોલીથી રાષ્ટ્ર નિર્માણ સુધીની અમર સફર

બારડોલી સત્યાગ્રહમાં ખેડૂતોના હક માટે લડીને ત્યાંની મહિલાઓ પાસેથી 'સરદાર'નું બિરુદ મેળવનાર વલ્લભભાઈએ આગળ જતાં દેશના પ્રથમ ઉપપ્રધાનમંત્રી અને ગૃહમંત્રી તરીકે સેવા આપી. આજે નર્મદાના કાંઠે નિર્માણ પામેલી સૌથી ઊંચી પ્રતિમા 'સ્ટેચ્યુ ઓફ યુનિટી' તેમના એ જ વિરાટ વ્યક્તિત્વ અને અમર કાર્યોની સાક્ષી પૂરે છે. ગુજરાતના નડિયાદમાં જન્મેલા વલ્લભભાઈ બેરિસ્ટર બનીને આરામદાયક જીવન જીવી શકતા હતા, પરંતુ તેમણે દેશસેવાનો કઠિન માર્ગ પસંદ કર્યો. બારડોલી સત્યાગ્રહમાં ખેડૂતોના હક માટે લડીને અંગ્રેજ હકુમતને ઝૂકવા મજબૂર કરી દીધી. આ સત્યાગ્રહની સફળતા બાદ ત્યાંની બહેનો અને ખેડૂતોએ તેમને પ્રેમથી "સરદાર"નું બિરુદ આપ્યું.

આઝાદી પછી દેશના પ્રથમ ઉપપ્રધાનમંત્રી અને ગૃહમંત્રી તરીકે તેમણે જે કૂટનીતિ દાખવી તે અદ્ભુત હતી:

o **જૂનાગઢ અને હૈદરાબાદનો ઉકેલ:**

જૂનાગઢ અને હૈદરાબાદ જેવા રજવાડાઓ જ્યારે ભારતમાં જોડાવા તૈયાર ન હતા, ત્યારે સરદાર સાહેબે પોતાની લોખંડી નિર્ણયશક્તિ અને સૈન્ય કાર્યવાહી (ઓપરેશન પોલો) દ્વારા તેમને ભારતનો અવિભાજ્ય અંગ બનાવ્યા

o **સિવિલ સર્વિસીસના પાયાના પથ્થર:**

દેશનું પ્રશાસન મજબૂત રહે તે માટે આજના IAS



Scanned with CamScanner

અને **IPS** (સિવિલ સર્વિસીસ)નું માળખું ઘડવાનું શ્રેય સરદાર સાહેબને જાય છે, જેને તેમણે "**સ્ટીલ ફ્રેમ ઓફ ઇન્ડિયા**" કહ્યું હતું.

> "રણહાંકાર જેની સાંભળી દુશ્મન પણ થરથરે,
> એવા લોખંડી પુરુષના ચરણોમાં શીર કાયમ નમે!

## યુગો યુગો સુધી અમર રહેશે સરદારનો વારસો

સરદાર પટેલ માત્ર એક રાજનેતા નહોતા, પણ ભારતની એકતા અને અખંડિતતાના અમર શિલ્પી હતા. જો સરદાર સાહેબના હોત તો આજે આપણે એક દેશમાંથી બીજા દેશમાં જવા માટે પાસપોર્ટ લેવો પડતો હોત.

તેમના આ વિરાટ યોગદાન અને અદમ્ય વ્યક્તિત્વને શ્રદ્ધાંજલિ આપવા માટે ગુજરાતમાં નર્મદા નદીના કિનારે **182 મીટર** ઊંચી "સ્ટેચ્યુ ઓફ યુનિટી"નું નિર્માણ કરવામાં આવ્યું છે, જે વિશ્વની સૌથી ઊંચી પ્રતીમા છે. આ પ્રતીમા સમગ્ર વિશ્વને સંદેશ આપે છે કે ભારત હંમેશા એક હતું, એક છે અને એક રહેશે.

> "જ્યાં સુધી સૂરજ-ચંદ્ર રહેશે આ આકાશમાં,
> સરદાર તમારું નામ અમર રહેશે આ ભારતમાં!"



Scanned with CamScanner

# ભારતના એકીકરણના શિલ્પી

નિશાદ શેખ
રોલ નં: 14

"એકતા વિના જનશક્તિ એ શક્તિ નથી; તે વિખરાયેલી શક્તિ છે."

ભારતનો ઈતિહાસ માત્ર સંઘર્ષ અને સ્વતંત્રતાની ગાથા નથી, પરંતુ તે એકતાની પણ ગાથા છે. 15 ઓગસ્ટ, 1947 ના રોજ ભારત સ્વતંત્ર થયું ત્યારે દેશ સામે એક મોટો પડકાર હતો - ભારતને એક રાષ્ટ્ર તરીકે એકસૂત્રમાં બાંધવાનો. અંગ્રેજો ભારત છોડીને ગયા ત્યારે દેશમાં 500થી વધુ રજવાડાં હતા. આ રજવાડાઓ અલગ-અલગ શાસકોના હાથમાં હતા. આ રજવાડાંઓ અને તેમના ભવિષ્ય અંગે અનિશ્ચિતતા હતી. જો આ રજવાડાંઓ અલગ રહેતા, તો ભારતનું રાજકીય અને ભૌગોલિક એકીકરણ ખૂબ મુશ્કેલ બની શક્યું હોત. આવી કઠિન પરિસ્થિતિમાં ભારતને એકતાના તાંતણે બાંધવાનું ઐતિહાસિક કાર્ય સરદાર વલ્લભભાઈ પટેલે પોતાના ખભા પર લીધું.

સરદાર પટેલનો જન્મ 31 ઓક્ટોબર, 1875 ના રોજ ગુજરાતના નડિયાદમાં થયો હતો. તેઓ વ્યવસાયે વકીલ હતા, પરંતુ દેશની પરિસ્થિતિએ તેમને રાષ્ટ્રસેવાના માર્ગે દોરી ગયા. મહાત્મા ગાંધીના વિચારોના પ્રભાવ હેઠળ તેઓ સ્વાતંત્ર્ય આંદોલનમાં જોડાયા અને ખેડા તથા બારડોલીના સત્યાગ્રહમાં તેમના અદ્ભુત નેતૃત્વથી પ્રભાવિત થઈને લોકો એ તેમને "સરદાર" નું બિરુદ આપ્યું. તેમનું વ્યક્તિત્વ દૃઢતા, શિસ્ત, વ્યવહારુ બુદ્ધિ અને રાષ્ટ્રપ્રેમથી ભરેલું હતું. આ ગુણો જ આગળ જઈને ભારતના એકીકરણમાં તેમની સૌથી મોટી શક્તિ બન્યા.

Prabhat Stationery

Scanned with CamScanner

સ્વાતંત્ર્ય પછી સરદાર પટેલે ભારતના રજવાડાઓને ભારતીય સંઘમાં જોડવાનું કાર્ય હાથ ધર્યું. તે સમયે તેઓ ગૃહમંત્રી અને રાજ્યો વિભાગના પ્રભારી હતા. તેમના સહયોગી વી.પી. મેનને પણ આ કાર્યોમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી. સરદાર પટેલે શરૂઆતમાં રાજાઓ અને નવાબોને સમજાવટ, ચર્ચા અને રાજદ્વારી કુશળતાથી ભારત સાથે જોડાવા પ્રેર્યા. Instrument of Accession દ્વારા રજવાડાંઓને ભારતીય સંઘ સાથે જોડવાની પ્રક્રિયા આગળ વધી. સરદાર પટેલ જાણતા હતા કે આ કાર્ય માત્ર બળથી પૂર્ણ થઈ શકે તેમ નથી; તેના માટે વિશ્વાસ, સમજદારી અને દૃઢ નિર્ણય ની જરૂર હતી.

"મજબૂત ભારત માટે એકતા અને
અખંડિતતા સૌથી જરૂરી છે."

ભારતના એકીકરણની પ્રક્રિયામાં જૂનાગઢનો પ્રશ્ન ખૂબ મહત્ત્વનો હતો. જૂનાગઢના નવાબે પાકિસ્તાન સાથે જોડાવાનો નિર્ણય લીધો હતો જ્યારે ત્યાંની મોટાભાગની પ્રજા ભારત સાથે જોડાવા ઇચ્છતી હતી. સરદાર પટેલે આ પ્રશ્નને દૃઢતાથી ઉકેલ્યો અને અંતે લોકમત દ્વારા જૂનાગઢ ભારતનો ભાગ બન્યું. હૈદરાબાદના નિઝામે સ્વતંત્ર રહેવાનો પ્રયત્ન કર્યો હતો. ચર્ચા અને સમજાવટના પ્રયાસો નિષ્ફળ ગયા પછી સપ્ટેમ્બર 1948 માં "ઓપરેશન પોલો" દ્વારા હૈદરાબાદનું ભારતમાં વિલીનીકરણ થયું. આ ઘટનાઓએ ભારતની એકતા અને અખંડિતતાને વધુ મજબૂત બનાવી.

જમ્મુ અને કાશ્મીર નું ભારત સાથેનું જોડાણ પણ સ્વતંત્રતા પછીની મહત્ત્વપૂર્ણ ઘટના હતી. 1947 માં પાકિસ્તાન તરફથી થયેલા હુમલા બાદ મહારાજા હરિસિંહે ભારત પાસે મદદ માંગી અને Instrument of Accession પર હસ્તાક્ષર કરીને જમ્મુ અને કાશ્મીર ભારત સાથે જોડાયું. આ સમગ્ર સમયગાળામાં દેશની સુરક્ષા અને એકતાને સૌથી



Scanned with CamScanner

વધુ મહત્ત્વ આપવામાં આવ્યું.

સરદાર પટેલની વિશેષતા એ હતી કે તેઓ માત્ર નેતા તરીકે વિચારતા નહોતા પરંતુ સમગ્ર દેશના ભવિષ્યને ધ્યાનમાં રાખીને નિર્ણય લેતા હતા. તેમના માટે ભારત માત્ર નકશા પર નો પ્રદેશ નહોતો, ભારત એટલે વિવિધ ભાષાઓ, સંસ્કૃતિઓ, પરંપરાઓ અને લોકોનું એક વિશાળ પરિવાર. તેમણે સમજ્યું હતું કે રાજ્યોને જોડવા જેટલું જ જરૂરી છે લોકોને એકતાની ભાવનાથી જોડવાનું.

મને સરદાર પટેલના જીવનની સૌથી પ્રેરણાદાયક વાત એ લાગે છે કે તેમણે મુશ્કેલ પરિસ્થિતિને પડકાર તરીકે સ્વીકારી અને પોતાના દૃઢ મનોબળથી ભારત ને એકતાના માર્ગે આગળ વધાર્યું. આજે આપણે ભારત ના નકશાને એકસાથે જોઈએ છીએ ત્યારે કદાચ આપણને તેનો પાછળ રહેલો સંઘર્ષ દેખાતો નથી પરંતુ આ એકતા પાછળ પટેલની દૂરંદેશી, મહેનત અને રાષ્ટ્રપ્રેમનો મોટો ફાળો છે.

"વિવિધતામાં એકતા એ ભારતની સૌથી મોટી શક્તિ છે."

"સરદાર પટેલે માત્ર રજવાડાઓને જોડયાં ન હોતાં, તેમણે એક રાષ્ટ્રના સપનાને આકાર કર્યું હતું."



Scanned with CamScanner

# સરદાર પટેલ અને ગ્રામ વિકાસ

પઢિયાર વિરલભાઈ ભાઈલાલભાઈ
રોલ નં.: 27

"ગામડાં મજબૂત બનશે, તો જ ભારત મજબૂત બનશે."

ભારતની આત્મા ગામડાંમાં વસે છે - આ વિચાર માત્ર એક કહેવત નથી, પરંતુ ભારતના વિકાસનું મૂળ તત્ત્વ છે. ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામ અને રાષ્ટ્રનિર્માણમાં અદ્વિતીય યોગદાન આપનાર 'સરદાર વલ્લભભાઈ પટેલની દ્રષ્ટિમાં પણ અદ્વિતીય યોગદાન ગ્રામજીવનનું વિશેષ સ્થાન હતું. તેઓ માનતા હતા કે દેશની સાચી પ્રગતિ ત્યારે જ શક્ય બને, જ્યારે ખેડૂત, શ્રમિક અને ગામડાનો સામાન્ય માણસ આત્મનિર્ભર, સંગઠિત અને સશક્ત બને.

## બારડોલી સત્યાગ્રહ: ગ્રામશક્તિનું ઉત્તમ ઉદાહરણ

બારડોલી સત્યાગ્રહ માત્ર કરવેરા સામેનું આંદોલન નહોતું; તે ગ્રામજનોની એકતા, સંગઠન અને આત્મવિશ્વાસનું પ્રતીક હતું. સરદાર પટેલ ખેડૂતોને સમજાવ્યું કે મુશ્કેલી સામે એકલા લડવાને બદલે સંગઠિત થઈને, શિસ્ત અને અહિંસાના માર્ગે આગળ વધવું જોઈએ.

આ ઘટનામાંથી આપણને ગ્રામ વિકાસનો એક મહત્ત્વનો પાઠ મળે છે. - ગામનો વિકાસ માત્ર સરકારની યોજનાઓથી નહીં, પરંતુ ગ્રામજનોની ભાગીદારી, એકતા અને જવાબદારીથી પણ થાય છે.

Stationery

Scanned with CamScanner

## શિક્ષણ: ગ્રામવિકાસનો પાયો

ગામડાંનો કાયમી વિકાસ શિક્ષણ વિના શક્ય નથી. શિક્ષણ વ્યક્તિને માત્ર રોજગાર માટે તૈયાર કરતું નથી, પરંતુ તેને પોતાના અધિકારો અને ફરજો વિશે જાગૃત બનાવે છે.

સરદાર પટેલના રાષ્ટ્રનિર્માણના વિચારોને આગળ વધારવા માટે ગ્રામ્ય બાળકો અને યુવાનોને ગુણવત્તાયુક્ત શિક્ષણ, ટેક્નોલૉજી અને કૌશલ્ય સાથે જોડવા જરૂરી છે. આજનું શિક્ષિત ગ્રામ્યયુવા વર્ગ ખેતીમાં નવી પ્રકૃતિઓ અપનાવી શકે છે, નાના ઉદ્યોગો શરૂ કરી શકે છે અને ગામની સમસ્યાઓના સ્થાનિક ઉકેલો શોધી શકે છે.

## મહિલા સશક્તિકરણ અને ગ્રામવિકાસ

ગ્રામ વિકાસમાં મહિલાઓની ભૂમિકા અત્યંત મહત્ત્વપૂર્ણ છે. ગામની મહિલા પરિવાર, ખેતી, પશુપાલન અને સામાજિક જીવનમાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપે છે. જો તેને શિક્ષણ, કૌશલ્ય, નાણાકીય જ્ઞાન, અને સ્વરોજગારની તકો મળે, તો આખા પરિવારની આર્થિક સ્થિતિ સુધરી શકે છે.

આથી ગ્રામ વિકાસનો અર્થ માત્ર રસ્તા અને મકાનો બનાવવાનો નથી; માનવશક્તિનો વિકાસ કરવો એ ગ્રામ વિકાસનું સાચું માપદંડ છે.

## આજના યુવાનો માટે સરદાર પટેલનો સંદેશ

આજનો યુવાન ટેક્નોલૉજી અને જ્ઞાનથી સમૃદ્ધ છે. જો આ શક્તિનો ઉપયોગ ગામના વિકાસ માટે કરવામાં આવે, તો ગામડામાં નવી ક્રાંતિ આવી શકે છે.

## યુવાનો :

આધુનિક રીતી અપનાવી શકે,
ડિજિટલ સેવાઓનો ઉપયોગ કરી શકે,
સ્થાનિક ઉત્પાદનોનું ઓનલાઇન માર્કેટિંગ કરી શકે,
નાના ઉદ્યોગો શરૂ કરી શકે,
પર્યાવરણનું સંરક્ષણ કરી શકે,
ગામજનોમાં શિક્ષણ અને જાગૃતિ ફેલાવી શકે.

આ રીતે યુવાનો : મારો ગામ - મારો વિકાસની ભાવના સાથે આગળ વધે તો સરદાર પટેલનું મજબૂત ભારતનું સ્વપ્ન વધુ સશક્ત બની શકે.

## ગામવિકાસ અને રાષ્ટ્રવિકાસ·

ગામડાંમાં રસ્તા, શુદ્ધપાણી, વીજળી, શાળાઓ, આરોગ્ય કેન્દ્રો, રોજગાર અને ડિજિટલ સુવિધાઓ ઉપલબ્ધ થાય ત્યારે માત્ર ગામનો વિકાસ થતો નથી; સમગ્ર રાષ્ટ્રની અર્થવ્યવસ્થા મજબૂત બને છે.

આથી સરદાર પટેલની એકતા અને સંગઠનની ભાવના ને આધુનિક ગ્રામવિકાસ સાથે જોડવી એ આજની મોટી જરૂરિયાત છે.

## ઉપસંહાર

સરદાર વલ્લભભાઈ પટેલ માત્ર દેશના "લોહપુરુષ" નહોતા; તેઓ ખેડૂત અને સામાન્ય જનતાની શક્તિમાં વિશ્વાસ ધરાવતા રાષ્ટ્રનિર્માતા હતા. બારડોલીથી લઈને રાષ્ટ્રીય એકતા સુધીની તેમની યાત્રા આપણને શીખવે છે.

કે સંગઠિત જનશક્તિ કોઈપણ પડકારનો સામનો કરી શકે છે.

આજે ભારત ઝડપથી વિકાસ કરી રહ્યું છે પરંતુ આ વિકાસ ત્યારે જ સંપૂર્ણ ગણાશે જ્યારે શહેરોની સાથે ગામડાં પણ સમૃદ્ધ, શિક્ષિત, સ્વચ્છ, સ્વસ્થ, અને આત્મનિર્ભર બનશે.

સરદાર પટેલના વિચારોને યાદ કરવાનો શ્રેષ્ઠ માર્ગ માત્ર તેમની પ્રતિમાને નમન કરવો નથી, પરંતુ ગામડાંના વિકાસમાં પોતાનું યોગદાન આપવું છે.

"મજબૂત ગામડાં - સશક્ત સમાજ - વિકસિત ભારત"

> "ગામનો વિકાસ એ માત્ર ગામનો વિકાસ નથી; તે ભારતના ભવિષ્યનું નિર્માણ છે."

"દૃઢ નિશ્ચય, સાહસ અને રાષ્ટ્રપ્રેમ એ સરદાર પટેલના વ્યક્તિત્વની ઓળખ હતી."



Scanned with CamScanner

# સરદાર પટેલનો શિક્ષણ પ્રત્યેનો દ્રષ્ટિકોણ

નામ : ડુમરાળીયા નેહલ આર.
રોલ નંબર : 01

સરદાર વલ્લભભાઈ પટેલનું નામ આવતા જ આપણી નજર સમક્ષ એક લોહપુરુષ, કુશળ રાજનીતિજ્ઞ અને અખંડ ભારતના શિલ્પીની છબી ખડી થઈ જાય છે. તેમણે માત્ર રાજકીય ક્ષેત્રે જ નહીં પરંતુ શિક્ષણ ક્ષેત્રે પણ ખૂબ જ દીર્ઘદ્રષ્ટિપૂર્ણ વિચારો આપ્યા છે. સરદાર સાહેબનું માનવું હતું કે કોઈપણ રાષ્ટ્રની સાચી પ્રગતિ અને મજબૂતી ગુણવત્તાસભર અને મૂલ્યનિષ્ઠ શિક્ષણ વગર અશક્ય છે. તેઓ શિક્ષણને માત્ર અક્ષરજ્ઞાન કે પદવી મેળવવાનું સાધન નહોતા માનતા, પરંતુ તેને વ્યક્તિના સર્વાંગી વિકાસ અને ચારિત્ર્ય નિર્માણનું માધ્યમ ગણતા હતાં.

સરદાર પટેલના શૈક્ષણિક દ્રષ્ટિકોણનું મુખ્ય પાસું વ્યવહારુ અને ઉપયોગી શિક્ષણ હતું. તેઓ એ વાત પર ભાર મૂકતા હતા કે શિક્ષણ એવું હોવું જોઈએ જે વિદ્યાર્થીઓને માત્ર પુસ્તકીય જ્ઞાન આપવા પૂરતું મર્યાદિત ન રહે પણ તેમને વાસ્તવિક જીવનની જરૂરિયાતો માટે તૈયાર કરે અને આત્મનિર્ભર બનાવે. આ ઉપરાંત તેમના મતે શિક્ષણનો સર્વોચ્ચ હેતુ વિદ્યાર્થીઓમાં રાષ્ટ્રપ્રેમ,

Stationery

Scanned with CamScanner

દેશભક્તિ અને ઉચ્ચ સંસ્કારોનું સિંચન કરવાની છે. તેઓ માનતા કે જે શિક્ષણ યુવાનોમાં નાગરિક ધર્મ અને રાષ્ટ્ર પ્રત્યેની જવાબદારીની ભાવના ન જગાવી શકે, તે સાચું શિક્ષણ નથી.

માતૃભાષાના સ્થાન વિશે સરદાર પટેલના વિચારો ખૂબ જ સ્પષ્ટ હતાં. તેઓ દ્રઢપણે માનતા હતા કે પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ માતૃભાષાના માધ્યમથી જ મળવું જોઈએ, જેથી બાળકની વિચારશક્તિ, કલ્પનાશક્તિ અને ગ્રહણશક્તિનો કુદરતી અને શ્રેષ્ઠ વિકાસ થઈ શકે. માતૃભાષા દ્વારા જ બાળક પોતાની સંસ્કૃતિ અને મૂલ્યો સાથે ગાઢ રીતે જોડાયેલું રહી શકે છે. આ સાથે જ દેશના આર્થિક અને ઔદ્યોગિક વિકાસ માટે તેઓ ટેક્નિકલ, વ્યાવસાયિક તથા વિજ્ઞાનયુક્ત શિક્ષણના પણ પ્રખર સમર્થક હતાં.

વ્યાવહારિક જીવનમાં પણ સરદારે શિક્ષણ પ્રત્યેના પોતાના વિચારોને ચરિતાર્થ કરી બતાવ્યા હતા. ગુજરાતના ચરોતર વિસ્તારોમાં શિક્ષણના પ્રસાર માટે તેમણે 'ચરોતર એજ્યુકેશન સોસાયટી' જેવી સંસ્થાઓના માધ્યમથી ગ્રામીણ વિસ્તારોમાં શિક્ષણના દ્વાર ખોલવામાં અગ્રેસર ભૂમિકા ભજવી હતી. તેઓ હંમેશા ગ્રામીણ યુવાનો અને વંચિત વર્ગોના શિક્ષણ માટે સતત ચિંતિત રહેતા અને દાનવીરોને પ્રેરિત કરીને શૈક્ષણિક સંસ્થાઓ ઊભી કરવામાં સહયોગ આપતા હતાં.

## શિક્ષણ ક્ષેત્રે સરદાર પટેલનું પ્રત્યક્ષ પ્રદાન અને કાર્યો :

1 ચરોતર એજ્યુકેશન સોસાયટી (આણંદ) માં યોગદાન :

સરદાર સાહેબે પોતાના ગૃહપ્રદેશ ચરોતરમાં શિક્ષણનો વ્યાપ વધારવા માટે 'ચરોતર એજ્યુકેશન સોસાયટીની પ્રવૃત્તિઓમાં સક્રિય માર્ગદર્શન અને સહયોગ આપ્યો હતો. તેમના પ્રયાસોથી ગ્રામીણ વિસ્તારના વિદ્યાર્થીઓ માટે ઉચ્ચ શિક્ષણના દરવાજા ખુલ્લા થયા.

વિઠ્ઠલભાઈ પટેલ મહાવિદ્યાલય : (V.P. college, વલ્લભ વિદ્યાનગર)

આણંદ પાસે આવેલા વલ્લભ વિદ્યાનગરના શૈક્ષણિક સંકુલના નિર્માણમાં અને ભાઈકાકા સાથે મળીને ગ્રામીણ ક્ષેત્રે ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓ સ્થાપવામાં સરદાર સાહેબની પ્રેરણા અને દીર્ઘદ્રષ્ટિ મુખ્ય હતી. તેમને ગ્રામીણ યુવાનો શિક્ષિત બને તે માટે દાનવીરો પાસેથી ફાળો એકત્ર કરી અદ્ભુત શૈક્ષણિક સંસ્થાઓ ઊભી કરવામાં સહયોગ કર્યો હતો.

ગુજરાત વિદ્યાપીઠ સાથે જોડાણ :

મહાત્મા ગાંધી દ્વારા સ્થાપિત ગુજરાત વિદ્યાપીઠ સાથે પણ સરદાર સાહેબનો ઘનિષ્ઠ સંબંધ હતો. રાષ્ટ્રીય શિક્ષણ પદ્ધતિ અને

સ્વદેશી વિચારોના પ્રચાર - પ્રસારમાં તેમણે રાષ્ટ્રસેવકોને હંમેશા પ્રોત્સાહિત કર્યા હતા.

સરદાર વલ્લભભાઈ પટેલની શિક્ષણ પ્રત્યેની દ્રષ્ટિકોણ એકદમ સ્પષ્ટ, સ્પષ્ટવાદી અને પ્રગતિશીલ હતી. તેઓ ઈચ્છતા હતા કે દેશનો યુવાન સંસ્કારી, પરાવલંબી નહી પરંતુ સ્વાવલંબી બને અને રાષ્ટ્ર નિર્માણમાં પોતાનું સર્વોત્તમ યોગદાન આપે. તેમના આ વિચારો અને શૈક્ષણિક કાર્યો આજના આધુનિક યુગમા પણ સમગ્ર શિક્ષણ જગત માટે દીવાદાંડી સમાન છે.

અંતમા કહી શકાય કે સરદાર વલ્લભભાઈ પટેલે જોયેલું શિક્ષણનું સ્વપ્ન એક એવા સમાજનું હતુ, જ્યાં યુવાનો માત્ર પદવીધારી ન બને, પરંતુ સંસ્કારી, પરાવલંબી નહી પરંતુ સ્વાવલંબી અને રાષ્ટ્રહિતને સર્વોપરી ગણનારા બને. આજના આધુનિક યુગમાં પણ તેમના શૈક્ષણિક વિચારો અને દ્રષ્ટિકોણ આપણને એક શ્રેષ્ઠ શિક્ષણ વ્યવસ્થાનું નિર્માણ કરવા માટેનો શ્રેષ્ઠ માર્ગ પુરો પાડે છે.

Stationery

Scanned with CamScanner

# એક ભારત, શ્રેષ્ઠ ભારત અને સરદાર પટેલ

વસાવા સેમજીન એમ.
રોલ નં : 37

ભારત એક વિશાળ અને વૈવિધ્યસભર દેશ છે. અહીં અનેક ભાષાઓ, ધર્મો, સંસ્કૃતિઓ અને પરંપરાઓ સહઅસ્તિત્વ ધરાવે છે. આ વૈવિધ્યમાં એકતા જાળવવી એ ભારતની સૌથી મોટી શક્તિ છે. આ જ વિચારને આધારે ભારત સરકારે 'એક ભારત, શ્રેષ્ઠ ભારત' અભિયાનનો મુખ્ય ઉદ્દેશ્ય દેશના વિવિધ રાજ્યો, પ્રદેશો અને સંસ્કૃતિઓ વચ્ચે પરસ્પર સમજણ, આદર અને એકતા વધારવા નો છે.

એક ભારત, શ્રેષ્ઠ ભારત' અભિયાન ભારતીયતાના મૂલ્યોને મજબૂત બનાવે છે. તે યુવાનોમાં રાષ્ટ્રીય ગૌરવ, સહકાર અને સમન્વયની ભાવના જગાડે છે. જ્યારે દેશના વિવિધ ભાગોના લોકો એકબીજાની સંસ્કૃતિ, ભાષા અને પરંપરાઓને સમજે છે. ત્યારે દેશ વધુ મજબૂત અને સમૃદ્ધ બને છે. આ અભિયાન દેશને એકતામાં વૈવિધ્ય ના આદર્શ તરફ લઈ જાય છે અને ભારતને વિશ્વમાં એક મજબૂત સંયુક્ત અને શ્રેષ્ઠ રાષ્ટ્ર તરીકે સ્થાપિત કરવાનું લક્ષ્ય રાખે છે.

આ અભિયાનના મૂળમાં સરદાર વલ્લભભાઈ પટેલ નું અમૂલ્ય યોગદાન છે. સ્વતંત્રતા પછી ભારત અનેક નાના મોટા રજવાડાઓમાં વહેંચાયેલું હતું. જો આ રજવાડાઓ અલગ રહેતા તો ભારત ક્યારેય એક મજબૂત રાષ્ટ્ર ન બની શક્યું હોત. સરદાર પટેલે પોતાની દૂરદેશી દૃઢ ઇચ્છાશક્તિ અને કુશળ કૂટનીતિ થી લગભગ 562 રજવાડાઓને ભારતીય સંઘમાં વિલીન

Stationery

Scanned with CamScanner

કર્યા. તેમણે દેશને ખંડિત થવાથી બચાવ્યો. અને એક સંયુક્ત ભારતનું નિર્માણ કર્યું. સરદાર પટેલને "લોખંડી પુરુષ" કહેવાય છે

સરદાર પટેલે કહ્યું હતું કે ભારતની એકતા અને અખંડિતતા જ આપણી સૌથી મોટી શક્તિ છે. આજે આ વાત વધુ પ્રસ્તુત છે. જ્યારે દેશ અનેક પડકારોનો સામનો કરી રહ્યા છે, ત્યારે એકતા જ આપણને મજબૂત બનાવી શકે છે. 'એક ભારત, શ્રેષ્ઠ ભારત' અભિયાન અને સરદાર પટેલનું જીવન આપણને યાદ અપાવે છે કે વ્યક્તિગત અથવા પ્રાદેશિક હિતો કરતા રાષ્ટ્રીય હિત વધુ મહત્ત્વનું છે

સરદાર વલ્લભભાઈ પટેલે ભારતને એક કર્યું, અને આજે 'એક ભારત, શ્રેષ્ઠ ભારત' અભિયાન તેને શ્રેષ્ઠ બનાવવાનું કામ કરી રહ્યું છે. આપણે બધાએ સરદાર પટેલના આદર્શોને અનુસરીને રાષ્ટ્રીય એકતા, સરકાર અને ગૌરવને જાળવવું જોઈએ ત્યારે જ ભારત ખરેખર 'એક' અને 'શ્રેષ્ઠ' બની શકશે.

"એકતા એ જ રાષ્ટ્રની સૌથી મોટી શક્તિ છે."

Stationery

Scanned with CamScanner

# સરદાર પટેલ અને દેશપ્રેમ

નામ :- વસાવા સુરેખાબેન
રોલ નં. :- 39

ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામના મહાન નેતાઓમાં સરદાર વલ્લભભાઈ પટેલનું નામ ખૂબ જ આદરપૂર્વક લેવામાં આવે છે. તેઓ માત્ર સ્વાતંત્ર્ય સેનાની જ નહોતા, પરંતુ એકતા, અખંડિતતા, શિસ્ત અને દેશપ્રેમના પ્રતિક હતા. તેમના જીવન અને કાર્યોમાંથી દરેક ભારતીયને દેશપ્રેમ અને રાષ્ટ્રસેવાની પ્રેરણા મળે છે.

સરદાર વલ્લભભાઈ પટેલનો જન્મ 31 ઓક્ટોબર, 1875 ના રોજ ગુજરાતના નડિયાદમાં થયો હતો. બાળપણથી જ તેઓ હિંમતવાન, મહેનતુ અને નિશ્ચયી સ્વભાવના હતા. તેમણે વકીલાતનો વ્યવસાય તરીકે દેશની આઝાદી ચળવળમાં પોતાનું જીવન સમર્પિત કર્યું.

સરદાર પટેલે મહાત્મા ગાંધીજીના નેતૃત્વ હેઠળ અનેક આંદોલનમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. ખાસ કરીને ખેડા સત્યાગ્રહ અને બારડોલી સત્યાગ્રહમાં તેમણે ખેડૂતોનું અસરકારક નેતૃત્વ કર્યું. બારડોલી સત્યાગ્રહની સફળતા પછી લોકો તેમને પ્રેમ અને સન્માનથી "સરદાર" તરીકે ઓળખાવા લાગ્યા.

ભારતને 1947 માં આઝાદી મળી ત્યારે દેશ સામે એક મોટો પડકાર હતો. ભારતના દેશી રજવાડાઓને એકતામાં જોડવાનું મુશ્કેલ કાર્ય સરદાર પટેલે પોતાની દ્રઢતા, કુનેહ અને નેતૃત્વથી પૂર્ણ કર્યું. તેથી તેમણે "ભારતના લોખંડી પુરુષ" તરીકે ઓળખવામાં આવે

Stationery

Scanned with CamScanner

છે. તેમના પ્રયત્નોથી ભારતની એકતા અને અખંડિતતા મજબૂત બની.

સરદાર પટેલનો દેશપ્રેમ તેમના કાર્યોમાં સ્પષ્ટ જોવા મળે છે. તેઓ માનતા હતા કે દેશની પ્રગતિ માટે લોકોમાં એકતા અને શિસ્ત હોવાની જરૂર છે. તેમણે હંમેશા વ્યક્તિગત સ્વાર્થ કરતા દેશના હિતને વધારે મહત્વ આપ્યું. તેમનું જીવન આપણને શીખવે છે કે સાચો દેશપ્રેમ માત્ર દેશ માટે પ્રેમની લાગણી રાખવામાં નથી, પરંતુ દેશ માટે ઈમાનદારીથી કાર્ય કરવામાં છે.

આજના યુવાનો માટે સરદાર પટેલનું જીવન ખૂબ જ પ્રેરણાદાયક છે. આપણે તેમના જીવનમાંથી એકતા, નિષ્ઠા, હિંમત, પરિશ્રમ અને રાષ્ટ્રપ્રેમ જેવા ગુણો શીખવા જોઈએ. દેશના કાયદાનું પાલન કરવું, જાહેર સંપત્તિનું રક્ષણ કરવું, સ્વચ્છતા જાળવવી અને સમાજ તથા દેશના વિકાસમાં પોતાનું યોગદાન આપવું પણ સાચા દેશપ્રેમના સ્વરૂપો છે.

અંતમાં કહી શકાય કે સરદાર પટેલ માત્ર એક મહાન નેતા નહોતા, પરંતુ ભારતની એકતા અને અખંડિતતાના શિલ્પી હતા. તેમનું સમગ્ર જીવન દેશ-સેવા અને દેશપ્રેમને સમર્પિત હતું. તેમના વિચારો અને આદર્શોને જીવનમાં ઉતારવા એ જ તેમના પ્રયત્નોને સાચી શ્રદ્ધાંજલિ છે. સરદાર પટેલનું જીવન આપણને હંમેશા આપતું રહેશે કે દેશપ્રેમની ભાવના સાથે રાષ્ટ્રની સેવા કરવી જોઈએ.

Stationery

# સરદાર પટેલનું સાદું જીવન અને ઉચ્ચ વિચાર

ભાલિયા પ્રભા રાજુભાઈ
રોલ. નંબર : 43

ભારતના ઈતિહાસમાં અનેક મહાન પુરુષોએ દેશની સેવા કરી છે, પરંતુ સરદાર વલ્લભભાઈ પટેલનું સ્થાન તેમાં વિશિષ્ટ છે. તેઓ ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામના મહાન નેતા, કુશળ વહીવટકર્તા, નિર્લેપ દેશભક્ત અને ભારતની એકતાના શિલ્પી હતા. તેમનું સમગ્ર જીવન સાદગી, શિસ્ત, મહેનત, હિંમત, ત્યાગ અને ઉચ્ચ વિચારોનું ઉત્તમ ઉદાહરણ છે. તેથી જ તેમને પ્રેમ અને ગૌરવથી "લોખંડી પુરુષ" તરીકે ઓળખવામાં આવે છે.

સરદાર પટેલનો જન્મ 31 ઓક્ટોબર, 1875ના રોજ ગુજરાતના નડિયાદ ખાતે થયો હતો. તેમના પિતાનું નામ ઝવેરભાઈ પટેલ અને માતાનું નામ લાડબાઈ હતું. તેમનું કુટુંબ ખેડૂત અને ધાર્મિક સંસ્કારો ધરાવતું હતું. તેમનું બાળપણ ગુજરાતના ગ્રામ્ય વાતાવરણમાં સાદગી અને મહેનત વચ્ચે પસાર થયું હતું. બાળપણથી જ વલ્લભભાઈ સ્વાભિમાની, હિંમતવાન, ગંભીર અને મહેનતુ સ્વભાવના હતા. મુશ્કેલ પરિસ્થિતિઓ સામે હાર ન માનવી અને પોતાના ધ્યેય માટે સતત પ્રયત્ન કરવો એ તેમના સ્વભાવની વિશેષતા હતી.

વલ્લભભાઈ પટેલે શરૂઆતનું શિક્ષણ ગુજરાતમાં મેળવ્યું. અભ્યાસમાં તેઓ ખૂબ મહેનતુ હતા. જીવનમાં અનેક મુશ્કેલીઓ હોવા છતાં તેમણે વકીલાતનો વ્યવસાય પસંદ કર્યો અને સફળ વકીલ બન્યા. તેઓ ખૂબ જ બુદ્ધિશાળી અને તર્કશક્તિ ધરાવતા હતા. તેમની વકીલાતની કારકિર્દી સારી રીતે ચાલી રહી હતી અને તેઓ સુખી જીવન જીવી શકતા હતા, પરંતુ દેશની પરિસ્થિતિ જોઈને તેમના મનમાં દેશસેવાની ભાવના વધુ મજબૂત બની.



Scanned with CamScanner

મહાત્મા ગાંધીજીના વિચારોનો તેમના જીવન પર ખૂબ ઊંડો પ્રભાવ પડ્યો. ગાંધીજીના સત્ય, અહિંસા અને સ્વદેશીના વિચારોમાંથી પ્રેરણા લઈને વલ્લભભાઈ પટેલ જાહેર જીવનમાં સક્રિય બન્યા. તેમણે પોતાની સફળ વકીલાત અને વ્યક્તિગત સુખને પાછળ રાખીને દેશની આઝાદી માટે પોતાનું જીવન સમર્પિત કર્યું. તેઓ ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ સાથે જોડાયા અને સ્વાતંત્ર્ય આંદોલનમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવવા લાગ્યા.

સરદાર પટેલે ખેડૂતો અને સામાન્ય લોકોના પ્રશ્નો માટે અનેક આંદોલનોનું નેતૃત્વ કર્યું. 1918ના ખેડા સત્યાગ્રહમાં તેમણે ખેડૂતોને સંગઠિત કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. ત્યારબાદ 1928માં બારડોલી સત્યાગ્રહમાં તેમણે ખેડૂતોનું સફળતાપૂર્વક નેતૃત્વ કર્યું. અંગ્રેજ સરકારે ખેડૂતો પર વધારેલો મહેસૂલનો બોજ ઘટાડવા માટે તેમણે મજબૂત લડત આપી. તેમની સંગઠનશક્તિ અને નેતૃત્વથી ખેડૂતોમાં એકતા અને હિંમત આવી. બારડોલી સત્યાગ્રહની સફળતા બાદ ત્યાંની મહિલાઓએ તેમને પ્રેમથી 'સરદાર' કહીને સંબોધ્યા અને ત્યારથી વલ્લભભાઈ પટેલ 'સરદાર પટેલ' તરીકે સમગ્ર દેશમાં જાણીતા બન્યા.

સરદાર પટેલનું જીવન ખૂબ જ સાદું હતું. તેઓ દેખાડો કે વૈભવમાં માનતા નહોતા. દેશના સામાન્ય લોકોની વચ્ચે રહીને તેમની સમસ્યાઓ સમજતા અને તેમના માટે કામ કરતા. ઊંચું પદ મળ્યા પછી પણ તેમની સાદગીમાં કોઈ ફેરફાર થયો નહોતો. તેઓ સમયના ખૂબ જ પાબંદ અને શિસ્તપ્રિય હતા. તેમની વાણીમાં સ્પષ્ટતા અને તેમના નિર્ણયોમાં દૃઢતા હતી. તેઓ માનતા હતા કે વ્યક્તિએ પોતાના સ્વાર્થ કરતા દેશના હિતને વધુ મહત્વ આપવું જોઈએ.

સરદાર પટેલના વિચારો ખૂબ જ ઉચ્ચ અને રાષ્ટ્રહિતને સમર્પિત હતા. તેઓ ભારતની એકતા અને અખંડિતતાને સર્વોચ્ચ મહત્વ આપતા હતા. તેમનું માનવું હતું કે દેશની પ્રગતિ માટે લોકોમાં એકતા, શિસ્ત અને પરસ્પર સહકાર જરૂરી છે. તેઓ મુશ્કેલ પરિસ્થિતિમાં પણ હિંમત ન હારતા અને યોગ્ય નિર્ણય લેવામાં દૃઢ રહેતા. તેમનું

Prabhat Stationery

Scanned with CamScanner

જીવન આપણને શીખવે છે કે સાદગીભર્યું જીવન જીવવું અને મહાન વિચારો સાથે દેશની સેવા કરવી એ સાચી મહાનતા છે.

15મી ઓગસ્ટ, 1947ના રોજ ભારત સ્વતંત્ર થયું ત્યારે દેશ સામે અનેક પડકારો હતા. તે સમયે ભારતમાં અનેક દેશી રજવાડાં હતાં. આ રજવાડાંઓને ભારતીય સંઘમાં જોડવાનું કાર્ય ખૂબ જ મુશ્કેલ હતું. સરદાર પટેલે પોતાની દૃઢતા, કુશળતા, સમજદારી અને રાજદ્વારી કુશળતાથી આ કાર્યને સરળ બનાવવામાં ઐતિહાસિક ભૂમિકા ભજવી.

સરદાર પટેલને ભારત સરકારે મરણોત્તર વર્ષ 1991માં દેશના સર્વોચ્ચ નાગરિક સન્માન 'ભારત રત્ન'થી સન્માનિત કર્યા. તેમના જન્મદિવસ 31 ઓક્ટોબરને ભારતમાં 'રાષ્ટ્રીય એકતા દિવસ' તરીકે ઉજવવામાં આવે છે. ગુજરાતના કેવડિયા નજીક તેમની વિશાળ પ્રતિમા 'સ્ટેચ્યુ ઓફ યુનિટી' બનાવવામાં આવી છે, જે વિશ્વની સૌથી ઊંચી પ્રતિમાઓ માંથી એક છે અને તેમની રાષ્ટ્રીય એકતાની ભાવનાનું પ્રતીક છે.

સરદાર પટેલનું જીવન આપણને ખૂબ સાદગી થી ભરેલું હતું. તેમનું અવસાન 15 ડિસેમ્બર, 1950ના રોજ મુંબઈમાં થયું હતું. તેમના અવસાનથી ભારતે એક મહાન નેતા અને રાષ્ટ્રસેવક ગુમાવ્યા હતા.

સરદાર પટેલનું જીવન આપણને અનેક મૂલ્યો શીખવે છે. તેમની પાસેથી આપણે સાદગી, મહેનત, શિસ્ત, હિંમત, નિષ્ઠા, નેતૃત્વ અને રાષ્ટ્રપ્રેમની પ્રેરણા મેળવી શકીએ છીએ. તેમણે બતાવ્યું કે વ્યક્તિનું સાચું મહત્વ તેની સંપત્તિ કે પદમાં નથી, પરંતુ તેના વિચારો અને કાર્યોમાં છે. ભારતની એકતા અને અખંડિતતા માટે તેમનું યોગદાન હંમેશા યાદ રહેશે અને આવનારી પેઢીઓને દેશપ્રેમ તથા રાષ્ટ્રસેવાની પ્રેરણા આપતું રહેશે.

Prabhat Stationery

Scanned with CamScanner

# સરદાર પટેલ અને ભારતીય લોકશાહી.

વસાવા જિગીશાબેન
અલ્પેશભાઈ
Roll NO - 34.

ભારત એક લોકશાહી ધરાવતો દેશ છે. ભારતીય લોકશાહીના નિર્માણ અને તેને મજબૂત બનાવવામાં અનેક મહાન નેતાઓનું મહત્ત્વપૂર્ણ યોગદાન રહ્યું છે. તેમાં સરદાર વલ્લભભાઈ પટેલનું સ્થાન ખૂબ જ વિશિષ્ટ છે. તેઓ ભારતના લોખંડી પુરુષ તરીકે ઓળખાતા છે. દેશની એકતા અને અખંડિતતા તથા લોકશાહી વ્યવસ્થાને મજબૂત બનાવવામાં તેમનું યોગદાન અમૂલ્ય છે.

સરદાર વલ્લભભાઈ પટેલનો જન્મ 31 ઓક્ટોબર, 1875 ના રોજ ગુજરાતના નડિયાદ ખાતે થયો હતો. તેઓ સ્વતંત્રતા આંદોલનમાં મહાત્મા ગાંધીના સહયોગી તરીકે જોડાયા અને ખેડૂતો અને સામાન્ય જનતાના હકો માટે અનેક આંદોલનો કર્યા. અને તેમાં નેતૃત્વ પણ કર્યું. તેમના નેતૃત્વમાં થયેલ બારડોલી સત્યાગ્રહ સફળ રહ્યો હતો, ત્યારથી તેમને 'સરદાર' ની ઉપાધિ મળી.

ભારતને 15 ઓગષ્ટ, 1947 ના રોજ આઝાદી મળી ત્યારે દેશની સામે અનેક પડકારો હતા. તે સમયે ભારતમાં અનેક દેશી રજવાડાં હતાં. સરદાર પટેલે પોતાની કુશળ રાજકીય સમજ દૃઢનિર્ણયશક્તિ અને સમજદારીથી મોટા ભાગનાં



Scanned with CamScanner

રજવાડાં (અની) ઓને સાથે જોડ્યાં. આ કાર્યને કારણે ભારતની એકતા અને અખંડિતતા જળવાઈ રહી. ભારત દેશ નાનાં-નાનાં ભાગમાં વહેંચાઈ ગયો હતો. જેને એક કરનાર સરદાર છે.

સરદાર પટેલે ભારતનાં અને લોકશાહી વ્યવસ્થાના નિર્માણમાં પણ મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. તેઓ બંધારણ સભાની વિવિધ સમિતિઓ સાથે જોડાયેલા હતા. તેમણે મજબૂત અને એકતાબદ્ધ ભારત માટે કેન્દ્ર અને રાજ્ય વચ્ચે સુવ્યવસ્થિત સંબંધો રહે તે માટે પ્રયત્નો કર્યા. તેઓએ વહીવટી અને અન્યતંત્રોને મજબૂત બનાવવા માટે પણ કાર્ય કર્યાં.

ભારતીય લોકશાહીનો આધાર સમાનતા, સ્વતંત્રતા, ન્યાય, બંધુત્વ અને એકતા જેવાં મૂલ્યો પર છે. સરદાર પટેલના વિચારોમાં પણ રાષ્ટ્રીય એકતા અને જનહિતને વિશેષ સ્થાન હતું. તેઓ માનતા હતા કે દેશની પ્રગતિ માટે લોકોમાં એકતા, શિસ્ત અને જવાબદારીની ભાવના હોવી જરૂરી છે.

આજે ભારત વિશ્વનું સૌથી મોટું લોકશાહી રાષ્ટ્ર છે. વિવિધ ભાષા, ધર્મ, જાતિ અને સંસ્કૃતિ ધરાવતા લોકો સાથે રહીને લોકશાહી વ્યવસ્થાને મજબૂત બનાવે છે. આ એકતાના પાયાને મજબૂત કરવામાં સરદાર પટેલનું યોગદાન સદાય યાદ રહેશે.

# રાષ્ટ્રીય એકતા અને સરદાર પટેલ

રોલ નંબર = 24

## ◦ પ્રસ્તાવના :

ભારત વિવિધતા ધરાવતો દેશ છે. ભારતમાં જુદી - જુદી ભાષાઓ, ધર્મો, જાતિઓ, સંસ્કૃતિઓ, પરંપરાઓ અને જીવનશૈલીઓ જોવા મળે છે. આટલી બધી વિવિધતાઓ હોવા છતાં ભારતની સૌથી મોટી શક્તિ તેની રાષ્ટ્રીય એકતા છે. "અનેકતામાં એકતા" ભારતની વિશેષ ઓળખ છે. દેશની પ્રગતિ, શાંતિ અને સુરક્ષા માટે રાષ્ટ્રીય એકતા ખૂબ જ જરૂરી છે. રાષ્ટ્રીય એકતાને મજબૂત બનાવવામાં અનેક મહાન નેતાઓએ યોગદાન આપ્યું છે પરંતુ સરદાર વલ્લભભાઈ પટેલનું સ્થાન વિશેષ છે. તેથી તેમને "ભારતના લોખંડી પુરુષ" અને "રાષ્ટ્રીય એકતાના શિલ્પી" તરીકે ઓળખવામાં આવે છે.

## ◦ રાષ્ટ્રીય એકતાનો અર્થ :

રાષ્ટ્રીય એકતા એટલે દેશના વિવિધ વર્ગોના લોકોમાં પ્રેમ, ભાઈચારો, સહકાર અને એકતાની ભાવના હોવી. ધર્મ, જાતિ, ભાષા કે પ્રદેશના ભેદભાવને ભૂલીને સૌ પોતાને એક જ રાષ્ટ્રના નાગરિક માને તેને રાષ્ટ્રીય એકતા કહેવાય.

રાષ્ટ્રીય એકતા માત્ર સાથે રહેવાનું નામ નથી. તેમાં દેશના બંધારણ, રાષ્ટ્રીય પ્રતીકો અને કાયદાનો આદર કરવો, એકબીજાના વિચારો અને સંસ્કૃતિનું સન્માન કરવું અને દેશના હિતને વ્યક્તિગત તથા પ્રાદેશિક હિતથી ઉપર રાખવાનો સમાવેશ થાય છે.

Prabhat Stationery

Scanned with CamScanner

## • સરદાર વલ્લભભાઈ પટેલનો પરિચય:

સરદાર વલ્લભભાઈ પટેલનો જન્મ 31 ઓક્ટોબર, 1875 ના રોજ નડિયાદ, ગુજરાત માં થયો હતો. તેમના પિતાજીનું નામ ઝવેરભાઈ પટેલ અને માતાજીનું નામ લાડબાઈ હતું. બાળપણથી જ વલ્લભભાઈ સાહસિક, નિર્ભય અને દૃઢ મનોબળ ધરાવતા હતા.

તેમણે અભ્યાસ પૂર્ણ કરીને વકીલાતના ક્ષેત્રમાં સફળતા મેળવી. ત્યારબાદ મહાત્મા ગાંધીજીના વિચારો અને સ્વાતંત્ર્ય આંદોલન થી પ્રેરાઈને તેઓ દેશસેવામાં જોડાયા. તેમણે ખેડા સત્યાગ્રહ, બારડોલી સત્યાગ્રહ અને ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી.

## • રાષ્ટ્રીય એકતામાં સરદાર પટેલનું યોગદાન:

સરદાર પટેલનું સૌથી મોટું યોગદાન ભારતના રાજકીય એકીકરણમાં હતું. તેમણે અલગ અલગ રજવાડાને એક ભારતના ભાગ બનાવવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી. તેમણે દેશની એકતા અને અખંડિતતાને સર્વોચ્ચ મહત્ત્વ આપ્યું.

તેમના વિચારોમાં રાષ્ટ્રીય હિત પ્રથમ હતું. તેઓ માનતા હતા કે દેશની પ્રગતિ માટે લોકોમાં એકતા અને શિસ્ત જરૂરી છે. તેમણે સરકારી વહીવટને મજબૂત બનાવવા માટે પણ મહત્ત્વપૂર્ણ કામ કર્યું. ભારતીય વહીવટી વ્યવસ્થાને મજબૂત બનાવવા માટે તેમનું યોગદાન નોંધપાત્ર હતું.

## • આજના સમયમાં રાષ્ટ્રીય એકતાનું મહત્ત્વ:

આજના સમયમાં પણ રાષ્ટ્રીય એકતા એટલી જ મહત્ત્વપૂર્ણ છે. ટેકનોલોજી અને વિકાસના યુગમાં દેશ ઝડપથી આગળ વધી રહ્યો છે પરંતુ વિવિધ પ્રકારના ભેદભાવ દેશની એકતાને



Scanned with CamScanner

નબળો બનાવી શકે છે.

ધર્મ, જાતિ, ભાષા, પ્રદેશ કે રાજકીય વિચારોના આધારે એકબીજા પ્રત્યે દ્વેષ રાખવાને બદલે આપણે પરસ્પર સન્માન અને સહકારી ભાવના રાખવી જોઈએ. યુવાનોમાં દેશપ્રેમ અને બંધારણીય મૂલ્યોની ભાવના વિકસાવવી જરૂરી છે.

રાષ્ટ્રીય એકતા જાળવવા માટે દરેક નાગરિક પોતાના કર્તવ્યોનું પાલન કરવું જોઈએ. રાષ્ટ્રીય તહેવારોની ઉજવણી, રાષ્ટ્રીય પ્રતીકોનું સન્માન, કાયદાનું પાલન અને જરૂરિયાતમંદ લોકોને મદદ કરવી જેવી બાબતો દ્વારા પણ એકતાની ભાવના મજબૂત કરી શકાય છે.

## • રાષ્ટ્રીય એકતા દિવસ :

સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતી 31 ઓક્ટોબરે રાષ્ટ્રીય એકતા દિવસ તરીકે ઉજવવામાં આવે છે. આ દિવસનો હેતુ દેશની એકતા, અખંડિતતા અને સુરક્ષા પ્રત્યે લોકોમાં જાગૃતિ લાવવાનો છે.

આ દિવસે શાળાઓ અને વિવિધ સંસ્થાઓમાં એકતા માટે શપથ, રેલી, ભાષણ, નિબંધ સ્પર્ધા અને અન્ય કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. વિદ્યાર્થીઓને સરદાર પટેલના જીવન અને તેમના રાષ્ટ્રીય એકતાના કાર્ય વિશે માહિતી આપવામાં આવે છે.



Scanned with CamScanner

### ◦ સ્ટેચ્યુ ઓફ યુનિટી :

સરદાર પટેલના સન્માનમાં ગુજરાતમાં સ્ટેચ્યુ ઓફ યુનિટીનું નિર્માણ કરવામાં આવ્યું છે. તે સરદાર પટેલની એકતા અને રાષ્ટ્રસેવાની ભાવનાનું પ્રતીક છે. આ સ્મારક આપણને ભારતની એકતા અને અખંડિતતાનું મહત્ત્વ સમજાવે છે.

### ◦ ઉપસંહાર :

સરદાર વલ્લભભાઈ પટેલનું જીવન રાષ્ટ્રીય એકતા અને દેશ સેવાની પ્રેરણાનું ઉત્તમ ઉદાહરણ છે. સ્વતંત્રતા પછી ભારતને એક અને અખંડ રાષ્ટ્ર બનાવવામાં તેમનું યોગદાન અવિસ્મરણીય છે. તેમણે પોતાના દૃઢતા, સાહસ, બુદ્ધિ અને નેતૃત્વ દ્વારા અનેક રજવાડાંને ભારત સાથે જોડવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી.

"એકતા અને અખંડિતતા જ મજબૂત રાષ્ટ્ર
નો આધાર છે."



Scanned with CamScanner

# ખેડા સત્યાગ્રહમાં સરદાર પટેલનું યોગદાન

રાઠવા દિવ્યાકુમારી વિનુભાઈ
રોલ નંબર : 13

ખેડા સત્યાગ્રહ દરમિયાન સરદાર પટેલે ખેડૂતોને સમજાવ્યું કે તેમની લડાઈ માત્ર મહેસૂલ ન ભરવાની બાબત પૂરતી નથી, પરંતુ તે અન્યાય સામે ન્યાય મેળવવાની લડાઈ છે. તેમણે ખેડૂતોને પોતાના હક અને ફરજ બંને સમજાવ્યા. ખેડૂતોની આર્થિક સ્થિતિ ખરાબ હોવા છતાં તેઓ સરકારના ભયથી નબળા ન પડે તે માટે સરદાર પટેલ સતત તેમની સાથે રહ્યા. તેમના માર્ગદર્શનથી ખેડૂતોમાં પોતાના અધિકારો માટે જાગૃતિ આવી અને તેઓ અહિંસક રીતે સત્યાગ્રહમાં જોડાયા.

સરદાર પટેલે આ સમગ્ર આંદોલન દરમિયાન ખૂબ જ ધીરજ અને સમજદારીથી કામ કર્યું. તેઓ જાણતા હતા કે કોઈપણ આંદોલનમાં ઉતાવળ કરવાથી મુશ્કેલી ઊભી થઈ શકે છે. તેથી તેમણે ખેડૂતોને શાંતિ જાળવવા અને પરિસ્થિતિને સમજદારીથી સંભાળવા જણાવ્યું. તેમના માટે સત્યાગ્રહનો અર્થ માત્ર વિરોધ કરવાનો ન હતો, પરંતુ સત્યના આધારે ન્યાય મેળવવાનો હતો. આ વિચારને કારણે ખેડૂતો પણ સત્યાગ્રહના નિયમોનું પાલન કરતા રહ્યા.

ખેડૂતોની મુશ્કેલીઓ દૂર કરવા માટે સરદાર પટેલે તેમની વચ્ચે રહીને કામ કર્યું. તેઓ ગામડાંમાં જઈને ખેડૂતોની સ્થિતિ જાણતા અને તેમની સમસ્યાઓ અંગે ચર્ચા કરતા. ખેડૂતો સાથેનો તેમનો સીધો સંપર્ક તેમના નેતૃત્વની સૌથી મોટી વિશેષતા હતી. સામાન્ય ખેડૂત પણ પોતાની વાત સરદાર પટેલ

Prabhat Stationery

Scanned with CamScanner

સુધી સરળતાથી પહોંચાડી શકતા હતા. આ કારણે ખેડૂતોને લાગતું હતું કે તેમના નેતા તેમની મુશ્કેલીને સાચી રીતે સમજે છે.

સરદાર પટેલના પ્રયત્નોથી ખેડૂતોમાં પરસ્પર સહકારની ભાવના પણ મજબૂત બની. તેમણે ખેડૂતોને સમજાવ્યું કે મુશ્કેલીના સમયમાં એકબીજાની મદદ કરવી જોઈએ. કોઈ ખેડૂત પર મુશ્કેલી આવે તો બીજા ખેડૂતો તેને હિંમત આપે અને તેની પડખે ઊભા રહે. આ પરસ્પર સહકાર અને એકતાએ સત્યાગ્રહને વધુ મજબૂત બનાવ્યો. ખેડૂતોને સમજાયું કે તેઓ એકલા નથી, પરંતુ એક વિશાળ સમૂહનો ભાગ છે.

આ સત્યાગ્રહ દરમિયાન સરદાર પટેલે પોતાની સંગઠન ક્ષમતાનો ઉત્તમ પરિચય આપ્યો. તેમણે અલગ-અલગ ગામોના ખેડૂતોને એક જ હેતુ માટે જોડ્યા. તેમની વાતચીત અને સમજાવવાની રીત સરળ હોવાથી ખેડૂતો તેમની વાત સરળતાથી સમજી શકતા હતા. તેમણે ખેડૂતોમાં એવો વિશ્વાસ પેદા કર્યો કે ન્યાય માટે કરવામાં આવેલો સંઘર્ષ ક્યારેય વ્યર્થ જતો નથી.

ખેડા સત્યાગ્રહની સફળતાએ સરદાર પટેલના જાહેર જીવનને નવી દિશા આપી. ખેડૂતો સાથેના તેમના સંબંધો વધુ મજબૂત બન્યા અને લોકોમાં તેમની પ્રતિષ્ઠા વધી. હવે તેઓ માત્ર વકીલ તરીકે નહીં પરંતુ લોકોના નેતા અને સેવક તરીકે ઓળખાવા લાગ્યા. આ અનુભવ આગળના સ્વાતંત્ર્ય આંદોલનોમાં તેમના માટે ખૂબ ઉપયોગી સાબિત થયો.

ખેડા સત્યાગ્રહ પછી સરદાર પટેલે જાહેર જીવનમાં વધુ સક્રિય રીતે ભાગ લીધો. તેમણે લોકોના પ્રશ્નોને મહત્વ આપ્યું અને દેશની સ્વતંત્રતા માટે ચાલતા આંદોલનોમાં પોતાનું યોગદાન આપવાનું ચાલુ રાખ્યું. ખેડા સત્યાગ્રહે તેમની અંદર રહેલી નેતૃત્વશક્તિને વધુ મજબૂત બનાવી. આ સત્યાગ્રહ તેમના રાજકીય અને સામાજિક જીવનમાં એક મહત્વપૂર્ણ વળાંક સાબિત થયો.

Prabhat Stationery

Scanned with CamScanner

ખેડા સત્યાગ્રહનું મહત્વ એ વાતમાં પણ છે કે આ આંદોલન દ્વારા સામાન્ય ખેડૂતોને પોતાની શક્તિનો અનુભવ થયો. તેઓ સમજ્યા કે સંગઠિત લોકો અન્યાય સામે અસરકારક રીતે અવાજ ઉઠાવી શકે છે. સરદાર પટેલે આ જ શક્તિને યોગ્ય દિશા આપી. તેમણે ખેડૂતોને હિંસા વગર, શાંતિ અને સંયમના માર્ગે રહીને પોતાના અધિકારો માટે લડવાની પ્રેરણા આપી.

આ સમગ્ર ઘટનામાં સરદાર પટેલનું વ્યક્તિત્વ ખૂબ જ પ્રભાવશાળી રીતે સામે આવ્યું છે. તેમની હિંમત, ધીરજ, સંગઠન શક્તિ, સેવાભાવ અને નેતૃત્વક્ષમતા ખેડૂતો માટે પ્રેરણારૂપ બની. તેમણે મુશ્કેલ સમયમાં ખેડૂતોનો સાથ છોડ્યો નહીં અને તેમને સતત માર્ગદર્શન આપ્યું. આ કારણે ખેડૂતોએ પણ વિશ્વાસપૂર્વક સત્યાગ્રહમાં ભાગ લીધો.

ખેડા સત્યાગ્રહ આપણને આજે પણ એ સંદેશ આપે છે કે અન્યાય સામે લડવા માટે હિંસાની જરૂર નથી. સત્ય, અહિંસા અને એકતાના માર્ગે રહીને પણ ન્યાય મેળવી શકાય છે. સરદાર પટેલે પોતાના કાર્ય દ્વારા આ વાતને સાબિત કરી હતી. તેમના નેતૃત્વ હેઠળ ખેડૂતોમાં જે જાગૃતિ આવી તે માત્ર ખેડા પૂરતી સીમિત રહી નહીં, પરંતુ ગુજરાતના અનેક સ્થળ પર પણ તેની ઊંડી અસર પડી.

આ રીતે ખેડા સત્યાગ્રહમાં સરદાર વલ્લભભાઈ પટેલનું યોગદાન અત્યંત મહત્વપૂર્ણ અને યાદગાર રહ્યું. તેમણે ખેડૂતોને સંગઠિત કર્યા, તેમની હિંમત વધારી, તેમના અધિકારો માટે લડવાની પ્રેરણા આપી અને સમગ્ર આંદોલનને શાંતિપૂર્ણ તથા શિસ્તબદ્ધ રીતે આગળ વધારવામાં મહત્વની ભૂમિકા ભજવી. ખેડા સત્યાગ્રહ સરદાર પટેલની નેતૃત્વક્ષમતા અને જનસેવાની ભાવનાનું ઉત્તમ ઉદાહરણ છે. તેમના આ યોગદાનને ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામના ઇતિહાસમાં હંમેશાં સન્માનપૂર્વક યાદ કરવામાં આવશે.

Prabhat Stationery

Scanned with CamScanner

# ખેડા સત્યાગ્રહમાં સરદાર પટેલની ભૂમિકા

નામ :- પટેલ રિદ્ધી ગોવિંદભાઈ
રોલ નંબર :- 47
S.Y. B.ed - sem-3

## પ્રસ્તાવના :-

ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં અનેક સત્યાગ્રહો અને આંદોલનોએ મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. મહાત્મા ગાંધીજીના નેતૃત્વ હેઠળ થયેલા સત્યાગ્રહોએ સામાન્ય લોકોને પણ સ્વાતંત્ર્ય ચળવળ સાથે જોડાયા. તેમાં ઇ.સ ૧૯૧૮ નો ખેડા સત્યાગ્રહ એક મહત્વપૂર્ણ ખેડૂત આંદોલન હતું. આ સત્યાગ્રહમાં મહાત્મા ગાંધીજી સાથે સરદાર વલ્લભભાઇ પટેલે પણ મહત્વપૂર્ણ અને અસરકારક ભૂમિકા ભજવી હતી. તેમના સંગઠન, નેતૃત્વ અને હિંમતના કારણે ખેડૂતોએ એકતા સાથે પોતાના હક્ક માટે લડત આપી.

## ખેડા સત્યાગ્રહની પૃષ્ઠભૂમિ :-

ઇ.સ ૧૯૧૮માં ગુજરાતના ખેડા જિલ્લામાં વરસાદ ઓછો પડવાને કારણે ખેતીનો પાક નિષ્ફળ ગયો હતો. ખેડૂતોની આર્થિક સ્થિતિ ખૂબ જ ખરાબ બની ગઈ હતી. ખેડૂતો પાસે પોતાના પરિવારનું ભરણપોષણ કરવા માટે પણ પુરતા સાધનો નહોતા. તેમ છતાં બ્રિટિશ સરકારે ખેડૂતો પાસેથી જમીન મહેસૂલ વસુલવાનો આગ્રહ રાખ્યો.

ખેડૂતોની માંગ હતી કે પાક નિષ્ફળ ગયો હોવાથી તે વર્ષનો જમીન મહેસૂલ માફ કરવામાં આવે અથવા વસુલાત મુલતવી રાખવામાં આવે. પરંતુ સરકાર ખેડૂતોની મુશ્કેલી સમજવા તૈયાર ન હોતી. આવા પરિસ્થિતિમાં ખેડૂતોની અન્યાય સામે સત્યાગ્રહ કરવાનો નિર્ણય લીધો.



Scanned with CamScanner

## સરદાર પટેલનો પ્રવેશ :-

તે સમયે વલ્લભભાઈ પટેલ એક સફળ વકીલ તરીકે ઓળખાતા હતા. ગાંધીજીના વિચારો અને સત્યાગ્રહના પદ્ધતિથી પ્રભાવિત થઈ તેઓ જાહેર જીવનમાં સક્રિય બન્યા. ખેડા જિલ્લાના ખેડૂતોની પરિસ્થિતિ જાણ્યા પછી તેમણે ખેડૂતોની સાથે ઊભા રહેવાનો નિર્ણય કર્યો.

સરદાર પટેલ ગામડે ગામડે જઈને ખેડૂતો સાથે મુલાકાત કરી. તેમણે ખેડૂતોના મુશ્કેલીઓ જાણી અને તેમને એકજૂથ થવા માટે પ્રેરિત કર્યા. તેમણે ખેડૂતોને સમજાવ્યું કે અન્યાય સામે લડવું હોય તો સૌએ એકતા અને અહિંસાના માર્ગે ચાલવું જરૂરી છે

## ખેડૂતોને સંગઠિત કરવામાં ભૂમિકા :-

ખેડા સત્યાગ્રહમાં સરદાર પટેલની સૌથી મહત્વપૂર્ણ ભૂમિકા ખેડૂતોને સંગઠિત કરવાની હતી. તેમણે અનેક ગામોમાં જઈને ખેડૂતોને સત્યાગ્રહના સિદ્ધાંતો સમજાવ્યા. ખેડૂતોને તેમણે હિંસા ન કરવા, ધીરજ રાખવા અને સરકારના દબાણ સામે ન ઝૂકવાની અપીલ કરી.

તેમણે ખેડૂતોમાં આત્મવિશ્વાસ જગાડ્યો કે જો બધા ખેડૂતો એકસાથે ઊભા રહેશે તો સરકારને તેમની માંગણીઓ પર વિચાર કરવો પડશે. સરદાર પટેલના નેતૃત્વમાં ખેડૂતોમાં એકતા અને હિંમતનો વિકાસ થયો.

## મહેસૂલ ન ભરવાનો નિર્ણય :-

ગાંધીજી અને સરદાર પટેલના માર્ગદર્શન હેઠળ ખેડૂતોએ અન્યાયી રીતે વસૂલવામાં આવતી મહેસૂલ ન ભરવાનો નિર્ણય કર્યો. આ નિર્ણય સરળ ન હતો. સરકાર દ્વારા ખેડૂતો પર દબાણ કરવામાં આવ્યું અને તેમની મિલકતો જપ્ત કરવાની કાર્યવાહી પણ કરવામાં આવી.

Prabhat Stationery

Scanned with CamScanner

હતા ખેડૂતો સત્યાગ્રહના માર્ગે અડગ રહ્યા. સરદાર પટેલ સતત ખેડૂતોને હિંમત આપતા રહ્યા અને તેમણે શાંતિ તથા અહિંસા જાળવવા સમજાવતા હતા.

## સરદાર પટેલનું નેતૃત્વ :-

ખેડા સત્યાગ્રહે સરદાર પટેલના સંગઠનકૌશલ્ય અને નેતૃત્વની શક્તિ દર્શાવી. તેઓ માત્ર ભાષણો આપતા નેતા ન હતા પરંતુ લોકોના વચ્ચે જઈને તેમની સમસ્યાઓ સમજતા અને તેમના સાથે કામ કરતા નેતા હતા.

તેમણે ખેડૂતોને સમજાવ્યું કે સત્યાગ્રહ માત્ર સરકારનો વિરોધ કરવાનો માર્ગ નથી પરંતુ સત્ય અને ન્યાય માટે અહિંસક રીતે સંઘર્ષ કરવાનો માર્ગ છે. તેમના સરળ સ્વભાવ સ્પષ્ટ વિચારો અને મજબૂત મનોબળથી ખેડૂતોનો વિશ્વાસ વધ્યો.

## સત્યાગ્રહની સફળતા :-

ખેડૂતોની એકતા ગાંધીજીનું માર્ગદર્શન અને સરદાર પટેલના સંગઠિત નેતૃત્વના પરિણામે સરકાર પર દબાણ વધ્યું અને અંતે સરકારે ખેડૂતોની મુશ્કેલીઓ ધ્યાનમાં લઈને મહેસૂલ વસૂલાતમાં રાહત આપવાની દિશામાં પગલા લીધા.

ખેડા સત્યાગ્રહે સાબિત કર્યું કે સામાન્ય લોકો પણ સત્ય અહિંસા અને એકતાના આધારે અન્યાય સામે સફળતાપૂર્વક લડી શકે છે.

## સરદાર પટેલના યોગદાનનું મહત્ત્વ

ખેડા સત્યાગ્રહના સરદાર પટેલના જાહેર જીવનમાં અનેકમાં એક મહત્ત્વપૂર્ણ વળાંક હતો. આ સત્યાગ્રહ દ્વારા તેઓ ગુજરાતના ખેડૂતો સાથે વધુ નજીકથી જોડાયા. તેમના સંગઠન અને નેતૃત્વની ક્ષમતા લોકો સમક્ષ સ્પષ્ટ થઈ.



Scanned with CamScanner

ખેડા સત્યાગ્રહે તેમને ભવિષ્યના મોટા જનઆંદોલનો માટે તૈયાર કર્યા. આગળ જતા તેઓ ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામના અગ્રણી નેતા બન્યા. અને દેશના એકીકરણમાં પણ ઐતિહાસિક ભૂમિકા ભજવી.

## ઉપસંહાર

ખેડા સત્યાગ્રહ ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામનો એક મહત્વપૂર્ણ અધ્યાય છે જેમાં સરદાર વલ્લભભાઈ પટેલે ખેડૂતોને સંગઠિત કરી તેમનામાં હિંમત અને એકતાની ભાવના જગાવી અને સત્યાગ્રહને સફળ બનાવવામાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું.

સરદાર પટેલનું જીવન આપણને શીખવે છે કે એકતા, હિંમત, સત્ય અને અહિંસાના માર્ગે ચાલીને અન્યાય સામે પણ સફળતાપૂર્વક લડી શકાય છે. ખેડા સત્યાગ્રહમાં તેમની ભૂમિકા તેમના મજબૂત નેતૃત્વ અને જનસેવાની ભાવનાનું ઉત્તમ ઉદાહરણ છે.

“ લોખંડી મનોબળ, અડગ નિશ્ચય અને જનસેવાની ભાવના આ જ સરદાર પટેલના વ્યક્તિત્વની સાચી ઓળખ હતી.”

Prabhat Stationery

Scanned with CamScanner

સરદાર પટેલનું સાદું જીવન અને ઉચ્ચ વિચાર.

નામ:- આરઝ સાહીયાજીજી મકસુદ
રોલ નંબર :- 42

ભારતનો ઈતિહાસ મહાન વ્યક્તિઓના જીવન અને તેમના અમૂલ્ય વિચારોની ગાથાથી સમૃદ્ધ છે. આપણા દેશની સ્વતંત્રતા માટે અનેક મહાનુભાવોએ પોતાનું જીવન સમર્પિત કર્યું હતું. મહાત્મા ગાંધી, સુભાષચંદ્ર બોઝ, જવાહરલાલ નેહરુ, સરદાર વલ્લભભાઈ પટેલ જેવા અનેક રાષ્ટ્રભક્તોએ ભારતને સ્વતંત્ર બનાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. આ મહાન વ્યક્તિઓમાં સરદાર વલ્લભભાઈ પટેલનું સ્થાન અત્યંત વિશિષ્ટ છે. તેઓ માત્ર સ્વાતંત્ર્ય સેનાની જ નહોતા, પરંતુ એક કુશળ સંગઠન કર્તા, દૃઢ નેતા, ઉત્તમ વહીવટકર્તા અને રાષ્ટ્રની એકતાના શિલ્પી હતા.

સરદાર પટેલનું જીવન આપણને શીખવે છે કે વ્યક્તિની મહાનતા તેના વૈભવ, સંપત્તિ કે દેખાવમાં નથી, પરંતુ તેના વિચારો, ચારિત્ર્ય, કર્તવ્યનિષ્ઠા અને દેશપ્રેમમાં રહેલી છે. તેમનું જીવન અત્યંત સાદું હતું, પરંતુ તેમના વિચારો અત્યંત ઊંચા હતા. તેથી જ તેમના જીવનનો આદર્શ આજના યુવાનો અને વિદ્યાર્થીઓ માટે પણ ખૂબ જ પ્રેરણાદાયક છે.

સરદાર પટેલનો જન્મ 31 ઓક્ટોબર, 1975 ના રોજ નડિયાદ, ગુજરાતમાં થયો હતો. તેમનું બાળપણ ગુજરાતના ગ્રામ્ય વાતાવરણમાં પસાર થયું હતું. બાળપણથી જ તેઓ મહેનતુ, સ્વાભિમાની, હિંમતવાન અને દૃઢ નિશ્ચયવાળા હતા. સામાન્ય પરિસ્થિતિમાંથી આગળ વધીને તેમણે પોતાના પરિશ્રમથી શિક્ષણ મેળવ્યું અને કાયદાનો અભ્યાસ કર્યો.

તેમના વ્યક્તિત્વમાં આત્મવિશ્વાસ અને નિર્ણયશક્તિ વિશેષ જોવા મળતી હતી. કોઈ પણ મુશ્કેલી સામે તેઓ સરળતાથી હાર માનતા નહોતા. જીવનમાં અનેક મુશ્કેલીઓ આવી છતાં તેમણે ધીરજ અને હિંમતથી તેનો સામનો કર્યો. આ ગુણોએ જ તેમને આગળ જતાં રાષ્ટ્રીય નેતા તરીકે સ્થાપિત કર્યા.



Scanned with CamScanner

સરદાર પટેલ નું જીવન સાદગી નું ઉત્તમ ઉદાહરણ હતું. તેઓ દેખાવ અને વૈભવ કરતાં કાર્ય અને કર્તવ્ય ને વધુ મહત્ત્વ આપતા હતા. સાદા વસ્ત્રો પહેરવા, સરળ જીવન જીવવું અને પોતાના સમયનો ઉપયોગ રાષ્ટ્રસેવા માટે કરવો તેમની જીવન શૈલીનો મહત્ત્વનો ભાગ હતો.

તેમની સાદગી માત્ર વસ્ત્રો કે રહેણીકરણી પૂરતી મર્યાદિત ન હતી. તેમના વિચારો અને વર્તનમાં પણ સાદગી જોવા મળતી હતી. તેઓ વાત ને જટિલ બનાવવાને બદલે સ્પષ્ટ અને સીધા રીતે રજૂ કરતા. લોકો સાથેના વ્યવહારમાં તેઓ સરળ અને વ્યવહારુ હતા. તેમના માટે વ્યક્તિનું મૂલ્ય તેની સંપત્તિ કે પદ થી નહીં, પરંતુ તેના કાર્ય અને ચારિત્ર્ય થી નક્કી થવું હતું.

આજના સમયમાં ભૌતિક સુખ-સુવિધાઓ અને દેખાવને વધારે મહત્ત્વ આપવામાં આવે છે. આવી પરિસ્થિતિમાં સરદાર પટેલ નું સાદું જીવન આપણને યાદ અપાવે છે કે જીવનમાં સાચી સફળતા માટે સાદગી, સંયમ અને કર્તવ્યનિષ્ઠા જરૂરી છે.

સરદાર પટેલ નું જીવન ઉચ્ચવિચારો અને રાષ્ટ્રપ્રેમથી ભરેલુ હતુ. તેઓ માનતા હતા કે વ્યક્તિ કરતાં રાષ્ટ્રનુ હિત મોટું છે. ભારતની સ્વતંત્રતા માટે તેમણે પોતાનુ સુખ, આરામ અને વ્યક્તિગત જીવનનો ઘણો ભાગ રાષ્ટ્રને સમર્પિત કર્યો.

મહાત્મા ગાંધીના વિચારોથી પ્રભાવિત થઈને તેઓ સ્વાતંત્ર્ય આંદોલનમાં જોડાયા. ખેડા સત્યાગ્રહ અને બારડોલી સત્યાગ્રહમાં તેમણે મહત્ત્વની ભૂમિકા ભજવી. ખાસ કરીને બારડોલી સત્યાગ્રહમાં ખેડૂતોને સંગઠિત કરીને તેમણે અદ્ભુત નેતૃત્વ પૂરુ પાડયું. તેમના નેતૃત્વ અને હિંમતથી પ્રભાવિત થઈને લોકો તેમને પ્રેમ અને સન્માન થી 'સરદાર' તરીકે ઓળખવા લાગ્યા.

Prabhat Stationery

Scanned with CamScanner

તેમના વિચારોમાં દેશની એકતા, શિસ્ત, વ્યવહારી અને આત્મનિર્ભરતા ને વિશેષ સ્થાન હતું. તેઓ માનતા હતા કે જો દેશ ના લોકો એકતા અને શિસ્ત સાથે કાર્ય કરે તો કોઈપણ મુશ્કેલીનો સામનો કરી શકાય છે.

સરદાર પટેલ ને ભારત ની એકતાના શિલ્પી તરીકે ઓળખવામાં આવે છે. ભારતને સ્વતંત્રતા મળ્યા પછી દેશની સામે સૌથી મોટો પડકાર અનેક રજવાડાં ઓને એકતામાં જોડવાનો હતો. તે સમયે દેશના વિવિધ ભાગોમાં અનેક રજવાડાં હતાં.

સરદાર પટેલે પોતાની દૃઢતા, રાજકારી કુશળતા અને સમજદારીથી મોટા ભાગનાં રજવાડાંઓને ભારતીય સંઘમાં જોડવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી. તેમણે દેશની એકતા અને અખંડિતતા ને સર્વોચ્ચ મહત્વ આપ્યું. તેમના પ્રયત્નોના પરિણામે ભારત નું રાષ્ટ્રીય એકીકરણ મજબૂત બન્યું.

આ કાર્ય સામાન્ય નહોતું. વિવિધ રાજ્યો, રાજાઓ અને અલગ-અલગ પરિસ્થિતિઓ વચ્ચે સમન્વય સાધવો ખૂબ જ મુશ્કેલ હતો. પરંતુ સરદાર પટેલ ની દૃઢ ઇચ્છાશક્તિ અને રાષ્ટ્રહિત પ્રત્યેની નિષ્ઠાએ આ કાર્ય ને શક્ય બનાવ્યું. તેથી જ તેમને ભારતના 'લોખંડી પુરુષ' તરીકે ઓળખવામાં આવે છે.

સરદાર પટેલનું વ્યક્તિત્વ બહારથી કઠોર અને નિર્ણયોમાં દૃઢ હતું, પરંતુ તેમના હૃદયમાં દેશ અને સામાન્ય લોકો માટે ઊંડી લાગણી હતી. તેઓ મુશ્કેલ નિર્ણયો લેવામાં સંકોચ અનુભવતા હતા. રાષ્ટ્રહિતના સમક્ષ તેઓ પોતાની વાત સ્પષ્ટપણે રજૂ કરતા.

તેમની દૃઢતા એ તેમના વ્યક્તિત્વ ની સૌથી મોટી વિશેષતા હતી. મુશ્કેલ પરિસ્થિતિમાં પણ તેઓ ધીરજ ગુમાવતા નહોતા. આ કારણે તેઓ લાખો લોકોના વિશ્વાસપાત્ર નેતા બન્યા. તેમના જીવનમાંથી આપણને શીખવા મળે છે કે મુશ્કેલીથી ડરીને પાછળ હટી જવું નહીં,



Scanned with CamScanner

પરંતુ યોગ્ય વિચાર અને દૃઢ નિશ્ચય થી તેનો સામનો કરવો જોઈએ.

સરદાર પટેલના જીવનની સૌથી મોટી વિશેષતા એ હતી કે તેમની સાદગી અને તેમના ઉચ્ચ વિચારો વચ્ચે સુંદર સમન્વય હતો. તેઓ જીવનમાં સાદા હતા, પરંતુ તેમના સપના વિશાળ હતા. તેઓ પોતાનું જીવન આરામથી પસાર કરી શક્યા હોત, પરંતુ તેમણે દેશની સેવા માટે પોતાનું જીવન સમર્પિત કર્યું.

તેમના જીવનમાં "સાદું જીવન અને ઉચ્ચ વિચાર" માત્ર એક સૂત્ર નહોતું, પરંતુ જીવન જીવવાની પદ્ધતિ હતી. તેમણે ક્યારેય પોતાના પદ કે પ્રતિષ્ઠા નો વ્યક્તિગત લાભ માટે ઉપયોગ કર્યો નહોતો. રાષ્ટ્રની એકતા અને જનકલ્યાણને તેમણે પોતાનું મુખ્ય ધ્યેય બનાવ્યું.

સરદાર પટેલે આપણને શીખવ્યું કે જીવનમાં મોટું બનવા માટે વૈભવ નહીં, પરંતુ મોટા વિચારો, મજબૂત મનોબળ અને સારા ચારિત્ર્ય ની જરૂર છે. તેમની ઉચ્ચ વિચારણા આપણને રાષ્ટ્રહિત માટે કાર્ય કરવાની પ્રેરણા આપે છે.

આપણે એ સરદાર પટેલના જીવનમાંથી માત્ર એક જ સંદેશ લઈએ તો તે એવો હોવો જોઈએ કે સાદગી થી જીવન જીવો, ઊંચા વિચારો રાખો, મુશ્કેલીઓ સામે અડગ રહો અને દેશની એકતા તથા પ્રગતિ માટે હંમેશા પ્રયત્નશીલ રહો. આ જ સરદાર પટેલ ને સાચી શ્રદ્ધાંજલિ છે અને તેમના જીવન ના આદર્શોને આપણા જીવનમાં ઉતારવાનો શ્રેષ્ઠ માર્ગ છે.

* * * * * * *

Prabhat Stationery

Scanned with CamScanner

નામ- પટેલ ફાલ્ગુની. એચ.
રોલ નં- ૨૪

# સરદાર પટેલ અને ગ્રામ વિકાસ

## પ્રસ્તાવના:-

ભારત એક કૃષિપ્રધાન દેશ છે અને ભારતની આત્મા ગામડાઓમાં વસે છે. દેશના સર્વાંગી વિકાસ માટે શહેરોની સાથે ગામડાઓનો વિકાસ પણ અત્યંત જરૂરી છે. સ્વતંત્રતા પછી ભારત સામે અનેક પડકારો હતા. જેમાં ગરીબી, બેરોજગારી, અશિક્ષણ, પાયાની સુવિધાઓનો અભાવ અને ગામડાઓનો પછાત વિકાસ મુખ્ય હતા. આવા સમયમાં સરદાર વલ્લભભાઈ પટેલ રાષ્ટ્રની એકતા અને અખંડિતા સાથે ગ્રામજીવન ના વિકાસને પણ વિશેષ મહત્વ આપ્યું હતું. તેઓ માનતા હતા કે ખેડૂત અને ગામડાં મજબૂત બનશે તો જ ભારત મજબૂત બનશે.

## સરદાર પટેલનો પરિચય

સરદાર વલ્લભભાઈ પટેલનો જન્મ 31 ઓક્ટોબર, 1875 ના રોજ ગુજરાતના નડિયાદ ખાતે થયો હતો. તેઓ સ્વતંત્રતા સંગ્રામના મહાન નેતા, કુશળ સંગઠન કર્તા અને દૃઢ નિર્ણયશક્તિ ધરાવતા રાષ્ટ્રપુરુષ હતા. મહાત્મા ગાંધીના માર્ગદર્શન હેઠળ તેમણે અનેક આંદોલનોમાં ભાગ લીધો હતા. ખેડા સત્યાગ્રહ અને બારડોલી સત્યાગ્રહમાં ખેડૂતોના હકો માટે તેમણે મહત્વપૂર્ણ નેતૃત્વ કર્યું. બારડોલીના



Scanned with CamScanner

ખેડૂતોના સફળ સત્યાગ્રહ બાદ તેમને "સરદારની" ઉપાધિ મળી.

સ્વતંત્ર ભારતના પ્રથમ નાયબ વડા પ્રધાન અને ગૃહમંત્રી તરીકે તેમણે દેશના રાજકીય એકીકરણમાં ઐતિહાસિક ભૂમિકા ભજવી. પરંતુ તેમનું કાર્ય માત્ર રાજકીય એકતા પૂરતું મર્યાદિત ન હતું. તેઓ દેશના સામાન્ય માણસ, ખેડૂત અને ગ્રામસમાજની સમસ્યાઓથી ખૂબ નજીકથી પરિચિત હતા.

## સરદાર પટેલ અને ખેડૂત

સરદાર પટેલનું જીવન ખેડૂતોના પ્રશ્નો સાથે ગાઢ રીતે જોડાયેલું હતું. ગુજરાતના ખેડા અને બારડોલીના ખેડૂતો પર જ્યારે અન્યાયી કરનો બોજ મૂકવામાં આવ્યો ત્યારે તેમણે ખેડૂતોને સંગઠિત કર્યા અને અહિંસક માર્ગે સંઘર્ષ કરાવ્યો

તેમનું માનવું હતું કે ખેડૂત દેશની આર્થિક વ્યવસ્થાનો મહત્વપૂર્ણ આધાર છે. ખેડૂતને યોગ્ય વળતર જમીન પર સુરક્ષિત હક. સિંચાઈની સુવિધા, ખેતી માટે જરૂરી સાધનો અને બજારની યોગ્ય વ્યવસ્થા મળે તો ગ્રામ અર્થતંત્ર મજબૂત બની શકે. તેથી ગ્રામ વિકાસમાં કૃષિ વિકાસને વિશેષ મહત્વ આપ્યું હતું.

## ગ્રામ વિકાસ અંગે સરદાર પટેલના વિચારો

સરદાર પટેલ માટે ગ્રામ વિકાસનો અર્થ માત્ર રસ્તા કે મકાનો બનાવવો નહોતો. તેમના દૃષ્ટિકોણમાં ગામનો વિકાસ એટલે ગામના લોકોનું આર્થિક, સામાજિક શૈક્ષણિક અને સાંસ્કૃતિક ઉત્થાન, ગામના લોકો આત્મનિર્ભર બને, પરસ્પર સહકારથી કામ કરે અને

પોતાના પ્રશ્નોનો ઉકેલ પોતે શોધી શકે તે જરૂરી હતું.

તેઓ ગ્રામ સમાજમાં સ્વાવલંબન અને સંગઠનની ભાવનાને મહત્વ આપતા હતા. ગામમાં શિક્ષણ, સ્વચ્છતા આરોગ્ય, ખેતી, નાના ઉદ્યોગો અને રોજગારીની તકો વધે તો ગામડાંમાંથી શહેરો તરફ થતું સ્થળાંતર પણ ઘટાડી શકાય.

## બારડોલી સત્યાગ્રહ અને ગ્રામ વિકાસ

સરદાર પટેલના ગ્રામ વિકાસના વિચારોને સમજવા માટે બારડોલી સત્યાગ્રહ મહત્વપૂર્ણ છે. બારડોલી તાલુકા ના ખેડૂતો પર જમીન મહેસૂલમાં વધારો કરવામાં આવ્યો હતો. ખેડૂતો આર્થિક રીતે મુશ્કેલીમાં હતા અને વધારાનો મહેસૂલ ભરવો તેમના માટે મુશ્કેલ હતો. સરદાર પટેલે ખેડૂતોને સંગઠિત કર્યા અને શાંતિપૂર્ણ તથા અહિંસક રીતે આ અન્યાય નો વિરોધ કર્યો.

બારડોલી સત્યાગ્રહ માત્ર કરવેરા સામેનો વિરોધ ન હતો; તે સમાજની એકતા, સંગઠન અને આત્મ-સન્માન નું પ્રતીક બન્યો. આ સંઘર્ષ બતાવ્યું કે સંયુક્ત અને સંગઠિત ગ્રામસમાજ પોતાના અધિકારો માટે લોકશાહી અને અહિંસક માર્ગે લડી શકે છે.

## ગ્રામ સ્વાવલંબન અને રોજગારી

ગામડાંના વિકાસ માટે માત્ર ખેતી પર આધાર રાખવો પૂરતો નથી. ગ્રામ્ય વિસ્તારોમાં નાના અને ઘરગથ્થુ ઉદ્યોગો, પશુપાલન, હસ્તકલા, કારીગરી અને અન્ય વ્યવસાયો વિકસે તે પણ જરૂરી છે. આવી પ્રવૃત્તિઓથી ગામમાં રોજગારીની તકો ઊભી થાય છે અને લોકોની આવકમાં વધારો થાય છે



Scanned with CamScanner

સરદાર પટેલના વિચારોમાં ગામડાંને આત્મનિર્ભર બનાવવાની ભાવના સ્પષ્ટ જોવા મળે છે. ગ્રામ્ય લોકો પોતાના શ્રમ, સંસાધનો અને સંગઠનની શક્તિનો ઉપયોગ કરીને આર્થિક રીતે સશક્ત બને તે દેશના વિકાસ માટે જરૂરી છે.

## શિક્ષણ અને સામાજિક વિકાસ

ગ્રામ વિકાસમાં શિક્ષણનું સ્થાન અત્યંત મહત્વનું છે. શિક્ષિત ગ્રામ સમાજ પોતાના અધિકારો અને ફરજો વિશે જાગૃત બને છે. શિક્ષણ દ્વારા અંધશ્રદ્ધા, અજ્ઞાન અને સામાજિક કુરિવાજો દૂર કરી શકાય છે.

સરદાર પટેલ શિસ્ત, એકતા અને જવાબદારીને મહત્વ આપતા હતા ગામમાં શિક્ષણનો પ્રસાર થાય. બાળકો શાળામાં ભણે. મહિલાઓને પણ શિક્ષણ અને વિકાસની સમાન તકો મળે તથા સમાજમાં સહકારની ભાવના વિકસે તે ગ્રામ વિકાસના મહત્વના આધાર સ્તંભો છે.

## પાયાની સુવિધાઓનું મહત્વ:

આધુનિક ગ્રામ વિકાસ માટે રસ્તા, વીજળી, પીવાનું શુદ્ધ પાણી, આરોગ્ય કેન્દ્રો, શાળાઓ, સિંચાઈ અને સ્વચ્છતા જેવી પાયાની સુવિધાઓ જરૂરી છે. આવી સુવિધાઓથી ગ્રામ્ય લોકોનું જીવન સરળ બને છે અને આર્થિક પ્રવૃત્તિઓને વેગ મળે છે.

આજના સમયમાં સરદાર પટેલના ગ્રામ વિકાસના વિચારોને આધુનિક સ્વરૂપ આપી શકાય છે. ગામોમાં ડિજિટલ શિક્ષણ, ઇન્ટરનેટ, બેંકિંગ, આરોગ્ય સેવાઓ અને આધુનિક કૃષિ તકનીકો પહોંચાડવાથી ગામડાંને વધુ સશક્ત બનાવી શકાય છે.



Scanned with CamScanner

## સહકારની ભાવના

સરદાર પટેલના કાર્યમાંથી ગ્રામ વિકાસ માટે સહકાર અને સંગઠનનો મહત્વપૂર્ણ સંદેશ મળે છે. ખેડૂતો, મજૂરો, કારીગરો અને ગ્રામજનો એકબીજા ને સહયોગ આપે તો ગામની અનેક સમસ્યાઓનો ઉકેલ સરળતાથી આવી શકે છે.

સહકારી મંડળીઓ દ્વારા ખેડૂતોને બીજ, ખાતર, ધિરાણ અને બજાર જેવી સુવિધાઓ મળી શકે છે. દૂધ સહકારી મંડળીઓ અને અન્ય ગ્રામ સહકારી સંસ્થાઓએ ગુજરાતના ગ્રામ વિકાસમાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યુ છે. આરીતે સહકારની ભાવના ગ્રામ્ય અર્થતંત્રને મજબૂત બનાવી શકે છે.

## આજના સમયમાં સરદાર પટેલના વિચારોની પ્રાસંગિકતા

આજના સમયમાં ભારત ઝડપી વિકાસ કરી રહ્યું છે. પરંતુ ગ્રામ્ય વિસ્તારોનો સમાન વિકાસ હજુ પણ જરૂરી છે. ખેડૂતોની આવકમાં વધારો, આધુનિક ખેતી પાણીનું સંરક્ષણ, ગ્રામ્ય રોજગારી, મહિલા સશક્તિકરણ, ગુણવત્તાયુક્ત શિક્ષણ અને આરોગ્ય સુવિધાઓ જેવા ક્ષેત્રોમાં સતત કાર્ય કરવાની જરૂર છે.

સરદાર પટેલના વિચારો આપણને શીખવે છે કે વિકાસ ત્યારે જ સાચો કહેવાય જ્યારે તેનો લાભ સમાજના દરેક વર્ગ સુધી પહોંચે. ગામડાં મજબૂત હશે તો દેશનું અર્થતંત્ર પણ મજબૂત બનશે. ગ્રામ્ય યુવાનોને શિક્ષણ અને રોજગારીની તકો મળે તથા ખેડૂતોને યોગ્ય સહાય અને બજાર મળે તો ભારત વધુ આત્મનિર્ભર બની શકે.



Scanned with CamScanner

સરદાર વલ્લભભાઈ પટેલ માત્ર ભારતના લોખંડી પુરુષ જ નહોતા. પરંતુ તેઓ ખેડૂત અને ગ્રામ સમાજની શક્તિને સમજતા મહાન રાષ્ટ્રનિર્માતા હતા. તેમણે ખેડૂતોના હકો માટે સંઘર્ષ કર્યો અને સંગઠન, એકતા, સ્વાવલંબન તથા શિસ્તનો સંદેશ આપ્યો તેમના જીવન અને કાર્યમાંથી ગ્રામવિકાસ માટે એક મહત્વપૂર્ણ પાઠ મળે છે.

આજે આપણે સરદાર પટેલને સાચી શ્રદ્ધાંજલિ ત્યારે આપી શકીએ જ્યારે ગામડાંને શિક્ષિત, સ્વચ્છ, સ્વસ્થ, સમુદ્ધ અને આત્મનિર્ભર બનાવવાનો પ્રયત્નો કરીએ. "મજબૂત ગામડાં એટલે મજબૂત ભારત" - આ વિચારને સાકાર કરવો એ જ સરદાર પટેલના રાષ્ટ્રનિર્માણના સ્વપ્નને આગળ વધારવાનો શ્રેષ્ઠ માર્ગ છે.

"દેશ પ્રેમ માત્ર શબ્દોમાં નહીં,
પરંતુ કાર્યમાં દેખાવો જોઈએ...

Prabhat Stationery

Scanned with CamScanner

# સરદાર પટેલ અને ભારતીય લોકશાહી

મકવાણા કરણ જી.
રોલ નંબર :- 03

વિવિધતાના વનમાં ભારત રંગ અનેક ધરાવે,
એકતાની અસર જ્યોતિથી વિશ્વ સમગ્ર ઝળહળાવે.
વિખરાયેલા રજવાડાને એકતાના સૂત્રે બાંધ્યા,
સરદારે અખંડ ભારતની મજબૂત નીવ નાંખી.

સત્તાનો મોહ નહી, સેવા કરી રાષ્ટ્રપ્રેમનો શ્વાસ
પ્રજાના હિતને સર્વોપરી એ જ જીવનનો વિશ્વાસ.
ન્યાય, સમાનતા, બંધુત્વની જ્યોત હૈયે પ્રગટાવી,
લોકશાહીની પાવન ધરતી વધુ મક્કમ બનાવી.

પ્રજાનો અવાજ મહત્ત્વનો પ્રજાની શક્તિ મહાન,
લોકશાહીના આ મંદિરમાં સૌનું સરખું સ્થાન,
ભેદભાવની દીવાલ તોડી, એકતાનો સંદેશ દીધો,
ભારતના લોકશાહી પંથે, વિશ્વાસનો દીપ દીધો.

આજેય પણ સરદારની વાણી અંતરમાં ગુંજી ઉઠે,
રાષ્ટ્ર પ્રથમનો મંત્ર ભારતની પ્રજાના હૈયામાં ગુંજી ઉઠે.
એકતા, શિસ્ત ને કર્તવ્યથી, દેશનું ગૌરવ વધારીએ.
સરદારના સ્વપ્નના ભારતને સૌ મળીને સાકાર કરીએ.

Prabhat Stationery

Scanned with CamScanner

# સરદાર પટેલ અને ભારતીય લોકશાહી

વસાવા જિનીશાબેન
રોલ નંબર: ૩૪

ભારત એક લોકશાહી દેશ છે. ભારતીય લોકશાહીના નિર્માણ અને તેને મજબૂત બનાવવામાં અનેક મહાન નેતાઓનું મહત્ત્વપૂર્ણ યોગદાન રહ્યું છે. તેમાં સરદાર વલ્લભભાઇ પટેલનું સ્થાન ખૂબ જ વિશિષ્ટ છે. તેઓ ભારતના લોખંડી પુરુષ તરીકે જાણીતા છે. દેશની એકતા, અખંડિતતા અને લોકશાહી વ્યવસ્થાને મજબૂત બનાવવામાં તેમનું યોગદાન અમૂલ્ય છે.

સરદાર વલ્લભભાઈ પટેલનો જન્મ 31 ઓક્ટોમ્બર, 1875 ના રોજ ગુજરાતના નડિયાદ ખાતે થયો હતો, તેઓ સ્વતંત્રતા આંદોલનમાં મહાત્મા ગાંધીના સહયોગી તરીકે જોડાયા અને ખેડૂત તથા સામાન્ય જનતાના હકો માટે અનેક આંદોલનોનું નેતૃત્વ કર્યું. તેમના નેતૃત્વમાં થયેલ બારડોલી સત્યાગ્રહ સફળ રહ્યો હતો. ત્યારથી તેમને 'સરદાર'ની ઉપાધિ મળી.

ભારતને 15 ઓગસ્ટ, 1947 ના રોજ આઝાદી મળી ત્યારે દેશની સામે અનેક પડકારો હતા. તે સમયે ભારતમાં અનેક દેશી રજવાડાં હતા. સરદાર પટેલે પોતાની કુશળ રાજકીય સમજ, દૃઢ નિર્ણયશક્તિ અને સમજદારીથી મોટાભાગનાં રજવાડાંઓ ને ભારત સાથે જોડયા. આ કાર્યને કારણે ભારતની એકતા અને અખંડિતતા જળવાઇ રહી હતી. જો દેશ નાના-નાના ભાગોમાં વહેંચાઇ ગયો હોત, તો મજબૂત લોકશાહી ભારતનું નિર્માણ મુશ્કેલ બન્યું હોય.

સરદાર પટેલે ભારતનાં બંધારણ અને લોકશાહી વ્યવસ્થાના નિર્માણમાં પણ મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. તેઓ બંધારણ સભાની વિવિધ સમિતિઓ સાથે જોડાયેલા હતા.



Scanned with CamScanner

તેમણે મજબૂત અને એકતાબદ્ધ ભારત માટે કેન્દ્ર અને રાજ્યો વચ્ચે સુવ્યવસ્થિત સંબંધો રહે તે માટે પ્રયત્નો કર્યાં. તેઓ વહીવટી તંત્રને મજબૂત બનાવવા માટે પણ મહત્વ આપતા હતા.

ભારતીય લોકશાહીનો આધાર સમાનતા, સ્વતંત્રતા, ન્યાય, બંધુત્વ અને એકતા જેવા મૂલ્યો પર છે. સરદાર પટેલના વિચારોમાં પણ રાષ્ટ્રીય એકતા અને જનહિતને વિશેષ સ્થાન છે. તેઓ માનતા હતા કે દેશની પ્રગતિ માટે લોકોમાં એકતા, શિસ્ત અને જવાબદારીની ભાવના જરૂરી છે.

આજે ભારત વિશ્વનું સૌથી મોટું લોકશાહી રાષ્ટ્ર છે. વિવિધ ભાષા ધર્મ જાતિ અને સંસ્કૃતિ ધરાવતા લોકો એકસાથે રહીને લોકશાહી વ્યવસ્થાને મજબૂત બનાવે છે. આ એકતાના પાયાને મજબૂત કરવામાં સરદાર પટેલનું યોગદાન સદાય યાદ રહેશે.

અંતમાં કહી શકાય કે સરદાર પટેલ માત્ર દેશનાં રજવાડાઓના એકીકરણના શિલ્પી જ નહોતાં, પરંતુ એક મજબૂત, એકતાબદ્ધ અને લોકશાહી ભારતના નિર્માણમાં પણ તેમનું યોગદાન અવિસ્મરણીય છે. તેમના જીવનમાંથી આપણને દેશની એકતા, અખંડિતતા અને લોકશાહી મૂલ્યો પ્રત્યે સમર્પિત રહેવાની પ્રેરણા મળે છે.

"એકતા વિના શક્તિ નથી; સંગઠિત અને એકતામાં રહેલી માનવશક્તિ જ સાચી શક્તિ બને છે."



Scanned with CamScanner

# લોહપુરુષ તરીકે સરદાર પટેલ

રાઠોડ દિવ્યાનીબેન સુરેશભાઈ.
રોલ નં :- 08

→ ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં અનેક મહાન નેતાઓએ મહત્વનું યોગદાન આપ્યું છે તેમાંથી સરદાર વલ્લભભાઈ પટેલનું નામ અગ્રણી સ્થાન ધરાવે છે. તેમની દૃઢ ઈચ્છાશક્તિ, અડગ નિર્ધાર અને રાષ્ટ્રપ્રેમને કારણે તેઓ "લોહપુરુષ" તરીકે ઓળખાય છે. ભારતને એકતા અને અખંડિતતાના સૂત્રમાં બાંધવાનું મહાન કાર્ય સરદાર પટેલે કર્યું હતું. તેઓ માત્ર એક રાજકારણી જ નહીં પરંતુ એક કુશળ સંગઠક, સ્વાતંત્ર્ય સેનાની અને દેશભક્ત નેતા હતા.

→ સરદાર વલ્લભભાઈ પટેલનો જન્મ 31 ઓક્ટોબર 1875 ના રોજ ગુજરાતના ખેડા જિલ્લાના કરમસદ ગામમાં થયો હતો. તેમના પિતાનું નામ ઝવેરભાઈ પટેલ અને માતાનું નામ લાડબાઈ હતું. બાળપણથી જ તેઓ બહાદુર, સ્વાભિમાની અને મહેનતુ હતા. તેમણે પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ પૂર્ણ કર્યા બાદ કાયદાનો અભ્યાસ કર્યો. આગળ જઈને તેઓ ઈંગ્લેન્ડ ગયા અને ત્યાંથી બેરિસ્ટરની ડિગ્રી મેળવી.

→ ભારત પરત આવ્યા પછી તેમણે અમદાવાદમાં વકીલાત શરૂ કરી તેમની બુદ્ધિમત્તા અને કાર્યકુશળતાને કારણે તેઓ ખૂબ જ સફળ વકીલ બન્યા. પરંતુ મહાત્મા ગાંધીજીના વિચારો અને દેશસેવામાં આદર્શોથી પ્રેરાઈને તેમણે વકીલાત છોડીને સ્વાતંત્ર્ય આંદોલનમાં પોતાનો સમર્પિત કરી દીધા.

→ સરદાર પટેલે મહાત્મા ગાંધીજીના નેતૃત્વ હેઠળ અનેક આંદોલનોમાં ભાગ લીધો હતો. ખેડા સત્યાગ્રહ અને બારડોલી સત્યાગ્રહમાં તેમનું યોગદાન અત્યંત મહત્વપૂર્ણ રહ્યું હતું. ખાસ કરીને બારડોલી સત્યાગ્રહમાં ખેડૂતોના હક્કો માટે તેમણે જોરદાર લડત આપી હતી. તેમની આગેવાની હેઠળ ખેડૂતોને સફળતા મળી હતી. આ સફળતા પછી પ્રજાએ તેમને "સરદાર" ની ઉપાધી આપી



Scanned with CamScanner

→) તેમણે અસહકાર આંદોલન, ખેડા સત્યાગ્રહ અને ભારત છોડો આંદોલનમાં પણ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. દેશની આઝાદી માટે તેમણે અનેક મુશ્કેલીઓ અને જેલવાસ નો સામનો કર્યો હતો.

→) સરદાર પટેલનો "લોહપુરુષ" કહેવાનું મુખ્ય કારણ તેમની અદમ્ય ઇચ્છાશક્તિ અને મજબૂત નેતૃત્વ હતું. તેઓ કોઈપણ પરિસ્થિતિમાં પોતાના નિર્ણયની ડગતા નહોતા. તેમના વિચારો સ્પષ્ટ અને નિર્ણયો દૃઢ હતા. દેશના હિત માટે તેઓ કઠિન નિર્ણયો લેતા અને તેઓ સફળતાપૂર્વક અમલમાં મૂકતા.

→) તેમની આ દૃઢતા અને રાષ્ટ્રહિત માટેની અડગ પ્રતિબદ્ધતા એ તેમને "ભારતના લોહપુરુષ" તરીકે પ્રસિદ્ધ બનાવ્યા.

→) ભારતને સ્વતંત્રતા મળ્યા પછી દેશ સામે સૌથી મોટો પડકાર દેશી રજવાડાઓના એકીકરણનો હતો. તે સમયે ભારતમાં 562 જેટલા દેશી રજવાડાઓ હતાં, જો આ રજવાડાઓ અલગ રહેતાં તો ભારતની એકતા અને અખંડિતતા જોખમમાં મુકાઇ શકતી હતી.

→) સરદાર પટેલે પોતાની રાજકીય કુશળતા, ધીરજ અને દૃઢ નિર્ધારથી મોટાભાગના રજવાડાઓને ભારત સંઘમાં જોડાવા માટે તૈયાર કર્યા. જુનાગઢ, હૈદરાબાદ અને અન્ય રજવાડાઓના પ્રશ્નોનું તેમણે સફળતા પૂર્વક નિરાકરણ કર્યું, આ મહાન કાર્યને કારણે તેમને "ભારતના એકીકરણ શિલ્પી" તરીકે પણ ઓળખવામાં આવે છે.

→) સ્વતંત્ર ભારતના પ્રથમ ગૃહમંત્રી અને ઉપપ્રધાનમંત્રી તરીકે સરદાર પટેલે દેશની આંતરિક સુરક્ષા અને વહીવટી વ્યવસ્થાને મજબૂત બનાવી. તેમણે ભારતીય વહીવટી સેવા અને ભારતીય પોલીસ સેવા જેવી સંસ્થાઓને મજબૂત પાયો આપ્યો. દેશના વિકાસ અને એકતા માટે તેમનું યોગદાન અમૂલ્ય છે.



Scanned with CamScanner

~) સરદાર પટેલનું વ્યક્તિત્વ અને ઉત્તમ ગુણોથી ભરેલું હતું. તેઓ સાદગી, પ્રામાણિકતા, દેશભક્તિ અને કર્તવ્યનિષ્ઠાના પ્રતીક હતા. તેઓ હંમેશા રાષ્ટ્રહિતને પ્રથમ સ્થાન આપતા. તેમની વાણીમાં દૃઢતા અને કાર્યમાં નિષ્ઠા જોવા મળતી હતી. તેઓ સામાન્ય લોકોની સમસ્યાઓને સમજતા અને તેમના હિત માટે કાર્ય કરતા.

~) આજના યુવાનો સામે સરદાર પટેલનું જીવન પ્રેરણાદાયક છે. તેમના જીવનમાંથી આપણે દેશપ્રેમ, એકતા, શિસ્ત, મહેનત અને નિર્ધાર જેવા ગુણો શીખી શીખી શકીએ છીએ. રાષ્ટ્રના વિકાસ માટે એકતા અને સમર્પણ કેટલું જરૂરી છે. તે તેમના જીવનમાંથી જાણવા મળે છે.

" એકતા જ રાષ્ટ્રની સૌથી મોટી શક્તિ છે" - આ વિચારને સરદાર પટેલે પોતાના જીવન દ્વારા સાકાર કર્યો હતો.

"સરદાર પટેલનું નેતૃત્વ આપણને હિંમત, શિસ્ત અને પ્રેરણા આપે છે."

Prabhat Stationery

Scanned with CamScanner

દેશની એકતા અને અખંડિતતાજ આપણી સાચી ઓળખ છે."

"150 મી જન્મજયંતિ"



કૉલેજ ઓફ એજ્યુકેશન,
ખરોડ

Scanned with CamScanner

નામ - પટેલ હિતિક્ષા ભરતભાઈ
રોલ નં - 04

# સરદાર પટેલના વિચારો અને સુવિચારો

## પ્રસ્તાવના :-

ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં અનેક મહાન નેતાઓએ પોતાનું અમૂલ્ય યોગદાન આપ્યું છે. તેમાં સરદાર વલ્લભભાઈ પટેલનું સ્થાન ખૂબ જ વિશિષ્ટ છે. તેઓ ભારતના લોખંડી પુરુષ તરીકે ઓળખાતા છે. તેમની દૃઢ ઈચ્છાશક્તિ, નિર્ભયતા, રાષ્ટ્રપ્રેમ, એકતા અને વ્યવહારુ વિચારસરણીને કારણે તેમણે ભારતના ઈતિહાસમાં અમીટ છાપ છોડી છે. તેઓ માત્ર સ્વાતંત્ર્ય સેનાની જ નહોતા, પરંતુ એક કુશળ સંગઠનકર્તા અને રાષ્ટ્રનિર્માતા પણ હતા.

સરદાર પટેલના વિચારોમાં દેશની એકતા, શિસ્ત 'સ્વાભિમાન', 'મહેનત', 'હિંમત' અને કર્તવ્યનિષ્ઠાને વિશેષ સ્થાન મળ્યું છે. તેમના જીવન અને વિચારો આજે પણ દરેક ભારતીય માટે પ્રેરણારૂપ છે.

## → સરદાર પટેલના જીવનનો સંક્ષિપ્ત પરિચય :-

સરદાર વલ્લભભાઈ પટેલનો જન્મ 31 ઑક્ટોબર 1875 ના રોજ ગુજરાતના નડિયાદમાં થયો હતો. બાળપણથી જ તેઓ મહેનતુ, નિડર અને આત્મવિશ્વાસી હતા. તેમણે કાયદાનો અભ્યાસ કરીને વકીલાત શરૂ કરી હતી. પરંતુ મહાત્મા ગાંધીજીના વિચારો અને દેશની પરિસ્થિતિથી પ્રભાવિત થઈને તેમણે પોતાનું જીવન દેશસેવામાં સમર્પિત કર્યું.

ખેડા સત્યાગ્રહ અને બારડોલી સત્યાગ્રહમાં તેમણે ખેડૂતોનું અસરકારક નેતૃત્વ કર્યું. બારડોલીના સત્યાગ્રહમાં તેમના સફળ નેતૃત્વથી લોકોએ તેમને પ્રેમ અને સન્માનથી "સરદાર" ની ઉપાધિ આપી.

Prabhat Stationery

Scanned with CamScanner

ભારતને સ્વતંત્રતા મળ્યા પછી દેશના અનેક દેશી રજવાડાંઓને ભારતીય સંઘમાં જોડવાનું ઐતિહાસિક કાર્ય સરદાર પટેલે કર્યું. તેમની દૃઢતા અને કુશળ રાજકીય સમજણને કારણે ભારતની એકતા મજબૂત બની. તેથી તેમણે ભારતના એકીકરણના શિલ્પી તરીકે પણ યાદ કરવામાં આવે છે.

## * સરદાર પટેલના મુખ્ય વિચારો :-

1) રાષ્ટ્રીય એકતાનો વિચાર :-

સરદાર પટેલના વિચારોમાં રાષ્ટ્રીય એકતાને સર્વોચ્ચ સ્થાન હતું. તેઓ માનતા હતા કે દેશની પ્રગતિ માટે લોકોમાં એકતા હોવી ખૂબ જરૂરી છે. ભાષા, પ્રદેશ, જાતિ કે ધર્મના ભેદભાવથી ઉપર ઉઠીને સૌએ રાષ્ટ્રના હિત માટે સાથે મળીને કામ કરવું જોઈએ. તેમણે દેશના વિવિધ રજવાડાંઓને એકઠા કરીને ભારતને એક રાષ્ટ્ર તરીકે મજબૂત બનાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી. તેમનું જીવન આપણને શીખવે છે કે એકતા હોય ત્યાં શક્તિ હોય છે.

2) હિંમત અને દૃઢ નિશ્ચય :-

સરદાર પટેલ ખૂબ જ નિડર અને દૃઢનિશ્ચયી હતા. મુશ્કેલ પરિસ્થિતિ સામે તેઓ ક્યારેય ગભરાતા ન હોતા. તેઓ માનતા હતા કે કોઈ પણ મુશ્કેલી સામે ધીરજ અને હિંમતથી આગળ વધવું જોઈએ. તેમના જીવન માંથી વિદ્યાર્થીઓને પણ શીખવા મળે છે કે સફળતા મેળવવા માટે માત્ર ઈચ્છા પૂરતી નથી; તેના માટે સતત પ્રયત્ન, આત્મવિશ્વાસ અને દૃઢનિશ્ચય જરૂરી છે.

) સ્વાભિમાન અને આત્મવિશ્વાસ :-

સરદાર પટેલ ભારતીયોના સ્વાભિમાનને ખૂબ મહત્વ આપતા હતા. તેઓ ઈચ્છતા હતા કે ભારતીયો પોતાના દેશ, સંસ્કૃતિ અને ક્ષમતાઓ પર ગર્વ કરે.

તેઓ માનતા હતા કે જે વ્યક્તિ પોતાના વિશ્વાસ રાખે છે તે મુશ્કેલ કાર્ય પૂર્ણ કરી શકે છે. તેમના વિચારો વિદ્યાર્થીઓને આત્મ વિશ્વાસ રાખે છે અને પોતાની ક્ષમતાઓને ઓળખવાની પ્રેરણા આપે છે.

) મહેનત અને કર્તવ્યનિષ્ઠા :-

સરદાર પટેલ માનતા હતા કે મહેનત વગર સફળતા પ્રાપ્ત કરી શકાતી નથી. તેમણે પોતાના જીવનમાં સતત મહેનત અને કર્તવ્ય નિષ્ઠાનું ઉદાહરણ પૂરું પાડ્યું. તેમનું જીવન આપણાને શીખવે છે કે આપણે જે જવાબદારી સ્વીકારીએ તેને ઈમાનદારી અને સંપૂર્ણ નિષ્ઠાથી નિભાવવી જોઈએ.

5) દેશપ્રેમ અને રાષ્ટ્રસેવા :-

સરદાર પટેલ માટે દેશપ્રેમ માત્ર શબ્દ ન હોતો, પરંતુ જીવન જીવવાની રીત હતી. તેમણે પોતાની સફળ વકીલાત છોડીને દેશની આઝાદી માટે પોતાનું જીવન સમર્પિત કર્યું. તેમના મતે દેશની સેવા કરવી એ દરેક નાગરિકની જવાબદારી છે. આજના સમયમાં પણ આપણે દેશની પ્રગતિમાં પોતાનું યોગદાન આપી શકીએ છીએ. ઈમાનદારીથી કામ કરીને, જાહેર સંપતિનું રક્ષણ કરીને સ્વચ્છતા જાળવીને અને દેશની એકતા જાળવીને.

## સરદાર પટેલના પ્રેરણાદાયી સુવિચારો :-

સરદાર પટેલના જીવન અને વિચારોથી પ્રેરિત કેટલાક પ્રખ્યાત સંદેશા નીચે મુજબ છે :

" એકતા વિના કોઈ પણ રાષ્ટ્ર મજબૂત બની શકતું નથી. "

" મનુષ્યે પોતાના પર વિશ્વાસ રાખીને મુશ્કેલીઓનો


Scanned with CamScanner

સામનો કરવો જોઈએ."

"મહેનત અને દૃઢ નિશ્ચયથી અશક્ય લાગતું કાર્ય પણ શક્ય બની શકે છે."

"દેશની એકતા અને અખંડિતતા માટે દરેક નાગરિકે પોતાની ફરજ નિભાવવી જોઈએ."

"હિંમતવાન વ્યક્તિ મુશ્કેલ પરિસ્થિતિમાં પણ પોતાનો માર્ગ શોધી શકે છે."

"સાચી શક્તિ લોકોની એકતામાં રહેલી છે."

## ઉપસંહાર :-

સરદાર વલ્લભભાઈ પટેલનું જીવન ભારતના ઈતિહાસ માટે ગૌરવપૂર્ણ પ્રેરણાસ્ત્રોત છે. તેમની દૃઢતા, હિંમત, એકતા, દેશપ્રેમ, શિસ્ત અને કર્તવ્યનિષ્ઠા આજે પણ આપણને સાચો માર્ગ બતાવે છે. તેમણે માત્ર ભારતની આઝાદીની લડતમાં જ યોગદાન આપ્યું ન હોતું, પરંતુ સ્વતંત્ર ભારતને એક અને અખંડ બનાવવામાં પણ ઐતિહાસિક ભૂમિકા ભજવી હતી.

"એકતા, શિસ્ત, હિંમત અને દેશપ્રેમ"

સરદાર પટેલના જીવનમાંથી મળતો આ સંદેશ દરેક પેઢી માટે cch સદાય પ્રેરણાદાયી રહેશે.



Scanned with CamScanner

# સરદાર પટેલ અને મહાત્મા ગાંધી

વસાવા વૈશાલીબેન. એસ.
રોલ.નં:- 19



ગાંધીજી સત્યના પુજારી,
અહિંસાના મહાન વિચાર
સરદાર હતા લોખંડી પુરુષ,
દેશ માટે અર્પણ જીવનસાર....

ગાંધીજીએ માર્ગ બતાવ્યો,
સત્ય - અહિંસાની શીખ આપી,
સરદારે એકતા જાળવીને
ભારતની શક્તિ વધારી......




ખેડા અને બારડોલીમાં
જનતાનો અવાજ બન્યા,
અન્યાય સામે અડગ રહીને
સત્યના માર્ગે બની ચાલ્યા

# જય હિંદ જય ભારત





Scanned with CamScanner

# સરદાર પટેલ નું શિક્ષણ પ્રત્યેનુ દ્રષ્ટિકોણ

સરદાર વલ્લભભાઈ પટેલ ભારતના મહાન સ્વાતંત્ર્ય સેનાની, રાષ્ટ્રનિર્માતા અને "લોખંડી પુરુષ" તરીકે ઓળખીતા છે તેઓ માત્ર રાજકીય નેતા જ નહોતા, પરંતુ શિક્ષણના મહત્ત્વને સમજતા એક મહાન વિચારક પણ હતા. તેમના મતે શિક્ષણ વ્યક્તિના સર્વાંગી વિકાસનું મહત્ત્વનું સાધન છે શિક્ષણ દ્વારા વ્યક્તિમાં જ્ઞાન સાથે સંસ્કાર, શિસ્ત, આત્મવિશ્વાસ અને જવાબદારી ની ભાવના વિકસવી જોઈએ.

સરદાર પટેલ માનતા હતા કે શિક્ષણ માત્ર પુસ્તકી જ્ઞાન કે પરીક્ષામાં સારા ગુણ મેળવવા પૂરતું ન હોવું જોઈએ. શિક્ષણ એવું હોવું જોઈએ કે જે વ્યક્તિ ને જીવનની મુશ્કેલીઓનો સામનો કરવાની શક્તિ આપે અને તેની આત્મનિર્ભર બનાવે. વિદ્યાર્થીમાં મહેનત, પ્રામાણિકતા, સત્યનિષ્ઠા અને કર્તવ્યભાવ જેવા ગુણો વિકસે તે શિક્ષણનું મુખ્ય ધ્યેય હોવું જોઈએ.

તેમના શિક્ષણવિષયક વિચારોમાં શિસ્ત અને ચારિત્ર્યનિર્માણ ને વિશેષ સ્થાન હતુ. તેઓ માનતા હતા કે દેશના સારા ભવિષ્ય માટે સારા ચારિત્ર્યવાળા નાગરિકો જરૂરી છે તેથી શિક્ષણ દ્વારા વિદ્યાર્થીઓમાં સારા સંસ્કારો, શિસ્ત અને નૈતિક મૂલ્યોનુ ઘડતર થવુ જોઈએ.

Prabhat Stationery

સરદાર પટેલ શિક્ષણને રાષ્ટ્રનિર્માણ સાથે જોડતા હતા. તેઓ તેમના મતે યુવાનો દેશની સૌથી મોટી શક્તિ છે. શિક્ષિત યુવાનોમાં રાષ્ટ્રપ્રેમ, એકતા, સેવા અને જવાબદારી ની ભાવના વિકસે તો તેઓ દેશના વિકાસમાં મહત્વપૂર્ણ યોગદાન આપી શકે. શિક્ષણ વ્યક્તિગત વિકાસની સાથે સમાજ અને રાષ્ટ્રના ઉત્થાન માટે પણ ઉપયોગી બનવું જોઈએ.

તેઓ વ્યવહારુ અને જીવનોપયોગી શિક્ષણના સમર્થક હતા. શિક્ષણથી વ્યક્તિ પોતાના પગ પર ઊભી રહી શકે, પોતાની ક્ષમતાનો વિકાસ કરી શકે અને સમાજમાં સન્માનપૂર્વક જીવન જીવી શકે તે જરૂરી છે આજના સમયમાં કૌશલ્ય આધારિત શિક્ષણ, વ્યવસાયલક્ષી શિક્ષણ અને આત્મનિર્ભરતાને આપવામાં આવતું મહત્વ પણ તેમના વિચારો સાથે સુસંગત છે.

## આજના સમયમાં પ્રાસંગિકતા :-

આજના યુગમાં શિક્ષણ ક્ષેત્રે ખૂબ પરિવર્તન આવ્યું છે. ટેકનોલોજી અને આધુનિક જ્ઞાનની સાથે વિદ્યાર્થીઓમાં સંસ્કાર, શિસ્ત, માનવતા અને જવાબદારી જેવા ગુણો વિકસાવવાની જરૂર છે આ દૃષ્ટિએ સરદાર પટેલના શિક્ષણ વિષયક વિચારો આજે પણ માર્ગદર્શક છે.

સરદાર પટેલનું શિક્ષણ પ્રત્યેનું દૃષ્ટિકોણ ખૂબ જ વ્યાપક અને જીવનલક્ષી હતું. તેમના મતે સાચું શિક્ષણ વ્યક્તિને માત્ર જ્ઞાની નહીં, પરંતુ સંસ્કારી, શિસ્તબદ્ધ, આત્મનિર્ભર અને જવાબદાર નાગરિક બનાવે છે તેથી તેમના શિક્ષણ વિષયક વિચારોમાં જીવનમાં ઉતારીને આપણે સારા સમાજ અને મજબૂત રાષ્ટ્રના નિર્માણ માં યોગદાન આપી શકીએ.



Scanned with CamScanner

- Kazi Ibrahim Imran

# રાષ્ટ્રીય એકતા દિવસનું મહત્વ

"એકતા એ જ આપણી સૌથી મોટી શક્તિ છે."

ભારત એક વિશાળ અને વિવિધતાથી ભરેલો દેશ છે. આપણા દેશમાં અલગ અલગ ભાષાઓ બોલાય છે, જુદા-જુદા ધર્મો અને સંપ્રદાયો છે, વિવિધ વેશભૂષા, ખાણીપીણી, પરંપરાઓ અને સંસ્કૃતિઓ જોવા મળે છે. તેમ છતાં આપણે સૌ એક જ દેશના નાગરિક તરીકે અને આપણી સૌથી મોટી ઓળખ "ભારતીય" છે. આ વિવિધતામાં એકતા જ ભારતની સાચી ઓળખ અને શક્તિ છે.

ભારતની એકતા અખંડિતતા માટે અનેક મહાન વ્યક્તિઓએ પોતાનું જીવન સમર્પિત કર્યું છે. તેમાં સરદાર વલ્લભભાઈ પટેલનું નામ ખૂબ જ આદરપૂર્વક લેવામાં આવે છે. ભારતને એકસૂત્ર બાંધવામાં તેમણે ખૂબ જ મહત્વનું યોગદાન આપ્યું. તેથી તેમની જન્મજયંતી એટલે કે 31 ઓક્ટોબર ને સમગ્ર દેશમાં "રાષ્ટ્રીય એકતા દિવસ" તરીકે ઉજવવામાં આવે છે.

## રાષ્ટ્રીય એકતા દિવસ શું છે?

રાષ્ટ્રીય એકતા દિવસ આપણને દેશની એકતા, અખંડિતતા અને સુરક્ષાનું મહત્વ સમજાવતો દિવસ છે. ભારત સરકાર



Scanned with CamScanner

દ્વારા વર્ષ 2014 થી દર વર્ષે 31 ઓક્ટોબરના રોજ રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણી કરવામાં આવે છે. આ દિવસે સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતી પણ છે.

આ દિવસની ઉજવણીનો મુખ્ય હેતુ દેશના નાગરિકોમાં એકતા, ભાઈચારો, રાષ્ટ્રપ્રેમ અને દેશ પ્રત્યેની જવાબદારીની ભાવના વધારવાનો છે. આપણે બધા અલગ અલગ હોઈ શકીએ, પરંતુ દેશની બાબતમાં આપણે સૌ એક છીએ, એ ભાવના આ દિવસ આપણામાં જગાવે છે.

## સરદાર વલ્લભભાઈ પટેલ અને રાષ્ટ્રીય એકતા

ભારતને 1947 માં સ્વતંત્રતા મળી ત્યારે દેશમાં અનેક દેશી રજવાડાં હતાં. આ રજવાડાંઓને એક સાથે જોડીને એક મજબૂત ભારત બનાવવાનું કાર્ય ખૂબ જ મુશ્કેલ હતું. સરદાર પટેલે પોતાની સમજદારી, દૃઢતા અને રાજદ્વારી કુશળતા થી મોટાભાગના રજવાડાંઓને ભારતીય સંઘમાં જોડવામાં મહત્વની ભૂમિકા ભજવી.

તેમના પ્રયત્નોથી ભારતનું રાષ્ટ્રીય એકીકરણ મજબૂત બન્યું. તેથી જ સરદાર પટેલને એકતાના શિલ્પી તરીકે પણ યાદ કરવામાં આવે છે.

- આપણે હંમેશા યાદ રાખવું જોઈએ કે :-

"વિવિધતા આપણી સુંદરતા છે અને એકતા આપણી શક્તિ છે."

## આજના સમયમાં એકતાનું મહત્વ

આજના સમયમાં રાષ્ટ્રીય એકતા ખૂબ જરૂરી છે. સોશિયલ મીડિયાના કારણે ખોટી માહિતી અને અફવાઓ ઝડપથી ફેલાઈ શકે છે, જાતિ, ધર્મ, ભાષા કે પ્રદેશના આધારે ભેદભાવ દેશની એકતાને નુકસાન પહોંચાડી શકે છે. તેથી આપણે એકબીજાના વિચારો અને સંસ્કૃતિનું સન્માન કરવું જોઈએ અને સોશિયલ મીડિયાનો જવાબદારીપૂર્વક ઉપયોગ કરવો જોઈએ.

## રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણી

આ દિવસે શાળાઓ અને કોલેજમાં એકતા અંગે શપથ, રેલી, ભાષણ, નિબંધ સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા, ક્વિઝ અને સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાય છે. આ કાર્યક્રમો દ્વારા વિદ્યાર્થીઓને સરદાર પટેલના જીવન અને દેશની એકતાનું મહત્વ સમજાવવામાં આવે છે.

## ઉપસંહાર :-

રાષ્ટ્રીય એકતા દિવસ માત્ર એક દિવસની ઉજવણી નથી, પરંતુ દેશની એકતા અને અખંડિતતા જાળવવાનો સંકલ્પ કરવાનો દિવસ છે. દેશના વિકાસ માટે એકતા અને સહકાર ખૂબ જરૂરી છે.

"એકતા આપણું બળ છે,
અખંડિતતા આપણી ઓળખ છે,
અને ભારત આપણું ગૌરવ છે."

પટેલ ઉર્વિશાબેન. એ
રોલ નંબર :-10



# બારડોલી સત્યાગ્રહ અને સરદાર પટેલ

"અન્યાય સામે ઝૂકવું નહીં,
એ જ સાચો ધર્મ છે,
બારડોલીનો આ સત્યાગ્રહ
દેશનું મોટું કર્મ છે."

ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામના ઇતિહાસમાં 'બારડોલી સત્યાગ્રહ' એ સોનેરી અક્ષરે લખાયેલું એક પ્રકરણ છે, જેણે દેશના ખેડૂતોની સુતેલી શક્તિ અને એકતાને જગાવી દીધી હતી. આ માત્ર એક કરવિરોધી આંદોલન ન હતું, પરંતુ બ્રિટિશ સામ્રાજ્યના અહંકાર સામે ગરીબ અને મજબૂર ખેડૂતોનું ધર્મયુદ્ધ હતું. આ ઐતિહાસિક લડતને સફળતાના શિખર સુધી પહોંચાડનાર અને દેશના ખેડૂતોના સાચા તારણહાર બનનાર મહામાનવ એટલે વલ્લભભાઈ પટેલ. આ સત્યાગ્રહે ભારતના નકશા પર વલ્લભભાઈને એક એવા લોખંડી નેતા તરીકે સ્થાપિત કર્યા, જેમણે આગળ જઈને અખંડ ભારતનું નિર્માણ કર્યું.

આ સત્યાગ્રહની શરૂઆત વર્ષ 1928માં થઈ, જ્યારે અંગ્રેજ સરકારે બારડોલી તાલુકાના ખેડૂતો પર જમીન મહેસૂલમાં અચાનક 22% જેટલો તોતિંગ વધારો ઝીંકી દીધો. કુદરત પણ એ સમયે રૂઠી હતી. આખો પ્રદેશ દુષ્કાળ અને પ્લેગની મહામારીથી પીડાતો હતો. ખેડૂતો પાસે ખાવાના

Prabhat Stationery

Scanned with CamScanner

દાણા નહોતાં, ત્યાં સરકારને આટલો મોટો કર ક્યાંથી ચૂકવે ? ન્યાય માટે ખેડૂતોએ સરકારના દરવાજા ખખડાવ્યા, પણ અંગ્રેજોની બહેરી સરકારે તેમની એક જ સાંભળી. આ કપરાં સમયે અન્યાયનાં અંધકાર વચ્ચે ખેડૂતોને વલ્લભાઈ પટેલના રૂપમાં આશાનું કિરણ દેખાયું અને મહાત્મા ગાંધીજીની સંમતિ મળ્યા પછી વલ્લભભાઈએ આ આંદોલનની કમાન પોતાના હાથમાં લીધી.

" સિંહની ગર્જના જેવી હતી જેની વાણી

એવા હતા આપણા લોખંડી પુરુષ સરદાર

નામી "

વલ્લભભાઈએ બારડોલીની ધરતી પર પગ મૂકતાં જ ખેડૂતોના હૃદયમાંથી ડર ભગાડી દીધો. તેમણે આખા તાલુકાને શિસ્તબદ્ધ છાવણીઓમાં વહેંચી દીધું અને ખેડૂતોને પવિત્ર સોગંદ લેવડાવ્યાં કે જાન જાય પણ જમીન ન જાય, સરકારને એક પણ પાઈ કર તરીકે આપવી નથી. બ્રિટિશ સરકાર આ આંદોલનથી ગભરાય ગઈ અને તેણે લડતને કચડવા માટે ખેડૂતોની જમીનો, કિંમતી ઢોર-ઢાંખર અને ઘરવખરી જપ્ત કરવાનું શરૂ કર્યું પરંતુ વલ્લભભાઈના કુશળ માર્ગદર્શન હેઠળ ખેડૂતો હિમાલયની જેમ અડગ રહ્યા. લોકોએ પોતાના ઘરોને તાળા મારી દીધા અને જપ્તી કરવા આવતા સરકારી અધિકારીઓનો એવો સજ્જડ સામાજિક બહિષ્કાર કર્યો કે અધિકારીઓને પીવાનું પાણી મળવું પણ મુશ્કેલ થઈ ગયું. પુરુષોની સાથે બારડોલીની બહેનોએ પણ આ લડતમાં અદ્‌ભુત હિંમત બતાવી.

Prabhat Stationery

Scanned with CamScanner

આખરે બ્રિટિશ સત્તાના અહંકારને વલ્લભભાઈ પટેલની સંગઠન શક્તિ અને ખેડૂતોની મક્કમતા સામે ઝૂકવું પડ્યું. સરકારે ન્યાયિક તપાસ સમિતિની રચના કરવી પડી અને તપાસના અંતે કરનો વધારો 22% થી ઘટાડીને માત્ર 6.25% કરી દેવામાં આવ્યો. ખેડૂતોની જપ્ત કરાયેલી તમામ જમીનો માનભેર પાછી મળી અને જેલમાં ગયેલા આંદોલનકારીઓ મુક્ત થયાં. આ અજોડ વિજય પછી, આખા દેશમાં વલ્લભભાઈનો જયજયકાર થઈ ગયો. અને બારડોલીની બહેનો વતી પૂજ્ય મહાત્મા ગાંધીજીએ વલ્લભભાઈને 'સરદાર' એટલે કે નેતાનું અમર બિરુદ આપ્યું.

બારડોલી સત્યાગ્રહે સાબિત કરી દીધું કે જો સત્ય અને એકતા હોય, તો ગમે તેવી ક્રૂર સત્તાને પણ ઘૂંટણિયે લાવી શકાય છે. સરદાર પટેલનું લોખંડી મનોબળ, અદ્ભુત નેતૃત્વ અને ખેડૂતોની આ શૌર્યગાથા આજે પણ દેશના પ્રત્યેક નાગરિકને અન્યાય સામે સદાય લડવાની પ્રેરણા આપે છે. ભારતભૂમિના આવા વીર પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલને શત શત વંદન।

"સરદાર પટેલનું જીવન આપણને દેશની એકતા માટે હંમેશા પ્રયત્ન કરવાની શીખ આપે છે."

Prabhat Stationery

Scanned with CamScanner

વસાવા ખુશ્બુબેન દિનેશભાઈ
રોલ નંબર : 11 S.Y B.ed

# બારડોલી સત્યાગ્રહ અને સરદાર વલ્લભભાઈ પટેલ

પ્રસ્તાવના : ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામના ઇતિહાસમાં 'બારડોલી સત્યાગ્રહ' એક સીમાચિહ્નરૂપ ઘટના છે. વર્ષ 1928માં ગુજરાતના સુરત જિલ્લાના બારડોલી તાલુકામાં થયેલો આ ખેડૂત આંદોલન માત્ર કર વિરોધી પ્રશ્ન નહોતું, પરંતુ તે અન્યાય સામે અહિંસક લડતનું ઉત્કૃષ્ટ ઉદાહરણ હતું. આ સત્યાગ્રહના મુખ્ય સૂત્રધાર અને નાયક વલ્લભભાઈ પટેલ હતા. આ સફળ આંદોલનથી જ વલ્લભભાઈ પટેલને સમગ્ર દેશમાં 'સરદાર' નું બિરુદ મળ્યું હતું.

વર્ષ 1925માં બારડોલી તાલુકામાં ભયંકર પૂર અને દુષ્કાળ પડયો હતો, જેના કારણે ખેતી પાક સંપૂર્ણપણે નિષ્ફળ ગયો હતો. ખેડૂતોની આર્થિક સ્થિતિ ખૂબ જ દયનીય બની ગઈ હતી. આવી કપરી પરિસ્થિતિમાં પણ બ્રિટિશ સરકારે ન્યાયના સિદ્ધાંતોને નેવે મૂકીને બારડોલીના ખેડૂતો પર જમીન મહેસૂલમાં 22 ટકાનો જંગી વધારો ઝીંકી દીધો. ખેડૂતોએ સરકારને આ વધારો પાછો ખેંચવા ઘણી વિનંતીઓ કરી, અરજીઓ આપી પરંતુ ક્રૂર અંગ્રેજ સરકારે તેમની એક પણ ન સાંભળી.

જ્યારે સ્થાનિક સ્તરે કોઈ ઉકેલ ન આવ્યો ત્યારે બારડોલીના ખેડૂતોએ અમદાવાદ આવીને વલ્લભભાઈ પટેલને આ આંદોલનનું નેતૃત્વ સંભાળવા વિનંતી કરી.

Prabhat Stationery

Scanned with CamScanner

મહાત્મા ગાંધીજીની સંમતિ મેળવ્યા બાદ વલ્લભભાઈએ ફેબ્રુઆરી ૧૯૨૮માં આંદોલનની કમાન પોતાના હાથમાં લીધી.

વલ્લભભાઈએ લડત શરૂ કરતા પહેલા ખેડૂતોને ચેતવ્યા હતા કે આ લડાઈ લાંબી અને કઠિન હશે, જેમાં હાર-જીત અને જમીન ગુમાવવાનો પણ વારો આવી શકે છે. ખેડૂતોની સંમતિ બાદ તેમણે સમગ્ર બારડોલી તાલુકાને ૧૩ છાવણીઓમાં વહેંચી દીધું અને દરેક છાવણીમાં અનુભવી કાર્યકરોની નિમણૂક કરી. તેમણે ખેડૂતોને પવિત્ર ગ્રંથોના સોગંદ લેવડાવીને પ્રતિજ્ઞા લેવડાવી કે તેઓ " એક પણ પાઈ કર આપશે નહી."

સરદાર પટેલે આંદોલનને વેગ આપવા માટે મહિલાઓ અને યુવાનોને સક્રિય કર્યા. મીઠુબેન પિટિટ અને ભક્તિબા જેવી મહિલાઓએ ગામડાઓમાં ફરીને જાગૃતિ ફેલાવી. સરકારે આંદોલનને કચડી નાખવા દમનચક્ર શરૂ કર્યું. ખેડૂતોની જમીન જપ્ત કરવામાં આવી. ભેંસો અને બળદોને જપ્ત કરીને હરાજી કરવામાં આવી અને કિંમતી સામાન જપ્ત કરી લેવાયો. સરકારે ખેડૂતોને ડરાવવા પઠાણોની પણ નિમણૂક કરી પરંતુ વલ્લભભાઈની પ્રેરણાથી ખેડૂતો અડગ રહ્યા. આખું ગામ પોતાના ઘરોને તાળા મારીને ખેતરોમાં કે ગુપ્ત સ્થળોએ ચાલ્યું જતું, જેથી સરકારી અધિકારીઓ જપ્તી ન કરી શકે.

બારડોલીના ખેડૂતોની અડગતા અને સરદાર પટેલની કુશળ વ્યૂહરચના સામે આખરે બ્રિટિશ સરકારે નમવું પડ્યું. આખા દેશમાંથી આ લડતને ટેકો મળવા લાગ્યો અને મુંબઈ લેજિસ્લેટિવ કાઉન્સિલના કેટલાક સભ્યોએ રાજીનામાં આપી દીધા. મામલો

વધુ લાગતાં છેવટે બ્રિટિશ સરકારે ન્યાયિક તપાસ માટે મેક્સવેલ - બ્લુમફિલ્ડ સમિતિ'ની રચના કરી. આ સમિતિએ તપાસ બાદ સ્વીકાર્યું કે કર ખોટો હતો અને મહેસૂલનો વધારો ૨૨ ટકાથી ઘટાડીને માત્ર ૬.૦૩ ટકા કરી દેવામાં આવ્યો. જપ્ત થયેલી જમીનો અને પશુઓ ખેડૂતોને પાછા સોંપવામાં આવ્યા.

આ ઐતિહાસિક વિજય બાદ બારડોલીની મહિલાઓએ વલ્લભભાઈ પટેલની વીરતા, સંગઠન શક્તિ અને કડક નેતૃત્વથી પ્રભાવિત થઈને તેમને 'સરદાર' નું બિરુદ આપ્યું. મહાત્મા ગાંધીજીએ પણ આ બિરુદને સહર્ષ સ્વીકાર્યું અને વલ્લભભાઈ કાયમ માટે જગતના હૃદયના 'સરદાર પટેલ' બની ગયા.

ઉપસંહાર :- બારડોલી સત્યાગ્રહે સાબિત કરી દીધું કે જો એકતા, શિસ્ત અને અહિંસાને માર્ગે ચાલવામાં આવે તો દુનિયાની ગમે તેવી મોટી સત્તાને પણ ઝુકાવી શકાય છે. આ આંદોલને દેશના અન્ય ભાગોના ખેડૂતોમાં પણ નવો આત્મવિશ્વાસ જગાડ્યો. સરદાર વલ્લભભાઈ પટેલની લોખંડી ઇચ્છાશક્તિ અને કુશળ આયોજનનું આ પ્રથમ મોટું ઉદાહરણ હતું, જેણે આગળ જઈને ભારતના એકીકરણમાં મુખ્ય ભૂમિકા ભજવી. બારડોલી સત્યાગ્રહ અને સરદાર પટેલનું નામ ભારતના ઇતિહાસમાં સુવર્ણ અક્ષરે અંકિત રહેશે.

Prabhat Stationery

Scanned with CamScanner

નામ :- ડાયદા આશિયા યુસુફ
રોલ નંબર :- 25
S.Y.B.ed Sem : 3

# વિષય :- આજના યુવાનો માટે સરદાર પટેલની પ્રેરણા.

## પ્રસ્તાવના :-

આજના યુવાનો માટે સરદાર વલ્લભભાઈ પટેલનું જીવન અને તેમના વિચારો પ્રેરણાનો એક અખૂટ સ્ત્રોત છે. ભારતને એક અને અખંડ બનાવવામાં તેમણે જે અદ્ભુતપૂર્વ યોગદાન આપ્યું છે, તેના કારણે તેમને "ભારતના લોખંડી પુરુષ" તરીકે ઓળખવામાં આવે છે. આજના ઝડપથી બદલાતા યુગમાં, જ્યારે યુવાનો સામે અનેક પડકારો અને દિશાભૂલ થવાની શક્યતાઓ છે. ત્યારે સરદાર પટેલનાં આદર્શો, મૂલ્યો અને કાર્યશૈલી યુવા પેઢીને સાચી દિશા દર્શાવવાનું કામ કરે છે.

## દ્રઢ મનોબળ અને નિર્ણાયકતા :-

સરદાર પટેલનું સૌથી મોટું લક્ષણ તેમનું દ્રઢ મનોબળ હતું. તેઓ જે કામ હાથમાં લેતા, તેને પૂરું કરીને જ જંપતા. 560 થી વધુ દેશી રજવાડાંઓનું ભારતમાં વિલીનીકરણ કરવું એ અત્યંત કઠિન અને અશક્ય લાગતું કાર્ય હતું, પરંતુ પોતાની અડગ નિર્ણાયકતા અને કુશળતાથી તેમણે આ કાર્ય સફળતાપૂર્વક પાર પાડ્યું. આજના યુવાનો માટે આ એક મોટો પાઠ છે. કે જીવનમાં ભલે ગમે તેટલી નિષ્ફળતાઓ કે મુશ્કેલીઓ આવે, જો મનોબળ મક્કમ હોય તો કોઈ પણ લક્ષ્ય મેળવી શકાય છે.

## संगठन शक्ति अने सफळ नेतृत्व :-

બારડોલી સત્યાગ્રહ દરમિયાન તેમણે ખેડૂતોને એકજૂથ કરીને બ્રિટિશ હકુમત સામે જે નેતૃત્વ પૂરું પાડ્યું. તેનાથી પ્રભાવિત થઈને બારડોલી ની મહિલાઓએ તેમને "સરદાર નું બિરુદ" આપ્યું હતું. સફળ નેતૃત્વ એ માત્ર આદેશો આપવાનું નથી, પરંતુ સાથે મળીને કામ કરવાનું અને લોકોમાં વિશ્વાસ ઊભો કરવાનું છે.

આજના યુવાનો, જેઓ વિવિધ ક્ષેત્રોમાં નેતૃત્વ કરવા માંગે છે. તેમણે ટીમવર્ક, સંગઠન ક્ષમતા અને સામૂહિક હિત માટે કામ કરવાના સરદાર સાહેબના ગુણો અપનાવવા જોઈએ.

## " ઓછું બોલો, વધુ કામ કરો " - વ્યાવહારિક દ્રષ્ટિકોણ

સરદાર પટેલ ખાલી વાતો કે આડંબર કરવાને બદલે વાસ્તવિક કામ કરવામાં માનતા હતા. તેમને સ્પષ્ટ વિચાર હતો કે " ઓછું બોલો અને વધુ કામ કરો." આજના ડિજિટલ યુગમાં, જ્યાં ઘણીવાર વાસ્તવિક પ્રયાસો કરતાં સોશિયલ મીડિયા કે વાતો પર વધુ ધ્યાન આપવામાં આવે છે. ત્યાં સરદાર સાહેબ આ સિદ્ધાંત યુવાનોને પરિણામલક્ષી અને મહેનતુ બનવાની પ્રેરણા આપે છે.

સરદાર પટેલ ભારતને એક અને અખંડ બનાવવા માટે જે નિષ્ઠા અને ધીરજ દાખવી, તેમાથી યુવાનો એ ઘણું શીખવા જેવું છે. મુશ્કેલ થી મુશ્કેલ પરિસ્થિતીમાં પણ હાર



Scanned with CamScanner

માવ્યા વગર મક્કમતાથી નિર્ણય લેવાની તેમની ક્ષમતા યુવાનોને પોતાના લક્ષ્ય પ્રત્યે અડીખમ રહેવાની પ્રેરણા આપે છે. દેશની હિતને સર્વોપરી રાખવાનો તેમનો સિદ્ધાંત યુવાનોમાં સાચા દેશપ્રેમ અને જવાબદારીનું સિંચન કરે છે.

→ રાષ્ટ્ર પ્રથમ ની ભાવના અને દેશપ્રેમ :-

સરદાર પટેલ માટે દેશનું હિત અને રાષ્ટ્રીય અખંડિતતા જ સર્વોપરી હતા. તેમણે પોતાના વ્યક્તિગત સ્વાર્થ કે હોદ્દાની ક્યારેય પરવા ન કરી. આજના યુવાનો એ પણ દેશનાં વિકાસ, સામાજિક સમરસતા અને રાષ્ટ્રીય અખંડિતતા જાળવવામાં સક્રિય ભૂમિકા ભજવવી જોઈએ. જ્ઞાતિ, ધર્મ કે પ્રદેશનાં ભેદભાવ થી ઉપર ઊઠીને "પહેલા ભારત" ની ભાવના કેળવવી એ સમયની માંગ છે.

→ શિસ્ત અને પ્રામાણિકતા :-

સરદાર પટેલનું જીવન અત્યંત સાદગીપૂર્ણ અને પ્રામાણિકતા હતું સંસ્કારી અને જાહેર જીવન તેમણે ક્યારેય પોતાના પદનો દુરુપયોગ કર્યો નથી. કાયદાકીય અને વહીવટી ક્ષેત્રે તેમની શિસ્ત અને પ્રામાણિકતા અપ્રતિમ હતી. આજના યુવાનોએ પ્રામાણિક જીવન, પોતાનાં વ્યવસાયિક અને અંગત જીવનમાં નીતિમત્તા, શિસ્ત અને ઈમાનદારી જાળવી રાખવાનો સંકલ્પ કરવો જોઈએ.

સરદાર વલ્લભભાઈ પટેલ માત્ર ભૂતકાળનો ઈતિહાસ નથી, પરંતુ વર્તમાન અને ભવિષ્ય માટેના માર્ગદર્શક છે.

જો આજના યુવાનો એ પોતાના વ્યવસાયિક જીવન અને પોતાના જીવન માટે સરદાર ના વિચારો અપનાવવા જોઈએ. જો આજના યુવાનો તેમના જીવનમાંથી દૃઢ નિશ્ચય, શિસ્ત, રાષ્ટ્રપ્રેમ અને સફળ નેતૃત્વ ના પાઠ શીખીને પોતાના જીવનમાં ઉતારે, તો તેઓ માત્ર પોતાનું ભવિષ્ય જ નહીં પરંતુ સમગ્ર ભારત દેશને સક્ષમ અને સમૃદ્ધ રાષ્ટ્ર બનાવી શકે છે.

અખંડ ભારતનો રચયિતા, દેશનાં એ આધાર હતાં,
લોખંડી મનોબળ જેનું, સરદાર એનું નામ હતું.
વાતો ઓછી ને કામ વધારે, એ જ એમનો મંત્ર હતાં,
એકતાની તાંતણે બાંધનાર, એ દેશનો સાચો રક્ષક હતો.

~~~~~ સમાપ્ત ~~~~~

Prabhat Stationery

Scanned with CamScanner
~~~~~

# સરદાર વલ્લભભાઈ પટેલ અને મહાત્મા ગાંધી

ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામના સમૃદ્ધ ઇતિહાસમાં અનેક મહાન નેતાઓ અને દેશભક્તો થઈ ગયા પરંતુ મહાત્મા ગાંધી અને સરદાર વલ્લભભાઈ પટેલની જોડી જેવી અદ્ભુત, પ્રભાવશાળી અને પૂરક જોડી બીજી કોઈ જોવા મળતી નથી. ભારતીય મુક્તિ સંગ્રામરૂપી રથના આ બે મુખ્ય પૈડાં હતા. ગાંધીજી જો સ્વતંત્રતા આંદોલનના 'પ્રાણ' અને આત્મા હતા, તો વલ્લભભાઈ પટેલ તે વિચારોને વાસ્તવિકતાના ધરાતલ પર ઉતારનાર 'જાદુ' અને 'સંકલ્પ શક્તિ' હતા. આ બંને મહાનુભાવો વચ્ચેનો સંબંધ માત્ર રાજકીય કાર્ય પૂરતો સીમિત ન હતો, પરંતુ તે ગુરુ - શિષ્યના પવિત્ર ભાવ, અગાધ આદર, ગાઢ શ્રદ્ધા અને નિઃસ્વાર્થ દેશપ્રેમ પર સ્થપાયેલો એક આત્મિક સંબંધ હતો. બંનેના વ્યક્તિત્વ અલગ હોવા છતાં દેશહિતના એક જ લક્ષ્ય માટે તેઓ એક થઈને લડ્યા હતા.

પ્રથમ મુલાકાત અને પરિવર્તનની ક્ષણ આશ્ચર્યની વાત એ છે કે સરદાર વલ્લભભાઈ પટેલ શરૂઆતમાં ગાંધીજીના વિચારો અને તેમની લડત આપવાની શૈલીથી બિલકુલ પ્રભાવિત ન હતા. લંડનથી બેરિસ્ટરની પદવી મેળવીને આવેલા વલ્લભભાઈ જ્યારે અમદાવાદની ગુજરાત ક્લબમાં રમત રમતા ત્યારે ગાંધીજીના સત્યાગ્રહ અને અહિંસાના વાતોની ટીકા કરતા. તેઓ માનતા હતા કે અંગ્રેજો જેવી ક્રૂર સત્તા સામે માત્ર સત્યાગ્રહ કે અહિંસાથી આઝાદી મેળવી શકાય નહીં.

Vision Stationery

પરંતુ વર્ષ 1917 માં ગોધરા ખાતે યોજાયેલી ગુજરાત રાજકીય પરિષદમાં જ્યારે વલ્લભભાઈએ ગાંધીજીનું ઓજસ્વી ભાષણ સાંભળ્યું અને તેમની સરળતા, અચળ નિષ્ઠા તથા દેશપ્રેમ પ્રત્યક્ષ જોયા, ત્યારે તેમના માનસપટલ પર ઊંડી અસર થઈ. ત્યારબાદ 1918 ના ખેડા સત્યાગ્રહ વખતે જ્યારે ગાંધીજીને એક એવા કડક અને સમર્પિત નેતાની જરૂર હતી જે ખેડૂતો વચ્ચે જઈને લડતનું નેતૃત્વ કરી શકે, ત્યારે વલ્લભભાઈ આગળ આવ્યા. તેમણે પોતાની ધીકતી વકીલાત, આરામદાયક બંગલો, વિદેશી કપડાં અને વૈભવી જીવનનો ક્ષણભરમાં ત્યાગ કર્યો. તેમણે ગાંધીજીને પોતાના ગુરુ માન્યા અને પોતાનું સંપૂર્ણ જીવન દેશસેવાના યજ્ઞમાં હોમી દીધું.

સાથે વિતાવેલો સમય અને જેલના અનુભવો સ્વતંત્રતાની લડત દરમિયાન ગાંધીજી અને સરદાર પટેલે ઘણો સમય સાથે વિતાવ્યો હતો. આ સમય માત્ર આંદોલનની યોજનાઓ બનાવવાનો ન હતો, પરંતુ પરસ્પર સ્નેહ અને આત્મીયતા કેળવવાનો પણ હતો. વર્ષ 1932 માં સવિનય કાનૂન ભંગ આંદોલન દરમિયાન બંને નેતાઓને પૂણેની યરવડા જેલમાં સાથે રાખવામાં આવ્યા હતા. આ 16 મહિનાનો જેલવાસ તેમના સંબંધોની પરાકાષ્ઠા સમાન હતો.

યરવડા જેલમાં સરદાર પટેલ કડક નેતા મટીને ગાંધીજીના એક વાત્સલ્યસભર પિતા કે પુત્રની જેમ સેવા કરતા. ગાંધીજીના સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું, તેમના માટે લીંબુ શરબત બનાવવું, આરામ પણ

Stationery

પગચંપી કરવા અને ગાંધીજી માટે દંતધાવન તૈયાર કરવા સુધીના નાનામાં નાના કાર્યો સરદાર સ્વયં કરતા. વળી સરદાર પટેલનો સ્વભાવ ખૂબ રમુજી હતો. તેઓ જેલનાં એકાંત અને તણાવપૂર્ણ વાતાવરણમાં પણ એવી હળવી મજાક મસ્તી કરતા કે ગાંધીજી ખડખડાટ હસી પડતા. ગાંધીજીએ પાછળથી પોતાના આત્મકથનમાં લખ્યું હતું : " હું જેલમાં વલ્લભભાઈ સાથે રહ્યો તે મારા જીવનના સૌથી મધુર અનુભવોમાંનો એક હતો. તેમની માતૃવત્ સેવા અને અદ્ભુત રમૂજવૃત્તિએ મને ક્યારેય જેલમાં હોવાનો અહેસાસ થવા દીધો નથી."

સ્વતંત્રતા આંદોલનોમાં સક્રિય થયા ગાંધીજીના માર્ગદર્શન હેઠળ સરદાર પટેલે દેશના ખૂણે-ખૂણે સ્વતંત્રતાની ચળવળને પહોંચાડી હતી. ગાંધીજીએ જે રસ્તો ચીંધ્યો, સરદાર પટેલે પોતાની અજોડ સંગઠન શક્તિથી તેને જનઆંદોલન બનાવી દેતા :

○ ખેડા સત્યાગ્રહ (1918) :

અતિવૃષ્ટિના કારણે પાક નિષ્ફળ જવા છતાં અંગ્રેજો ખેડૂતો પાસેથી જુલમી મહેસૂલ હતા. ગાંધીજીના આદેશથી વલ્લભભાઈએ ગામડે- ગામડે ફરીને ખેડૂતોમાં સંગઠન ઊભું કર્યું. અને મહેસૂલ ન ભરવાની લડત સફળ બનાવી.

○ બારડોલી સત્યાગ્રહ (1928) :

અન્યાયી કરવધારા સામે સરદાર પટેલે બારડોલીના ખેડૂતોને કડક શિસ્ત અને અહિંસાના માર્ગે લડાવ્યા. આ લડતની અભૂતપૂર્વ સફળતા બાદ ગાંધીજી અને બારડોલીની બહેનોએ વલ્લભભાઈને " સરદાર " નું અમર બિરુદ આપ્યું.

Stationery

○ દાંડી કૂચ અને ભારત છોડો આંદોલન :

1930ની મીઠાના સત્યાગ્રહની દાંડી યાત્રા પૂર્વે સરદારે જનમતની લોકી કરીને પાયાપ્રમાણે તૈયાર કર્યું. 1942 ના 'ભારત છોડો' આંદોલનમાં ગાંધીજીના 'કરેંગે યા મરેંગે' ના મંત્રને સરદારે પ્રજાના હૃદય સુધી પહોંચાડ્યો હતો.

વિચારો, કાર્યશૈલી અને મતભેદો છતાં એકતા ગાંધીજી અને સરદાર પટેલના વિચારોમાં અને કાર્યશૈલીમાં પાયાનો તફાવત હતો, પરંતુ આ તફાવત ક્યારેય તેમના સંબંધમાં વિભાજન લાવી શક્યો ન હતો.

ગાંધીજી મૂળભૂત રીતે આદર્શવાદી, નૈતિકતાના આગ્રહી અને અહિંસાના પૂજારી હતા. તેઓ આમ પણ દુશ્મનના હૃદય પરિવર્તનમાં માનતા હતા. બીજી તરફ સરદાર પટેલ અત્યંત વ્યવહારુ, કડક શાસક અને પરિણામલક્ષી નેતા હતા. તેઓ વાસ્તવિકતાને પકડતા હતા. આ જ કારણે તેમને 'લોખંડી પુરુષ' કહેવામાં આવ્યા.

જ્યારે પણ દેશહિતના કે સંગઠનના મુદ્દાઓ આવતા ત્યારે ગાંધીજી અને સરદાર વચ્ચે વિચારોની આપ-લે થતી. કેટલાક પ્રસંગોએ મતભેદ પણ થતા હતા. પરંતુ સરદાર પટેલ માટે ગાંધીજીનો આદેશ આખરી આદેશ બનતો. 1946 માં કોંગ્રેસ પ્રમુખની ચૂંટણી વખતે મોટાભાગની પ્રાંતિક સમિતિઓએ સરદાર પટેલનું નામ સૂચવ્યું હતું. જો સરદાર પ્રમુખ બન્યા હોત. પરંતુ ગાંધીજીની ઈચ્છા જવાહરલાલ નેહરુને વડાપ્રધાન બનાવવાની હતી. ગાંધીજીના એક ઈશારે

Stationery

Scanned with CamScanner

સરદાર પટેલે ક્ષણનો પણ વિલંબ કર્યા વિના પોતાનું નામ પાછું ખેંચી લીધું. આ પ્રસંગ સરદાર પટેલના ત્યાગ, શિસ્ત અને ગાંધીજી પ્રત્યેની અસીમ નિષ્ઠાનું સુંદર ઉદાહરણ છે.

દેશપ્રેમ અને અખંડ ભારતનું સ્વપ્ન ગાંધીજી અને સરદાર પટેલ બંને માટે 'દેશપ્રથમ' નો સિદ્ધાંત સર્વોપરી હતો. દેશને આઝાદી આપવા માટે બંનેએ પોતાના સુખ-સાહ્યબીનો ત્યાગ કરીને જેલવાસ ભોગવ્યો હતો. પરંતુ 15 ઓગસ્ટ 1947ના રોજ મળેલી આઝાદી પોતાની સાથે વિભાજનનું ભારે દર્દ પણ લાવવામાં આવી હતી.

આઝાદી સમયે ભારત સામે સૌથી મોટો પડકાર એ હતો કે દેશ 565 થી વધુ નાના-મોટા દેશી રજવાડાઓમાં વહેંચાયેલો હતો. બ્રિટિશરો ભારતને છિન્નભિન્ન કરીને જવા માંગતા હતા. આ સમયે ગાંધીજીના નૈતિક આશીર્વાદ અને સરદાર પટેલની અદ્ભુત મુત્સદ્દીગીરી, સામ-દામ-દંડ-ભેદની નીતિ કામ ગઈ. સરદાર પટેલે પોતાના દૃઢ મનોબળથી તમામ રજવાડાઓનું ભારતીય સંઘમાં વિલીનીકરણ કરાવ્યું. ગાંધીજીએ જે સ્વતંત્ર ભારતનું સપનું જોયું હતું. તેને સરદાર પટેલે 'અખંડ ભારત'નું ભૌગોલિક અને રાજકીય સ્વરૂપ આપ્યું.

30 જાન્યુઆરી 1948ના રોજ જ્યારે ગાંધીજીની હત્યા કરવામાં આવી, તેના થોડા સમય પહેલાં જ સરદાર પટેલ ગાંધીજી સાથે વાતો કરી

Scanned with CamScanner

રહ્યા હતા. ગાંધીજીના નિર્વાણના સમાચારથી સરદાર પટેલ ઊંડા આઘાતમાં સરી પડ્યા હતા. પોતાના ગુરુ અને માર્ગદર્શકની વિદાયથી તેઓ અંદરથી ભાંગી પડ્યા હતા, છતાં તેમણે દેશની સ્થિરતા માટે પોતાની ભાવના સંભાળી હતી.

મહાત્મા ગાંધી અને સરદાર વલ્લભભાઈ પટેલનું જીવન, તેમના વિચારો અને તેમનો સાથે વિતાવેલો સમય ભારતના સ્વપ્નાન પારસા સમાન છે. આ બંને વિભૂતિઓ એકબીજા વગર અધૂરી હતી. ગાંધીજી ન હોત તો દેશને વલ્લભભાઈ જેવા લોખંડી સરદારના મળ્યા હોત, અને જો સરદાર પટેલ ના હોત તો ગાંધીજીના વિચારો અને સ્વપ્નો જમીન પર સાકાર થઈ શક્યા ન હોત.

ગાંધીજીએ દેશને નૈતિકતા, સત્ય અને અહિંસાનો માર્ગ બતાવ્યો, તો સરદાર પટેલે દેશને શિસ્ત એકતા અને અખંડિતતાનું મજબૂત કવચ આપ્યું. આજે જ્યારે આપણે સ્વતંત્ર અને અખંડ ભારતમાં ઉપર થઈ રહ્યા છીએ, ત્યારે ગાંધીજી અને સરદાર પટેલનો અપ્રતિમ દેશપ્રેમ, ત્યાગ અને સમર્પણ આપણને સાદા સાચા માર્ગે ચાલવાની પ્રેરણા આપે છે. આ યુગપુરુષો ભારતીય ઇતિહાસના અંબર પર સદાકાળ માટે અમર રહેશે.

"ગાંધીજી જો સ્વતંત્રતાના આત્મા હતા, તો સરદાર પટેલ અખંડ ભારતના નિર્માતા હતા"

# સરદાર પટેલ અને દેશપ્રેમ

- ભારતની પવિત્ર ધરતી પર અનેક મહાન પુરુષોએ જન્મ લઈને દેશની સેવા કરી છે. તેમાં સરદાર વલ્લભભાઈ પટેલનું નામ અત્યંત આદર અને ગૌરવથી લેવામાં આવે છે. તેઓ માત્ર સ્વાતંત્ર્ય સેનાની જ નહોતા, પરંતુ એક કુશળ નેતા, સંગઠનકર્તા, દૃઢનિશ્ચયી રાષ્ટ્રભક્ત અને એકતાના પ્રખર હિમાયતી હતા. ભારતને સ્વતંત્રતા આપવામાં તથા સ્વતંત્ર ભારતને એકસૂત્રતા બાંધવામાં તેનું યોગદાન એ અવિસ્મરણીય છે. તેમનું સમગ્ર જીવન દેશપ્રેમ, ત્યાગ અને કર્તવ્યનિષ્ઠાનું ઉત્તમ ઉદાહરણ આપ્યું છે.

⇒ સરદાર વલ્લભભાઈ પટેલનો પરિચય :-

- સરદાર વલ્લભભાઈ પટેલનો જન્મ 31 ઑક્ટોમ્બર, 1875 ના રોજ ગુજરાતના નડિયાદ ખાતે થયો હતો. તેમનું બાળપણ કરમસદમાં વિત્યું હતું. તેઓ સામાન્ય ખેડૂત પરિવારમાંથી આવતા હતા. બાળપણથી જ તેમનામાં હિંમત, આત્મવિશ્વાસ અને અન્યાય સામે લડવાની ભાવના જોવા મળતી હતી. અભ્યાસ પૂર્ણ કરીને તેમણે વકીલાત શરૂ કરી અને પોતાની બુદ્ધિમત્તા તથા મહેનતથી સફળ વકીલ તરીકે નામના મેળવી. પરંતુ દેશની ગુલામી અને ભારતીય પ્રજાની દુર્દશાએ તેમના મનને ઊંડો આઘાત પહોંચાડ્યો, તેથી તેમણે પોતાના સુખ-સગવડમાં જીવનનો ત્યાગ કરીને દેશસેવાનો માર્ગ અપનાવ્યો.

સરદાર વલ્લભભાઈ પટેલ ભારતના રાજકીય તથા સામાજિક નેતા હતા, જેમણે દેશની સ્વતંત્રતાની લડતમાં ફાળો આપ્યો અને અખંડ, સ્વતંત્ર ભારતના એકીકરણનું નેતૃત્વ કર્યું. ભારત અને દુનિયાભરમાં તેઓ સરદારના નામથી

Stationery

સંબોધાયા છે. તેમજ તેમના દ્રઢ મનોબળને કારણે તેમને લોખંડી પુરુષ તરીકે પણ ઓળખવામાં આવે છે.

=) સ્વાતંત્ર્ય સંગ્રામમાં યોગદાન :-

- મહાત્મા ગાંધીના વિચારો અને સત્ય અહિંસાના માર્ગથી પ્રેરાઈને સરદાર પટેલ સ્વાતંત્ર્ય ચળવળમાં જોડાયા. ખેડા સત્યાગ્રહ અને બોરસદના આંદોલનમાં તેમણે ખેડૂતોને સંગઠિત કર્યા. 1928માં બારડોલી સત્યાગ્રહ દરમિયાન તેમણે ખેડૂતોનું સફળતાપૂર્વક નેતૃત્વ કર્યું. બ્રિટિશ સરકારે ખેડૂતો પર વધારેલો મહેસુલ પાછો ખેંચવો પડ્યો. આ બારડોલીના સફળ આંદોલન બાદ જનતાએ તેમને પ્રેમથી "સરદાર" ની ઉપાધી આપી હતી.

સરદાર પટેલે અસહકાર આંદોલન, નાગરિક અસહકાર આંદોલન અને ભારત છોડો આંદોલન સહિત અનેક રાષ્ટ્રીય ચળવળોમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી. તેઓ અનેક વખત જેલમાં ગયા, પરંતુ તેમનો દેશપ્રેમ અને સ્વતંત્ર ભારતનું સ્વપ્ન ક્યારેય નબળું પડ્યું નહિ. તેમના માટે દેશની સેવા વ્યક્તિગત સુખ કરતાં ઘણી વધારે મહત્વની હતી.

=) દેશપ્રેમની ભાવના :-

- સરદાર વલ્લભભાઈ પટેલના જીવનમાં દેશપ્રેમ માત્ર શબ્દ નહોતો. પરંતુ જીવન જીવવાની રીત હતી. તેઓ માનતા હતા કે દેશની પ્રગતિ માટે દરેક નાગરિકે પોતાના કર્તવ્યો પ્રત્યે નિષ્ઠાવાન રહેવું જોઈએ. દેશપ્રેમ એટલે માત્ર દેશ માટે મોટા બલિદાન આપવું જ નહિ, પરંતુ રોજિંદા જીવનમાં પ્રામાણિકતા, મહેનત અને જવાબદારીપૂર્વક

Stationery

પર્યંતું પણ છે.

તેમણે દેશપ્રેમ તેમની કાર્યશૈલીમાં સ્પષ્ટ જોવા મળે છે. તેમણે વ્યક્તિગત સ્વાર્થને બદલે રાષ્ટ્રીય હિતને હંમેશા પ્રથમ સ્થાન આપ્યું હતું. ભારતને સ્વતંત્રતા મળ્યા પછી પણ તેમણે આરામનું જીવન પસંદ કર્યું નહિ. દેશને મજબૂત, સંગઠિત અને સુરક્ષિત બનાવવાનું કાર્ય તેમણે પોતાના જીવનનું ધ્યેય બનાવ્યું.

=> રાષ્ટ્રની એકતા માટેનો સંદેશ :-

- સરદાર પટેલ માટે ભારતની એકતા સર્વોપરી હતી. તેઓ માનતા હતા કે જાતિ, ધર્મ, ભાષા અને પ્રદેશના ભેદભાવથી ઉપર ઉઠીને દરેક ભારતીયે રાષ્ટ્રના હિત માટે એક થવું જોઈએ. વિવિધતામાં એકતા ભારતની સૌથી મોટી તાકાત છે. જો નાગરિકો પરસ્પર સહકાર, ભાઈચારો અને રાષ્ટ્રભાવ સાથે આગળ વધે તો દેશ ઝડપથી પ્રગતિ કરી શકે છે.

આજના સમયમાં પણ તેમના વિચારો એટલા જ મહત્વપૂર્ણ છે. સમાજમાં ક્યારેક ભાષા, ધર્મ, જાતિ અથવા પ્રદેશના આધારે મતભેદો જોવા મળે છે. આવી પરિસ્થિતિમાં સરદાર પટેલનું જીવન આપણને એકતા, સહિષ્ણુતા અને રાષ્ટ્રહિતનો માર્ગ બતાવે છે.

=> આજના યુવાનો માટે પ્રેરણા :-

- સરદાર પટેલનું જીવન યુવાનો માટે પ્રેરણાનું મોટું સ્રોત છે. તેમણે મુશ્કેલ પરિસ્થિતિમાં પણ હિંમત ગુમાવી નહોતી. તેઓ નિર્ણય લેવામાં દૃઢ હતા. અને પોતાના ધ્યેય

પ્રત્યે અડગ રહેતા હતા. આજના યુવાનો જો તેમના જીવનમાંથી પ્રેરણા લઈને મહેનત, શિસ્ત અને દેશપ્રેમને જીવનમાં અપનાવે તો દેશના વિકાસમાં મહત્વપૂર્ણ યોગદાન આપી શકે છે.

આમ સરદાર પટેલનું સમગ્ર જીવન દેશપ્રેમ, ત્યાગ, સાહસ, શિસ્ત અને રાષ્ટ્રીય એકતાનો સંદેશ આપે છે. તેમણે ભારતની સ્વતંત્રતા માટે સંઘર્ષ કર્યો અને સ્વતંત્ર ભારતને એકતાના તાંતણે બાંધવામાં ઐતિહાસિક ભૂમિકા ભજવી. તેમનું જીવન આપણને શીખવે છે કે દેશપ્રેમ માત્ર દેશ માટે જ ભાવના રાખવામાં નથી, પરંતુ દેશના હિત માટે નિષ્ઠાપૂર્વક કાર્ય કરવામાં છે.

આપણે સરદાર પટેલના આદર્શોને જીવનમાં ઉતારી દેશની એકતા, અખંડિતતા અને પ્રગતિ માટે કાર્ય કરવું જોઈએ. સાચા અર્થમાં સરદાર પટેલને શ્રદ્ધાંજલિ એ જ છે કે આપણે સારા જવાબદાર અને દેશપ્રેમી નાગરિક બનીને. એક ભારત, શ્રેષ્ઠ ભારતનું સ્વપ્ન સાકાર કરવા માટે સરદાર પટેલના વિચારો આપણને હંમેશા પ્રેરણા આપતા રહેશે.

Stationery

Scanned with CamScanner

## સ્વાતંત્ર્ય સંગ્રામમાં સરદાર પટેલનું યોગદાન :-

Sahil Naeem shaikh.
Roll No : 16.

ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામની વાત થાય ત્યારે ઘણી વાર ગાંધીજી અને નેહરુનું નામ સૌથી પહેલા આવે છે. પણ જો કોઈ વ્યક્તિને દૂરથી જોઈએ એમ લાગે કે આ વ્યક્તિ લોખંડની જેમ મજબૂત છે, તો એ વ્યક્તિ હતા સરદાર વલ્લભભાઈ પટેલ. એમનું યોગદાન માત્ર સૂત્રો કરાવવાનું કે ભાષણ આપવાનું ન હોતું. એમણે સંગ્રામને જમીન પરથી મજબૂત બનાવ્યો હતો.

નર્મદા નદીના કિનારે જન્મેલા આ સાદા ખેડૂતના દીકરાએ કાયદાની વિદ્યા ભણીને વકીલ બન્યા. પણ જ્યારે ગાંધીજીએ અસહકારની હાકલ કરી ત્યારે એમણે વકીલાત છોડી દીધી. 1918 માં ખેડા સત્યાગ્રહમાં એમણે પહેલી વાર ખેડૂતોને સંગઠિત કર્યા. પછી 1928 માં બારડોલી સત્યાગ્રહ આવ્યો ત્યાં કરવેરાની વધારાની વસૂલાત સામે ખેડૂતોને એમણે એવી રીતે ઊભા કર્યા કે સરકારને હાર માનવી પડી. એ જીત પછી લોકો એમને "સરદાર" કહેવા લાગ્યા. આ ઉપાધી કોઈ સરકારે આપી નહોતી, ગ્રામ્ય ગુજરાતના ખેડૂતોએ આપી હતી.

સરદારનું કાર્ય માત્ર સત્યાગ્રહ સુધી મર્યાદિત ન હોતું. કોંગ્રેસની અંદર જ્યારે વિચારોના ભેદ પડતા ત્યારે એમણે સંગઠનને જોડી રાખવાનું કામ કર્યું. 1942 ના ભારત છોડો આંદોલનમાં એમણે ગાંધીજી સાથે સાથ આપ્યો અને જેલ પણ ગયા. પણ એમની સાચી શક્તિ સ્વાતંત્ર્ય મળ્યા પછી દેખાઈ 565 થી વધુ

Prabhat Stationery

રજવાડાંને એક ભારતમાં જોડવાનું કામ એમણે કર્યું. કેટલાક રાજાઓને સમજાવીને, કેટલાકને દબાણથી, પણ હિંસા વગર. હૈદરાબાદ અને જુનાગઢ જેવા મુશ્કેલ પ્રશ્નોને એમણે હલ કર્યા. જો એમ ન હોત તો આજ ભારતનો નકશો કદાચ અલગ હોત.

એમની વિશેષતા એ હતી કે એ વાતો ઓછી કરતા અને કામ વધારે કરતા. ગાંધીજી આદર્શ આપતા, નેહરુ વિચારો આપતા, અને સરદાર એ વિચારોને વાસ્તવિકતામાં ફેરવતા. એમણે ક્યારેય પોતાને મહાન બતાવવાની કોશિશ ન કરી. એમનું જીવન સાદું રહ્યું. મૃત્યુ પહેલા પણ એમણે દેશની એકતા માટે જીવન સમર્પિત કર્યું.

આજે જ્યારે આપણે સ્વાતંત્ર્યની વાત કરીએ છીએ ત્યારે સરદારનું નામ માત્ર ઐતિહાસિક પાત્ર તરીકે ન લેવું જોઈએ. એમણે બતાવ્યું કે સ્વાતંત્ર્ય માત્ર વિદેશી શાસનથી મુક્તિ નથી, પણ દેશની અંદરની એકતા અને મજબૂતી પણ છે. ખેડૂતોને સંગઠિત કરવાથી લઈને રજવાડાંને જોડવા સુધીનું એમનું કાર્ય આપણને યાદ અપાવે છે કે સાચો નેતા પોતાના માટે નહીં, દેશ માટે જીવે છે.

સરદાર પટેલનું યોગદાન એટલે માત્ર ઈતિહાસના પાનાંમાં લખાયેલી ઘટનાઓ નહીં એ એક એવી ભાવના છે જે આજે પણ આપણને એકતા અને મજબૂતી તરફ ખેંચે છે.



Scanned with CamScanner

વસાવા કૃષ્ણાબેન આર.

* Statue of Unity: ગૌરવનું પ્રતીક

વિવિધ રંગો, વિવિધ ભાષા
વિવિધ વેશ અને રીત
છતાં સૌના હૃદયમાં વસે,
ભારત માતાની પ્રીત,

એકતામાં શક્તિ આપણી,
એકતામાં દેશની શાન,
સૌ સાથે મળીને આગળ વધીએ,
એ જ ભારતની ઓળખાણ.

સરદાર પટેલે સ્વપ્ન જોયું.
એક અખંડ ભારતનું,
રજવાડાંને એક કરીને,
બનાવ્યું સ્વરૂપ મહાન દેશનું.

ધર્મ, જાતિ કે ભાષા ભૂલી,
સૌને સાથે લઈ ચાલીએ,
દેશની એકતા જાળવીને,
ભારતનું ગૌરવ વધારીએ,

એકતાનો દીવો પ્રગટાવી
અંધકાર સૌ દૂર કરીએ,
દેશપ્રેમના રંગે રંગાઈ
ભારતને વધુ મજબૂત કરીએ,

" એકતા આપણી શક્તિ અખંડિતતા
આપણું ગૌરવ."

Prabhat Stationery

Scanned with CamScanner

* સ્ટેચ્યુ ઓફ યુનિટી - ગૌરવનું પ્રતીક

નર્મદાના કિનારે ઊભું શાનથી,
એકતાનો સંદેશ આપે ગાનથી.
સરદાર પટેલની યાદ અપાવે,
ભારતનું ગૌરવ દુનિયાને બતાવે.

લોખંડી પુરુષની ગાથા કહે,
એકતાની શક્તિનો સંદેશ વહે.
ઊંચું મસ્તક, ઊંચી શાન,
સ્ટેચ્યુ ઓફ યુનિટી ભારતનો ઓળખાણ.

વિવિધતામાં એકતા આપણો નાદ,
દેશપ્રેમથી ભરાય સૌના હૃદયમાં સ્વાદ
ગુજરાતની ધરતીનું વધે માન,
વિશ્વમાં ગુંજે ભારતનું ગાન.

સરદારનું સ્વપ્ન સાકાર થયું,
ભારતનું ગૌરવ વધુ ઉજ્જવળ થયું.
એકતા, અખંડિતતા અને દેશભક્તિનું
પ્રતીક, સ્ટેચ્યુ ઓફ યુનિટી - ભારતની
શાન અનોખી અને અદ્વિતીય.

" એકતામાં શક્તિ, સ્ટેચ્યુ ઓફ યુનિટી આપણી
ભક્તિ!"

Prabhat Stationery

Scanned with CamScanner

# * સરદાર પ્રત્યેનું શિક્ષણ પ્રત્યેનું દૃષ્ટિકોણ.

સરદાર વલ્લભભાઈ પટેલ એ માત્ર લોખંડી પુરુષ કે રાજનીતિજ્ઞ ન હતા, પણ એક દીર્ઘદ્રષ્ટા કેળવણીકાર પણ હતા. તેમનું શિક્ષણ પ્રત્યેનું દૃષ્ટિકોણ વ્યવહારિક, રાષ્ટ્રનિર્માણ અને ચારિત્ર્ય નિર્માણ સાથે જોડાયેલું હતું.

સરદાર વલ્લભભાઈ પટેલ કહેતા,

" જે શિક્ષણ વ્યક્તિને સ્વાવલંબી ન બનાવે અને દેશસેવા માટે તૈયાર ના કરે તે શિક્ષણ નકામું છે"

સરદાર પટેલ માનતા હતા કે શિક્ષણનું મૂળ ધ્યેય કેવળ પુસ્તકીય જ્ઞાન આપવાનું નથી, પરંતુ વિદ્યાર્થીઓમાં નૈતિક મૂલ્યો, શિસ્ત અને દેશપ્રેમનું વાવેતર કરવાનું છે. તેઓ ચારિત્ર્યહીન જ્ઞાનને સમાજ માટે જોખમી ગણાતા હતા.

ગોખણપટ્ટી કરી જ્ઞાન મેળવવું એ કોઈ સારી વાત નથી. તેઓ ગોખણપટ્ટીવાળા શિક્ષણના વિરોધી હતા. તેઓ ઈચ્છતા હતા કે બાળકને પ્રાથમિક શિક્ષણથી જ એવું શિક્ષણ મળે જેથી તે ભવિષ્યમાં પોતાના પગ પર ઊભો રહી શકે અને રાષ્ટ્રની પ્રગતિમાં સહભાગી બની શકે. સરદાર પટેલ એવું માનતા કે બાળકનું સર્વાંગી (શિક્ષણ) વિકાસ થાય તે માટે પ્રાથમિક શિક્ષણ માતૃભાષામાં જ અપાય તે અનિવાર્ય છે. તેમણે રાષ્ટ્રભાષાનું મહત્વ પણ સ્વીકાર્યું હતું.


Prabhat Stationery

Scanned with CamScanner

* નથી આ માત્ર કાગળ પર લખાયેલી વાતો, *
* સરદારના વિચારોમાં છે શબ્દઘડતરની વાતો, *
* શિક્ષણ એવું આપો જે દેશને સશક્ત બનાવે, *
* દરેક યુવાનમાં એક નવો 'સરદાર' જગાવે! *

સરદાર સાહેબે ગ્રામીણ ભારત અને મહિલા શિક્ષણ પર ખૂબ ભાર મૂક્યો હતો. તેમની પ્રતિક્રિયા હતી કે જે દેશનાં (વિલેજ) (ગામડું) અને મહિલાઓ શિક્ષિત થશે, તો જ સમગ્ર ભારતનો વિકાસ થશે. શિક્ષણનો મુખ્ય ઉદ્દેશ્ય દેશના યુવાનોમાં "હું પહેલાં ભારતીય છું." તેવી ભાવના જગાડવાનો છે." શિક્ષણ દ્વારા નાગરિકો પોતાની ફરજો પ્રત્યે જાગૃત બને તે તેમનું સપનું હતું.

* ચિંતન જેનું સાંખડી, વાડીમાં ખુમારી હતી, *
* શિક્ષણથી દેશ બદલવાની જેની તૈયારી હતી. *
* નમન છે એ વીર સરદારના વિચારોને, *
* જેમના લીધે આ ભારતભૂમિ અવિનાશી હતી! *

સરદાર પટેલનું શિક્ષણ દર્શન "જ્ઞાન, કર્મ અને ચારિત્ર્ય"ના ત્રિવેણી સંગમ છે. આજના આધુનિક યુગમાં તેમનું આ દ્રષ્ટિકોણ નવી શિક્ષણનીતિ અને ભારતની શિક્ષણ પ્રણાલી માટે માર્ગદર્શક દીપક સમાન છે.

"સરદારના મતે શિક્ષણ એ સર્વાંગી વિકાસ કરે તેવું હોવું જોઈએ." તેઓના મતે શિક્ષક એ માત્ર પુસ્તકો ભણાવનાર વ્યક્તિ નથી, પરંતુ સમાજનો માર્ગદર્શક છે, શિક્ષકનું પોતાનું આચરણ જ વિદ્યાર્થીઓ માટે શ્રેષ્ઠ પાઠ્યપુસ્તક બનવું જોઈએ.

Prabhat Stationery

સરદાર પટેલ માનતા હતા કે શિક્ષણ એવું હોવું જોઈએ. જે યુવાનોને માત્ર નોકરી શોધનારા નહીં પણ રોજગારી મેળવવા માટે આત્મનિર્ભર બનાવે, તેમણે કૃષિ પશુપાલન અને સ્થાનિક ઉદ્યોગોને અનુરૂપ હુનર-કૌશલ્ય આપતા શિક્ષણ પર ભાર મૂક્યો હતો.

સ્વતંત્ર ભારતને ચલાવવા માટે એક સક્ષમ અને રાષ્ટ્રનિષ્ઠ સનદી સેવાની જરૂર હતી. તેમણે મસૂરીમાં લાલ બહાદુર શાસ્ત્રી નેશનલ એકેડમી ઓફ એડમિનિસ્ટ્રેશન જેવી સંસ્થાઓના પાયામાં મહત્વનો ભાગ ભજવ્યો, જ્યાં અધિકારીઓને દેશભક્તિ, શિસ્ત અને પ્રજાભિમુખ વહીવટની તાલીમ આપવાનું દ્રષ્ટિકોણ હતું.

તેમનું દ્રષ્ટિકોણ સ્પષ્ટ હતું. કે જો એક સ્ત્રી શિક્ષિત થશે તો આખો પરિવાર શિક્ષિત બનશે. તેમણે કુરિવાજો દૂર કરવા, સમાનતા લાવવા અને સામાજિક જાગૃતિ ફેલાવવા માટે નારી શિક્ષણને અત્યંત જરૂરી ગણાવ્યું હતું.

ભારત વિવિધતાઓથી ભરેલો દેશ હોવાથી, સરદાર પટેલ ઈચ્છતા હતા કે શિક્ષણ વિદ્યાર્થીઓમાં પ્રાદેશિકતા કે જાતિવાદ થી ઉપર ઉઠીને "એક ભારત, શ્રેષ્ઠ ભારત"ની ભાવના અને દેશપ્રેમ જગાડે.

સરદાર પટેલ પોતે દ્રઢ મનોબળ ધરાવતા "સરદાર" હતા. તેમનું માનવુ હતુ કે માનસિક વિકાસની સાથે શારીરિક દૃઢતા પણ એટલી જ જરૂરી છે, જેથી દેશના યુવાનો મુશ્કેલ પરિસ્થિતિઓનો સામનો કરી શકે.

Prabhat Stationery

Roll No:-40
S.Y B.Ed Sem-3



# સરદાર પટેલ અને ગ્રામ વિકાસ

ભારત દેશ અનાદિ કાળથી ગામડાઓનો દેશ રહ્યો છે, જ્યાં દેશની વસ્તીનો મોટો હિસ્સો નદીઓ, ખેતરો અને પ્રાકૃતિક વાતાવરણ વચ્ચે વસવાટ કરે છે. રાષ્ટ્રનાં મહાન નેતા અને લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલનું દ્રઢ અને સ્પષ્ટ માનવું હતું કે ભારતની સાચી આત્મા અને તેની વાસ્તવિક તાકાત તેનાં વિસ્તરેલાં ગામડાઓમાં વસે છે. જો દેશનાં ખેડૂતો અને ગ્રામીણ નાગરિકો આર્થિક કે સામાજિક રીતે પછાત રહેશે, તો દેશની સ્વતંત્રતા કે પ્રગતિ અર્થહીન બની જશે. આઝાદીની લડત દરમિયાન દેશને એકજૂથ કરવાની સાથે સાથે સરદાર પટેલે ગ્રામીણ ઉત્થાન, ખેડૂતોનાં અધિકારો અને ગામડાઓની આત્મનિર્ભરતાને પોતાની પ્રવૃત્તિઓનું કેન્દ્રબિંદુ બનાવ્યું હતું. તેમનું સ્પષ્ટ દર્શન હતું કે સમૃદ્ધ અને સક્ષમ ગામડું જ એક મજબૂત રાષ્ટ્રનું સર્જન કરી શકે છે.

સત્યાગ્રહો દ્વારા ગ્રામીણ ચેતના અને જાગૃતિનો ઉદય સરદાર પટેલનાં ગ્રામીણ વિકાસનાં વિચારો કેવળ પુસ્તકીય કે સૈદ્ધાંતિક ન હતા, પરંતુ જમીની હકીકત અને ખેડૂતોનાં વાસ્તવિક દર્દમાંથી જન્મ્યા હતા. 1918 નો ખેડા સત્યાગ્રહ અને ગ્રામીણ જાગૃતિના ઉત્કૃષ્ટ ઉદાહરણો છે. બ્રિટિશ હકુમત દ્વારા લાદવામાં આવેલા અન્યાયી જમીન મહેસૂલ અને શોષણકારી કરવેરા સામે તેમણે ગ્રામીણ જનતાને સંગઠિત કરી ડર અને ભયનાં વાતાવરણમાંથી ખેડૂતોને બહાર કાઢીને તેમણે પોતાનાં અધિકારો માટે અહિંસક રીતે લડતા શીખવ્યું. આ આંદોલનોએ સાબિત કર્યું કે ગામડાનો સામાન્ય ખેડૂત જો આત્મસન્માન સાથે ઊભો થાય, તો તે દુનિયાની સૌથી મોટી સત્તાને પણ નમાવી શકે છે.

### સંગઠિત ખેડૂત શક્તિ અને 'સરદાર' બિરુદની પ્રાપ્તિ

બારડોલી સત્યાગ્રહ દરમિયાન સરદાર પટેલે નાત-જાત, ધર્મ અને આર્થિક ભેદભાવોથી પર જઈને સમગ્ર ગ્રામીણ સમાજને એક તાંતણે બાંધવાનું અદ્ભુત કાર્ય કર્યું હતું. તેમણે ગામડાનાં નાનાં અને જમીનવિહોણા ખેડૂતોથી લઈને જમીનદારો સુધીના તમામ વર્ગોને એક મંચ પર લાવ્યા. સત્યાગ્રહની સફળતા એ માત્ર કરમાફી પૂરતી સીમિત ન હતી, પરંતુ તેણે ભારતીય ગ્રામીણ સમાજમાં એક અભૂતપૂર્વ એકતા અને આત્મવિશ્વાસનો સંચાર કર્યો. ખેડૂતો માટેના આ સમર્પણ અને અદ્ભુત સંગઠન કૌશલ્યને લીધે જ બારડોલીની મહિલાઓએ અને મહાત્મા ગાંધીજીએ તેમને પ્રેમથી 'સરદાર'નું બિરુદ આપ્યું, જે તેમના ગ્રામીણ નેતૃત્વની અમર ઓળખ બની ગયું.

સરદાર પટેલ એક વ્યવહારુ અને દીર્ઘદ્રષ્ટિ ધરાવતા નેતા હતા. તેઓ સારી રીતે જાણતા હતા કે ભારતમાં ખેતી મોસમ પર આધારિત હોવાથી માત્ર ખેતીના ભરોસે ખેડૂતના પરિવારનું કાયમી આર્થિક કલ્યાણ શક્ય નથી. તેથી તેમણે ખેતીની સાથે સાથે પશુપાલન, દૂધ ઉત્પાદન અને ગૃહઉદ્યોગોને સાંકળવા પર વિશેષ ભાર મૂક્યો. પશુપાલન એ ખેતીનો પૂરક વ્યવસાય બને તો ખેડૂતને વર્ષના બારેય મહિના આર્થિક ટેકો મળી રહે છે. આ વિચારસરણીએ ગ્રામીણ મહિલાઓને ઘરબેઠા આર્થિક રીતે આત્મનિર્ભર બનાવવામાં મોટી ભૂમિકા ભજવી અને ગામડાંઓમાં આવકનાં નવા સ્ત્રોત ઊભા કર્યા.

### સ્થાનિક સ્વરાજ્ય અને નિર્ણય શક્તિનું વિકેન્દ્રીકરણ

સરદાર પટેલ ગ્રામીણ સ્તરે સત્તા અને નિર્ણયોના વિકેન્દ્રીકરણનાં પ્રખર હિમાયતી હતા. તેમનું સ્પષ્ટ માનવું હતું કે ગામડાના વિકાસના નિર્ણયો એરકન્ડિશન્ડ ઓફિસોમાં કે પાટનગરોમાં બેસીને ન લેવા જોઈએ, પરંતુ ગામડાનાં લોકોની જરૂરિયાતોને આધારે

Stationery

Scanned with CamScanner

ગામમાં જ લેવાવા જોઈએ. સ્થાનિક પંચાયતો મજબૂત બને, ગ્રામજનો પોતાના પ્રશ્નો ઉકેલવા માટે સક્ષમ બને અને ગામનાં વિકાસનું બજેટ ગામનાં લોકો નક્કી કરે તેવી વ્યવસ્થાના તેઓ પક્ષધર હતા. પંચાયતી રાજને વાસ્તવિક શક્તિ આપવાનો તેમનો આ વિચાર આજે પણ ભારતીય લોકશાહીનો મુખ્ય આધારસ્તંભ છે.

સંપ્રાત સમયમાં સરદાર પટેલનાં વિચારોની સાર્થકતા આજના આધુનિક અને ડિજિટલ યુગમાં પણ સરદાર પટેલનાં ગ્રામીણ વિકાસ અંગેનાં વિચારો એટલા જ પ્રાસંગિક અને દિશાસૂચક છે. વર્તમાન સમયમાં ભારત સરકાર દ્વારા અમલવવામાં આવતી વિવિધ યોજનાઓ, જેમ કે ડિજિટલ વિલેજ, ગ્રામીણ કૌશલ્ય વિકાસ, સ્માર્ટ વિલેજ અને ખેડૂત ઉત્પાદક સંગઠનોનાં નિર્માણ પાછળ સરદાર પટેલનો જ આત્મનિર્ભરતાનો સિદ્ધાંત કામ કરી રહ્યો છે. આજનાં યુગમાં ખેતીને આધુનિક ટેક્નોલોજી સાથે જોડવી અને ગ્રામીણ યુવાનોને સ્થાનિક સ્તરે જ ઉદ્યોગ-સાહસિકતા માટે પ્રોત્સાહિત કરવા એ સરદારના સ્વપ્નને સાકાર કરવાનો યોગ્ય માર્ગ છે.

સરદાર વલ્લભભાઈ પટેલ માત્ર ૫૬૨ રજવાડાંઓનું વિલીનીકરણ કરીને ભારતને એક કરનાર રાજનૈતિક યુગપુરુષ જ ન હતા, પરંતુ દેશનાં હૃદય સમાન ગામડાંઓને સિંચનાર અને ખેડૂતોનાં દર્દને સમજનાર સાચા ગ્રામીણ નેતા હતા. જો આપણે આજનાં સમયમાં સરદાર પટેલને સાચી શ્રદ્ધાંજલિ આપવી હોય, તો દેશના પ્રત્યેક ગામડાને આત્મનિર્ભર, સ્વચ્છ, શિક્ષિત અને આર્થિક રીતે સમૃદ્ધ બનાવવું પડશે. ગામડાંઓનો આંગળી અને સ્થાયી વિકાસ જ સશક્ત, આત્મનિર્ભર અને અખંડ ભારતની સાચી અને મજબૂત આધારશિલા છે.

Stationery

Scanned with CamScanner

નામ: વસાવા ક્ષિતિ મહેશભાઈ
રોલનંબર :- 51

## * સરદાર પટેલના શિક્ષણ પ્રત્યેનો દ્રષ્ટિકોણ :-

પ્રસ્તાવના :-

ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામના મહાન નેતા અને સ્વતંત્ર ભારતના એકીકરણના શિલ્પી તરીકે સરદાર વલ્લભભાઈ પટેલનું નામ ભારતના ઈતિહાસમાં અવિસ્મરણીય છે. તેઓ માત્ર રાજકીય નેતા અને કુશળ વહીવટકર્તા જ નહોતા, પરંતુ રાષ્ટ્રનિર્માણ માટે શિક્ષણના મહત્વને પણ સમજતા હતા. તેમના જીવનમાં શિક્ષણને માત્ર પરીક્ષા પાસ કરવા કે નોકરી મેળવવાનું સાધન માનવામાં આવ્યું નહોતું; શિક્ષણ દ્વારા વ્યક્તિમાં રાષ્ટ્રપ્રેમ, શિસ્ત, જવાબદારી, સ્વાવલંબન અને સમાજસેવાની ભાવના વિકસે તે જરૂરી માનવામાં આવતું હતું.

સરદાર પટેલ પોતે મહેનત અને સંઘર્ષ દ્વારા આગળ વધ્યા હતા. તેમણે કાયદાનો અભ્યાસ કરીને બેરિસ્ટર તરીકે સફળતા મેળવી હતી. પરંતુ ત્યારબાદ દેશની પરિસ્થિતિ જોઈને તેમણે પોતાની વ્યક્તિગત કારકિર્દી કરતાં રાષ્ટ્રસેવાને વધુ મહત્વ આપ્યું. આવી તેમના જીવનમાંથી પણ શિક્ષણનો એક મહત્વપૂર્ણ સંદેશ મળે છે કે શિક્ષણ વ્યક્તિને માત્ર વ્યક્તિગત સફળતા માટે નહીં, પરંતુ સમાજ અને દેશના વિકાસ માટે તૈયાર કરવું જોઈએ.

## * શિક્ષણ અને રાષ્ટ્રનિર્માણ :-

સરદાર પટેલના શિક્ષણવિષયક દ્રષ્ટિકોણને સમજવા માટે તેમના રાષ્ટ્રનિર્માણના વિચારોને સમજવા જરૂરી છે. તેઓ માનતા હતા કે સ્વતંત્ર ભારતને મજબૂત બનાવવા માટે



Scanned with CamScanner

માત્ર રાજકીય સ્વતંત્રતા પૂરતી નથી. દેશના નાગરિકો, શિક્ષિત, વ્યવહાર, શિસ્તબદ્ધ અને રાષ્ટ્રપ્રેમી બને તે પણ જરૂરી છે.

તેમના સમયની શિક્ષણવ્યવસ્થા મોટા પ્રમાણમાં બ્રિટિશ પ્રભાવ હેઠળ હતી. રાષ્ટ્રીય નેતાઓએ અનુભવ્યું હતું કે દેશની જરૂરિયાતો અનુસાર એવી શિક્ષણવ્યવસ્થા જરૂરી છે, કે ભારતીય સંસ્કૃતિ, રાષ્ટ્રભાવના અને સમાજસેવા સાથે જોડાય. ગુજરાત વિદ્યાપીઠની સ્થાપના પણ આ રાષ્ટ્રીય શિક્ષણના વિચાર સાથે જોડાયેલી હતી. ગુજરાત વિદ્યાપીઠની સત્તાવાર માહિતી અનુસાર, 18 ઓક્ટોબર 1920ના રોજ મહાત્મા ગાંધી દ્વારા તેની સ્થાપના કરવામાં આવી હતી. અને તેનો હેતુ રાષ્ટ્રીય પુનર્નિર્માણ માટે યુવાનોને તૈયાર કરવાનો હતો.

સરદાર પટેલ ગુજરાત. વિદ્યાપીઠ સાથે ખૂબ નજીકથી જોડાયેલા રહ્યા. 1922માં વિદ્યાપીઠના પ્રથમ પદવીદાન સમારંભની અધ્યક્ષતા પણ તેમણે કરી હતી અને તેમણે વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યું હતું.

* રાષ્ટ્રીય શિક્ષણ પ્રત્યેની ભાવના :-

સરદાર પટેલના વિચારોમાં રાષ્ટ્રીય શિક્ષણને વિશેષ સ્થાન હતું. તેમના માટે શિક્ષણ એવું હોવું જોઈએ કે જે વ્યક્તિને પોતાના દેશ, સમાજ અને લોકો પ્રત્યેની ફરજ સમજાવે. શિક્ષણ દ્વારા યુવાનોમાં સ્વાભિમાન અને રાષ્ટ્રપ્રેમ જાગે અને તેઓ દેશના પ્રશ્નો પ્રત્યે જાગૃત બને તે જરૂરી હતું.

ગુજરાત વિદ્યાપીઠ માત્ર પુસ્તકીય જ્ઞાન આપતી સંસ્થા ન રહે, પરંતુ રાષ્ટ્રનિર્માણ માટે કાર્યકરો તૈયાર કરે તે વિચાર સાથે જોડાયેલી હતી. વિદ્યાપીઠના ઇતિહાસમાં દર્શાવવામાં આવ્યું છે કે બ્રિટિશ શાસનના સમયમાં વિદ્યાર્થીઓને રાષ્ટ્રીય કાર્ય માટે તૈયાર કરવામાં આવતા હતા અને 1930ના સવિનય કાનૂનભંગ આંદોલન દરમિયાન વિદ્યાપીઠના વિદ્યાર્થીઓ અને શિક્ષક માટે તાલીમ વર્ગો પણ યોજાયા

કૌશલ્ય અને સ્વાલંબનની ભાવના વિકસે છે.

* માતૃભાષા અને રાષ્ટ્રીય ભાષાનું મહત્વ :-

સરદાર પટેલ રાષ્ટ્રીય એકતા માટે ભાષાની ભૂમિકાને પણ મહત્વ આપતા હતા. ગુજરાત વિદ્યાપીઠમાં ગુજરાતી સહિત વિવિધ ભારતીય ભાષાઓના અભ્યાસને સ્થાન આપવામાં આવ્યું હતું. બાદમાં સરદાર પટેલના નેતૃત્વ સાથે જોડાયેલી હિન્દી પ્રચાર સમિતિએ ગુજરાતમાં હિન્દી અને હિન્દુસ્તાનીના પ્રચાર-પ્રસાર માટે કાર્ય કર્યું. ગુજરાત વિદ્યાપીઠની સત્તાવાર માહિતી અનુસાર હિન્દી પ્રચાર સમિતિની સ્થાપના ૧૯૫૮માં સરદાર પટેલના નેતૃત્વ હેઠળ થઈ હતી અને તેનો ઉદ્દેશ ભાષાકીય એકતા તથા રાષ્ટ્રીય એકીકરણને પ્રોત્સાહન આપવાનો હતો.

આવી સરદાર પટેલ માટે ભાષા માત્ર અભ્યાસનો વિષય નહોતી, પરંતુ રાષ્ટ્રીય એકતા માટેનું મહત્વનું સાધન પણ હતી.

* શિક્ષણ અને સમાનતા :-

સરદાર પટેલના શિક્ષણવિષયક વિચારોમાં સમાજના દરેક વર્ગને રાષ્ટ્રીય જીવનમાં જોડવાનો ભાવ જોવા મળે છે. તેઓ મજબૂત અને એકતાબદ્ધ ભારતના સમર્થક હતા. ૧૯૪૭ના તેમના એક મહત્વપૂર્ણ ભાષણમાં તેમણે સ્વતંત્ર ભારતના નિર્માણ માટે એકતા, શાંતિ અને સમાન અધિકારો પર ભાર મૂક્યો હતો. તેમણે સ્પષ્ટ રીતે જણાવ્યું હતું કે મુક્ત દેશમાં દરેક વ્યક્તિને સમાન તક, અધિકાર અને જવાબદારી મળવી જોઈએ.

આ વિચાર શિક્ષણ માટે પણ મહત્વપૂર્ણ છે. શિક્ષણ સમાજમાં ભેદભાવ ઘટાડવાનું અને દરેક વ્યક્તિને વિકાસની તક આપવાનું સાધન બની શકે છે. તેથી શિક્ષણમાં સમાનતા અને રાષ્ટ્રીય એકતાની ભાવના હોવી જોઈએ.

Prabhat Stationery

Scanned with CamScanner

* આજના સમયમાં સરદાર પટેલના શિક્ષણ વિષયક વિચારોની પ્રાસંગિકતા :-

આજના સમયમાં શિક્ષણનો વ્યાપ ઘણો વધી ગયો છે. ટેકનોલોજી, વિજ્ઞાન, વ્યવસાય અને ઉચ્ચ શિક્ષણના ક્ષેત્રોમાં નવી તકો ઊભી થઈ છે. તેમ છતાં સરદાર પટેલના શિક્ષણવિષયક વિચારો આજે પણ ઉપયોગી છે.

આજના શિક્ષણમાં વિદ્યાર્થીઓને માત્ર પરીક્ષામાં સારા ગુણ મેળવવા માટે નહીં પરંતુ જવાબદાર નાગરિક બનવા માટે તૈયાર કરવા જોઈએ. તેમાં શિસ્ત, રાષ્ટ્રપ્રેમ, સામાજિક જવાબદારી, સ્વાવલંબન, સમાનતા અને સેવા જેવા મૂલ્યોનો સમાવેશ થવો જોઈએ. શિક્ષણ વ્યક્તિને પોતાના જીવનમાં સફળ બનાવવાની સાથે સમાજ અને દેશ માટે ઉપયોગી બનાવે તે સરદાર પટેલના વિચારની મુખ્ય ભાવના તરીકે સમજાય છે.

* ઉપસંહાર :-

સરદાર વલ્લભભાઈ પટેલના શિક્ષણ પ્રત્યેના દૃષ્ટિકોણમાં રાષ્ટ્રનિર્માણની ઊંડી ભાવના જોવા મળે છે. તેઓ શિક્ષણને માત્ર પુસ્તકીય જ્ઞાન અથવા રોજગાર મેળવવાનું સાધન માનતા નહોતા. તેમના વિચારો અને કાર્ય પરથી શિક્ષણમાં રાષ્ટ્રીય ભાવના, શિસ્ત, સ્વાવલંબન, સામાજિક જવાબદારી, સમાનતા અને સેવા જેવા ગુણોનું મહત્વ સમજાય છે.

ગુજરાત વિદ્યાપીઠ સાથે તેમનો લાંબો સંબંધ અને કુલપતિ તરીકેની તેમની ભૂમિકા તેમના શિક્ષણવિષયક અભિગમને સમજવા માટે મહત્વપૂર્ણ છે. તેમણે શિક્ષણને દેશના ભવિષ્ય સાથે જોડ્યું હતું. તેમના માટે મજબૂત ભારત બનાવવા માટે મજબૂત અને જવાબદાર શિક્ષણની ભૂમિકા અત્યંત મહત્વપૂર્ણ હતી.



Scanned with CamScanner

આજના વિદ્યાર્થીઓ જો સરદાર પટેલના જીવનમાંથી મહેનત, શિસ્ત, આત્મવિશ્વાસ, રાષ્ટ્રપ્રેમ અને સમાજસેવાના મૂલ્યો શીખે અને શિક્ષણનો ઉપયોગ માત્ર પોતાની સફળતા માટે નહીં પરંતુ સમાજ અને દેશના કલ્યાણ માટે કરે, તો તે સરદાર પટેલના શિક્ષણવિષયક વિચારને સાચી શ્રદ્ધાંજલી ગણાશે.

"જ્યાં એકતા હોય છે, ત્યાં કોઈપણ પડકાર સામે જીત મેળવી શકાય છે.

વસાવા હર્ષદીબેન ડી.

## * સરદાર પટેલ અને ભારતીય લોકશાહી.

લોખંડી પુરુષ સદાર પટેલ
દેશના મહાન સપૂત,
એકતાના મજબૂત પાયાથી,
ભારત બન્યું અખંડિત સુંદર ભૂત.

રાજ્યોને જોડ્યા પ્રેમથી તેમણે,
રાષ્ટ્રની વધારી શાન,
એકતા અને અખંડિતતાથી
મજબૂત કર્યું હિન્દુસ્તાન

લોકશાહીનો દીપ પ્રગટ્યો,
જનજનને મળ્યો અધિકાર,
સમાનતા અને સ્વતંત્રતાથી,
ભારત બન્યું મહાન અપાર

મતનો અધિકાર સૌને મળ્યો,
જનતા બની સત્તાધાર,
બંધારણના મૂલ્યો અપનાવી,
ચાલે દેશ લોકશાહી આધાર.

સરદારની શીખ યાદ રાખીએ,
એકતાનો કરીએ સંકલ્પ,
લોકશાહીનું માન વધારીએ,
ભારત રહે સદા અખંડિત, અડગ!

" એકતા જાળવીએ, લોકશાહી મજબૂત બનાવીએ!"



Scanned with CamScanner

# * સરદાર પટેલ અને ભારતીય લોકશાહી

લોખંડી પુરુષ સરદાર પટેલ
ભારતના હતા મહાન નેતા,
એકતાનો સંદેશો આપી,
બન્યા દેશના સાચા પ્રણેતા.

રજવાડાંને એક કર્યા,
ભારતનો મજબૂત બનાવ્યું,
એકતા અને અખંડિતતાનું,
સપનું સૌના મનમાં જગાવ્યું.

લોકશાહીની શાન વધારી,
સૌને અધિકાર અપાવ્યો,
દેશપ્રેમ અને એકતાનો,
સુંદર માર્ગ બતાવ્યો.

સરદાર પટેલનું જીવન આપણને
સદા પ્રેરણા આપતું રહે,
એકતા, શાંતિ અને લોકશાહીથી,
ભારત હંમેશાં આગળ વધે.

" લોકશાહીના આધાર છે - સમાનતા,
સ્વતંત્રતા અને ન્યાય."

Prabhat Stationery

Scanned with CamScanner

# सरदार पटेल और भारतीय लोकशाही

नाम :- प्रजापति दामिनी
रोल नं० :- 53

लोह पुरुष थे सरदार पटेल,
भारत माँ के सच्चे लाल।
एकता का दीप जलाकर,
बनाया भारत खुशहाल।

छोटी-बड़ी रियासतों को,
एक सूत्र मे बाँध दिया।
भारत की अखंडता खातिर,
जीवन अपना वार दिया।

गाँव-गाँव मे गूँजी उनकी,
एकता की मधुर पुकार।
देश रहे मजबूत हमेशा,
यही रहा उनका विचार।

लोकशाही का मान बढ़ाएँ,
सबको मिले समान अधिकार।
जनता की आवाज बने शासन,
न्याय मिले हर बार।

जाति-धर्म का भेद मिटाकर,
हम सब मिलकर आगे बढ़ें।
संविधान के मूल्यों को लेकर,
भारत की शान सदा बढ़ाएँ।

सरदार पटेल के सपनों का,
भारत हम तैयार करें।
एकता, शांति और लोकतंत्र से,
देश का नाम उज्जवल करें।

Prabhat Stationery

Scanned with CamScanner

जय भारत ! जय एकता !
सरदार पटेल को शत-शत नमन।
लोकशाही की रक्षा करके,
मजबूत करे अपना वतन !

Page no. 102
Date : / /

# स्टैच्यू ऑफ यूनिटी : गौरव का प्रतीक

नाम: प्रजापति दामिनी
रोल न.० - 53

नर्मदा के तट पर खड़ी है,
भारत की ऊँची शान,
लौह पुरुष सरदार पटेल की,
गाथा करती महान।

एकता का संदेश सुनाती,
भारत माँ की आन,
विविध रंग, विविध संस्कृति,
फिर भी एक हिंदुस्तान।

ऊँचाई में विश्व की पहचान,
हृदय में भारत का मान,
स्टैच्यू ऑफ यूनिटी कहती -
एकता ही है देश की जान।

जिसने रियासतों को जोड़ा,
भारत को एक बनाया,
सरदार पटेल के साहस ने,
नया इतिहास रचाया।

नर्मदा की लहरें गाती,
वीरता की अमर कहानी,
देख इसे गर्व से कहता,
हर भारतीय - मैं हूँ हिंदुस्तानी।

एकता, अखंडता, आत्मसम्मान
यही हमारा सच्चा अभिमान
स्टैच्यू ऑफ यूनिटी सदैव रहे,
भारत के गौरव की पहचान।



Scanned with CamScanner

# Statue of Unity: ગૌરવનું પ્રતીક

સ્ટેચ્યુ ઓફ યુનિટી ભારતીય સ્વતંત્રતા ચળવળના નેતા વલ્લભભાઈ પટેલ ને સમર્પિત ગુજરાત, ભારતમાં આવેલું એક સ્મારક છે. તે સરદાર સરોવર બંધની સામે 3.2 km (2.0mi) દૂર નદીમાં આવેલા સાધુ બેટ પર ભરૂચ નજીક આવેલુ છે. આ સ્મારકનો વિસ્તાર 20,000 ચોરસ મીટર છે. અને તે 12 ચોરસ કિ.મી વિસ્તારના કૃત્રિમ તળાવ વડે ઘેરાયેલું છે. 182 મીટરની ઊંચાઈ સાથેનું છે. સાથે આ સ્મારક વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા છે.

આ સ્મારકની જાહેરાત 2010 માં કરવામાં આવી હતી. ભારત સરકાર દ્વારા આ સ્મારકનો પ્રારંભિક કુલ ખર્ચ ₹ 3001 કરોડ (US$ 390 million) અંદાજવામાં આવ્યો હતો. ઓક્ટોબર 2014 માં લાર્સન અને ટુબ્રોએ બાંધકામ, રચના અને જાળવણી માટે સૌથી નીચી રકમનું બિડ કર્યું હતું અને કરાર જીત્યો હતો, જે ₹ 2,989 કરોડ કરોડ (US$ 390 million) હતો. સ્મારકની મૂર્તિની ડિઝાઇન રામ વી. સુથાર દ્વારા કરવામાં આવી હતી. 31 ઓક્ટોબર 2013 ના રોજ બાંધકામ શરૂ થયું હતું અને મધ્ય ઓક્ટોબર 2018 માં બાંધકામ પૂર્ણ થયું હતું 31 ઓક્ટોબર 2018 ના રોજ સરદાર પટેલ ની 143 મી જન્મ જયંતિ પર ભારતના 14 માં વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા તેનું વિધિવત ઉદ્ઘાટન કરાયું હતું.

નરેન્દ્ર મોદીએ 7 ઓક્ટોબર 2010ના રોજ પ્રેસકોન્ફરન્સમાં તેમના ગુજરાતના મુખ્યમંત્રી પદના 10 માં વર્ષની શરૂઆત પર સ્મારકની જાહેરાત કરી હતી. તે સમયે આ યોજના ગુજરાતનું દેશને

યોગદાન તરીકે રજૂ કરાયી હતી. સારદાર વલ્લભભાઈ પટેલ રાષ્ટ્રીય એકતા ટ્રસ્ટ (SVPRET) ખાસ આ સ્મારક હેતુથી ગુજરાત સરકાર દ્વારા બાંધકામ અને પ્રચાર માટે ડિસેમ્બર 2013 માં બનાવવામાં આવ્યું હતું.

સ્મારકના પ્રચાર માટે ગુજરાત સરકાર દ્વારા વિવિધ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. ખેડૂતોને તેમના વણવપરાયેલ જૂના ખેતીના ઓજારો લોખંડ ભેગુ કરવા માટે વિનંતી કરાઈ હતી. 2016 સુધીમાં 135 મેટ્રિક ટનનો લોખંડ ભંગાર એકઠો કરાયો હતો, જેમાંથી 109 મેટ્રિક ટન સ્મારકના પાયામાં વપરાયો હતો. રન ફોર યુનિટી નામની દોડ સ્પર્ધા 15 ડિસેમ્બર 2013 ના રોજ સુરતમાં આયોજિત કરાઈ હતી.

1 નવેમ્બર 2018 ના રોજ જાહેર જનતા માટે ખુલ્લુ મૂકાયા પછી આ સ્મારકની મુલાકાત 1,28,000 લોકોએ 11 દિવસમાં લીધી હતી. 15 માર્ચ 2011 સુધીમાં 10 લાખ પ્રવાસીઓ એ સ્મારકની મુલાકાત લીધી હતી. નવેમ્બર 2022 સુધીમાં કુલ પ્રવાસીઓની સંખ્યાએ 1 કરોડનો આંક વટાવ્યો હતો.

સ્મારક સુધી પહોંચવા માટે વૈકલ્પિક માર્ગ બનાવવાનું આયોજન થઈ રહ્યું છે. કેવડીયાથી બસ સેવા તેમજ સરદાર સરોવર બંધથી જેટી સેવા તેમજ રોપ-વેનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે. સ્મારક દર સોમવારે સમારકામ માટે બંધ રહે છે. સ્ટેચ્યુ ઓફ યુનિટીના પ્રવાસીઓની સુવિધા માટે કેવડીયા રેલ્વે સ્ટેશનનું નિર્માણ કરવામાં આવ્યું છે, જે 5 કિમીના અંતરે આવેલું છે.

Prabhat Stationery

Page no. 104
Date : / /

અહીં સરદાર સરોવર ડેમની નજરો અવિયાનો પણ માણી મળે છે. સરદાર સરોવર (163 મિટર) એ ભારતનો બીજી સૌથી ઊંચી બનાવવામાં આવેલો ડેમ છે. સરદાર ડેમની સર્વોચ્ચ સપાટી 138.68 મિટર (455 ફૂટ) છે.

જો તો સ્ટેચ્યુની મુલાકાતે ગયા હોય અને સમય હોય તો સાથે શૂળપાણેશ્વર મંદિરની મુલાકાત પણ લઈ શકો છો. એમ કહેવાય છે કે સરદાર સરોવર ડેમને કારણે મૂળ શૂળપાણેશ્વર મંદિર પાણીમાં ડૂબી ગયું છે. પરંતુ રાજપીપળા નજીક નવા શૂળપાણેશ્વર મંદિરનું નિર્માણ કરાયું છે. શિવ ભગવાને તેમના ભાલ (કપાળ) પર શૂળ કે ત્રિશૂળ ધારણ કર્યું હોય એવી પ્રતિમાને કારણે તેને શૂળપાણેશ્વર નામ આપવામાં આવ્યું છે. આ મંદિરની મુલાકાત લઈ ભગવાન શિવ ના દર્શન કરવાનો લ્હાવો પણ લેવા જેવો ખરો.

"સરદાર પટેલનું જીવન દેશની એકતા અને અખંડિતતાનું પ્રેરણાસ્ત્રોત છે."

Prabhat Stationery

Page no. 105
Date : / /

# ભારતના એકીકરણના શિલ્પી - સરદાર વલ્લભભાઈ પટેલ

વસાવા રોશનીબેન એચ
રોલ નં : 09

ભારત વિવિધતા ધરાવતો વિશાળ દેશ છે. અહીં અનેક ધર્મો, ભાષાઓ, જાતિઓ, સંસ્કૃતિઓ અને પરંપરાઓ જોવા મળે છે. ભારતની આ વિવિધતામાં એકતા જાળવી રાખવી એ હંમેશા એક મોટો પડકાર રહ્યો છે. ભારતને સ્વતંત્રતા મળી ત્યારે દેશ સામે સૌથી મોટો પ્રશ્ન દેશના એકીકરણનો હતો. આવા મુશ્કેલ સમયમાં જે મહાન નેતાએ પોતાની બુદ્ધિ, હિંમત, દૃઢતા અને રાજકીય કુનેહથી ભારતને એકતાના તાંતણે બાંધ્યું, તેઓ હતા "સરદાર વલ્લભભાઈ પટેલ. તેથી તેમને યોગ્ય રીતે "ભારતના એકીકરણના શિલ્પી" અને "લોખંડી પુરુષ" તરીકે ઓળખવામાં આવે છે.

સરદાર વલ્લભભાઈ પટેલનો જન્મ 31 ઓક્ટોબર, 1875 ના રોજ ગુજરાતના નડિયાદમાં થયો હતો. તેમના પિતા ઝવેરભાઈ અને માતા લાડબાઈ હતાં. બાળપણથી જ વલ્લભભાઈ ખૂબ જ મહેનતુ, હિંમતવાન અને સ્વાભિમાની હતા. તેમણે કાયદાનો અભ્યાસ કર્યો અને સફળ વકીલ બન્યા. પરંતુ મહાત્મા ગાંધીના વિચારો અને દેશની પરિસ્થિતિથી પ્રેરાઈને તેમણે પોતાનું જીવન દેશસેવામાં સમર્પિત કર્યું. ખેડા સત્યાગ્રહ અને બારડોલી સત્યાગ્રહમાં તેમણે ખેડૂતોનું સફળ નેતૃત્વ કર્યું. બારડોલીના સત્યાગ્રહ પછી તેમને લોકો પ્રેમથી "સરદાર" કહેવા લાગ્યા

Prabhat Stationery

ભારતને 15 ઓગસ્ટ 1947 ના રોજ સ્વતંત્રતા મળી ત્યારે દેશની પરિસ્થિતિ ખૂબ જ જટિલ હતી. બ્રિટિશ શાસન હેઠળના પ્રદેશો ઉપરાંત ભારતમાં અનેક દેશી રજવાડાં હતાં. બ્રિટિશ સત્તા સમાપ્ત થતાં આ રજવાડાંઓ સામે ભારત કે પાકિસ્તાન સાથે જોડાવાનો અથવા અલગ રહેવાનો પ્રશ્ન ઊભો થયો હતો. જો આ રજવાડાં અલગ-અલગ રહેતાં, તો ભારત અનેક નાના રાજ્યોમાં વહેંચાઈ જવાની શક્યતા હતી. આ પરિસ્થિતિમાં દેશની એકતા જાળવવાની જવાબદારી સરદાર પટેલના ખભા પર આવી.

સરદાર પટેલ સ્વતંત્ર ભારતના પ્રથમ નાયબ વડાપ્રધાન અને ગૃહમંત્રી બન્યા. તેમણે દેશી રજવાડાંઓના એકીકરણ માટે રાજ્ય વિભાગની જવાબદારી સંભાળી. વી.પી. મેનન તેમના મહત્વપૂર્ણ સહયોગી હતા. બંનેએ રાજાઓ સાથે સમજદારી, ચર્ચા, વિશ્વાસ અને રાજદ્વારી કુનેહથી કામ લીધું. મોટા ભાગના રજવાડાંઓને ભારત સાથે જોડાવા માટે સમજાવવામાં સફળતા મળી. આ કાર્યમાં સરદાર પટેલની દૃઢતા સાથે તેમની વ્યવહાર-કુશળતા પણ ખૂબ મહત્વપૂર્ણ હતી.

સરદાર પટેલનું સમગ્ર જીવન આપણને દેશપ્રેમ, એકતા, દૃઢતા, શિસ્ત, હિંમત અને કર્તવ્યનિષ્ઠા-નો સંદેશ આપે છે. તેમણે વ્યક્તિગત સ્વાર્થ કરતાં દેશહિતને હંમેશા પ્રાધાન્ય આપ્યું. તેમની નેતૃત્વ શક્તિ અને નિર્ણય લેવાની ક્ષમતા મુશ્કેલ પરિસ્થિતિમાં પણ અડગ રહી. તેમણે બતાવ્યું કે સાચી દૃઢતા અને સમજદારીથી મોટા કરતાં મોટા પડકારોનો સામનો કરી શકાય છે.

Prabhat Stationery

Scanned with CamScanner

# આજના યુવાનો માટે સરદાર પટેલની પ્રેરણા

નામ :- પટેલ આરિસ પી.
રોલનં. :- 54

ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામના મહાન નેતા અને ભારતના લોખંડી પુરુષ તરીકે ઓળખાતા સરદાર વલ્લભભાઈ પટેલનું જીવન આજે પણ સમગ્ર દેશ માટે પ્રેરણારૂપ છે. તેમણે પોતાના જીવનમાં દેશની એકતા, અખંડિતતા, શિસ્ત, હિંમત અને કર્તવ્યનિષ્ઠાને સર્વોચ્ચ સ્થાન આપ્યું હતું. આજના યુવાનો જો સરદાર પટેલના વિચારો અને જીવનમૂલ્યોને પોતાના જીવનમાં ઉતારે તો દેશના વિકાસમાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપી શકે છે.

સરદાર પટેલનું સૌથી મોટું યોગદાન ભારતની એકતા મજબવવાનું હતું. સ્વતંત્રતા પછી તેમણે અનેક રજવાડાના ભારત સાથે જોડીને દેશને એકતાના સૂત્રમાં બાંધ્યો. આ કાર્ય તેમની દૃઢ શક્તિ, સમજદારી અને નેતૃત્વ ઉત્તમ ઉદાહરણ છે. આજના યુવાનો તેમની પાસેથી શીખી શકે છે, કે વ્યક્તિગત મતભેદો કરતા દેશની એકતા અને હિત વધારે મહત્વના છે.

સરદાર પટેલ ખૂબજ શિસ્તબદ્ધ અને કર્તવ્યનિષ્ઠ હતા. તેમણે મુશ્કેલ પરિસ્થિતિઓમાં પણ હિંમત ગુમાવી ન હતી. આજના યુવાનો સામે શિક્ષણ, કારકિર્દી, સ્પર્ધા અને ટેકનોલોજીના અનેક પડકારો છે. આવા સમયમાં નિષ્ફળતાથી નિરાશ થવાને બદલે ધીરજ રાખીને સતત પ્રયત્ન કરતા રહેવાની પ્રેરણા સરદાર પટેલના જીવનમાંથી મળે છે.

તેમનું જીવન સાદગીનું પણ ઉત્તમ ઉદાહરણ હતું. તેઓ સત્તા કે પ્રસિદ્ધિ પાછળ નહોતા દોડ્યા, પરંતુ દેશસેવાને જીવનનું ધ્યેય બનાવ્યું. આજના યુવાનો જો મોબાઇલ અને સોશિયલ મીડિયાના અતિરેકથી દૂર રહીને સમયનો સદુપયોગ કરે, અભ્યાસ કરે અને સમાજ માટે કંઈક સારું કરવાનો સંકલ્પ લે, તો તેઓ દેશના જવાબદાર નાગરિક બની શકે.

સરદાર પટેલનું નેતૃત્વ પણ યુવાનો માટે ખૂબ મહત્વનું છે. એક સારા નેતામાં નિર્ણય લેવાની ક્ષમતા, જવાબદારી, આત્મવિશ્વાસ અને સૌને સાથે લઈને ચાલવાની ભાવના હોવી જોઈએ. સરદાર પટેલે પોતાના કાર્ય દ્વારા આ ગુણોનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે.

આજના યુવાનો ભારતનું ભવિષ્ય છે. જો તેઓ સરદાર પટેલની જેમ દેશપ્રેમ, એકતા, શિસ્ત, મહેનત અને નિષ્ઠાને જીવનમાં અપનાવે, તો ભારતને વધુ મજબૂત અને એકતાભર્યું વિકસિત રાષ્ટ્ર બનાવી શકાય. સરદાર પટેલની પ્રેરણા આપણને શીખવે છે કે મજબૂત ઇચ્છા શક્તિ, એકતા અને સતત પ્રયત્નશીલ અશક્ય લાગતું કાર્ય પણ શક્ય બની શકે છે.

અંતમાં કહી શકાય કે સરદાર પટેલ માત્ર ઇતિહાસના મહાન નેતા નથી, પરંતુ આજના યુવાનો માટે પણ જીવંત પ્રેરણાસ્ત્રોત છે. તેમના વિચારોને જીવનમાં ઉતારીને યુવાનો પોતાનું ભવિષ્ય ઉજ્જવળ બનાવી શકે અને દેશના વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છે.

"એકતા, શિસ્ત અને દેશસેવા – આજ સરદાર પટેલના જીવનની સાચી પ્રેરણા છે."